॥ હરિ:ૐ ॥

# શ્રીમોટાવાણી

## ૩-૪



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

પૂજ્ય શ્રીમોટા હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૩

## ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રવચન

કુંભકોણમ્

જુલાઈ ૨૧, ૧૯૬૮


સંપાદક :

**શ્રી રજનીભાઈ બર્માવાળા**



**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૧૦૮

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઇનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઇપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રૅકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

આ પુસ્તક બને તેટલી ઓછી કિંમતે સ્વજનોને આ કાળઝાળ મોંઘવારીમાં પ્રાપ્ય થાય, તે હેતુથી બને તેટલી સાદગીથી છાપકામ કર્યું છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક
**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

## સ્વ. શ્રી ચંદુભાઈ મુખી (અસારવા)ને
# સસ્નેહ-સમર્પણાંજલિ

**જન્મ : ૫-૮-૧૯૦૭** **દેહવિલય : ૨૮-૧૦-૧૯૯૨**

અસારવામાં હરિઃૐ દાદા તરીકે જાણીતા સ્વ. શ્રી ચંદુભાઈ પૂ. શ્રીમોટાના એવા એક સ્વજન હતા કે શ્રીમોટાએ તેમને રાધા-કૃષ્ણનાં દર્શન કરાવ્યાં હતાં અને શ્રી ચંદુભાઈ પૂ. શ્રીમોટાને પોતાના કૃષ્ણ માનતા.

**મોટા** કોણ છે તે જાણવા તેમણે જાનની પણ પરવા ન કરી હતી. નારાયણઘાટથી સાબરમતી નદીમાં ઘોડાપૂર હોવા છતાં ચાલતાં પૂ. શ્રીમોટાને મળવા નીકળ્યા અને જ્યાં છાતી સમાણાં પાણી આવતાં તેમના પગ નીચે કોઈ હાથ ડગલે ડગલે તેમને ઊંચકતો ગયો ને એ રીતે સામે કિનારે સાબરમતી આશ્રમે પહોંચ્યા. ત્યાં **મોટા** તેમને સત્કારવા સામે જ ઊભા હતા. શ્રી ચંદુભાઈ પૂ. શ્રીમોટાને 'મારા કૃષ્ણ' કહીને ભેટી પડ્યા.

ગુરુઆજ્ઞાનું પાલન કરનાર શ્રી ચંદુભાઈ પૂ. મોટાના આદેશ અનુસાર ગુરુશિખર (આબુ) પાછળ ગુફામાં ૨૫ દિવસ નગ્ન અવસ્થામાં રહ્યા હતા.

પૂ. શ્રીમોટાએ આપેલ હરિઃૐ મંત્રના સતત રટણથી ઓડ-પિરાણ મુકામે ખેતરમાં કાળોતરો-ઝેરી સાપ તેમના પર ચઢેલો અને ડંખેલો તેનું ઝેર પણ સ્થગિત થઈ ગયેલું.

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રેકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરેકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઈંદ્રવદન શૅરદલાલ (ઈંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ
થનાર સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી પ્રતીકભાઈ ભૂપેન્દ્રભાઈ પટેલ**
તથા
**શ્રીમતી સોનાબહેન ભૂપેન્દ્રભાઈ પટેલને**
'શ્રીમોટાવાણી ૩-૪' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રીમોટા આવા હતા

(૧)

એકવાર સંધ્યાકાળ વેળાએ **મોટા**એ મને એમ કહ્યું કે ઇંદુકાકા, તારા સ્કૂટર પર ભૂમેલ જવું છે. મગનના છોકરાંઓને દારૂખાનું આપવું છે. મને (મનમાં) થયું કે અત્યારે જીવડાં ખૂબ ઊડતાં હશે ને **મોટા** શરીરે ખુલ્લા છે તો જીવડાં બહુ કરડશે. **મોટા**ને મેં કહ્યું કે તમો એક ચાદર શરીરે લપેટો જેથી જીવડાં હેરાન ના કરે. અમે આશ્રમેથી ભૂમેલ જવા નીકળ્યા. ઉત્તરસંડા વટાવ્યા પછી **મોટા**એ મને કહ્યું કે ઇંદુકાકા, સ્કૂટર ઊભું રાખ. પછી એક ઝાડ નીચે **મોટા** ઉભડક બેસી ગયા અને દારૂખાનાના બે ભાગ કર્યાં.

મેં કહ્યું **મોટા,** મગન તો આશ્રમમાં આવતો નથી. **મોટા** કહે કે તે એકવાર આશ્રમની કૂઈને ગાળવાનું કરતો, બાવળના કોલસા પાડતો. ''આપણું એક નાનું કામ પણ કોઈએ કર્યું હોય તેને આપણે ભૂલવો જોઈએ નહિ.'' તે મગનને બે છોકરા. તે બન્ને લડે નહિ એટલા માટે ભાગ કરી લીધા અને તેની ઓરડીમાં જઈ **મોટા**એ બન્ને છોકરાંઓને દારૂખાનું આપ્યું.

આ હકીકત ખ્યાલમાં રાખી અમારો એ પ્રયત્ન છે કે **મોટા**ની અંગત સેવા જેઓએ કરી હોય, અથવા આશ્રમની પરોક્ષ કે અપરોક્ષ સેવા કરી હોય ને જે કંઈ યાદ આવી શકે તેમ હોય તેવાં બધાંની યાદ તાજી થાય.

(૨)

શ્રી ચંદુભાઈનાં પત્નીએ તેમના ગાંડા પુત્રને શ્રીચરણમાં લઈ લેવા માટે શ્રીમોટાને કહ્યું તો સમય પ્રમાણે તેમ બન્યું હતું.

શ્રી ચંદુભાઈની કપરી પરિસ્થિતિના સમયે પૂ. શ્રીમોટાએ કહેલું કે આજે હું આપવા બેઠો છું. માગવા હોય તેટલા પૈસા માગ, પણ તેમણે તો ''**મોટા**''! મને ભગવાનનાં દર્શન કરાવો તેટલું જ માંગ્યું.

આવા અનેક ગેબી અનુભવો મેળવનાર શ્રી ચંદુભાઈએ પૂ. શ્રીમોટાનું અનોખું વાત્સલ્ય અને સ્નેહ અનુભવ્યા છે. તેઓ કપરા સંજોગોમાં પણ કદી નિરાશ થયા નથી, પણ હંમેશાં આનંદ અને મસ્તીમાં મસ્ત રહેતા.

તેમને પૂ. શ્રીમોટા પર અડગ વિશ્વાસ અને શ્રદ્ધા હતાં. હરિઃૐ આશ્રમો પ્રત્યે પણ તેમને ઘણો પ્રેમ હતો. આવા ભક્તહૃદયના શ્રી ચંદુભાઈની પવિત્ર સ્મૃતિમાં આ પુસ્તિકા તેમને સમર્પિત કરતાં કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

**યશવંત એ. પટેલ**
**ઈંદ્રવદન શૅરદલાલ**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. ધાર્મિક ભાવનાની વિશેષતા દક્ષિણ ભારતમાં છે........ ૧૧
૨. હરિયાળી રમણીયતાનો પ્રદેશ દક્ષિણ ભારતમાં છે...... ૧૨
૩. કુંભકોણમ્‌માં આશ્રમની સ્થાપના ...................... ૧૨
૪. એકાંત જળાશય નજીક આશ્રમ સ્થાપવાનું રહસ્ય....... ૧૩
૫. વેદાકળમાં ગુરુની પ્રથા ન હતી....................... ૧૪
૬. મૂર્તિપૂજાનો ઉદ્‌ભવ—ભાવનાનું પતન અટકાવવા........ ૧૫
૭. સકળ બ્રહ્માંડ માત્ર અણુપરમાણુનો ખેલ છે ........... ૧૬
૮. વેદકાળના ઋષિમુનિઓના જીવનમાં ચેતનનું જ મહત્ત્વ... ૧૭
૯. ગુરુપ્રથાનો ઉદ્‌ભવ –
જીવનની ભાવનાનું પતન અટકાવવા ................. ૧૮
૧૦. મહાદેવના મંદિરમાં પોઠિયો—કાચબાનું રહસ્ય .......... ૧૯
૧૧. ચેતનાનિષ્ઠ નિરિચ્છ છે .............................. ૧૯
૧૨. શરીરધારી ચેતનાનિષ્ઠ ભગવાન નથી................. ૨૦
૧૩. ચેતનાનિષ્ઠ શરીરધારી અને
બ્રહ્મ—ભગવાન વચ્ચેનો ફરક ........................ ૨૧
૧૪. ચેતનાનિષ્ઠ અનુભવીનું મુખ્ય કર્તવ્ય અને
ઓળખનાં લક્ષણો .................................. ૨૨
૧૫. ચેતનાનિષ્ઠ જડમાં ચેતન પ્રગટાવી શકે ............... ૨૩
૧૫. ચેતનાનિષ્ઠ સ્થળાતીત છે, કાળાતીત છે............... ૨૪
૧૭. **મોટા**નો અને આશ્રમનો પ્રચાર મૌનાર્થી-સ્વજનો કરે છે... ૨૫
૧૮. **મોટા**નું મુખ્ય કર્તવ્ય પૈસા ભેગા કરવાનું નથી ......... ૨૬
૧૯. ધર્મનાં લક્ષણ-સમાજમાં ગુણ અને ભાવનાનું પ્રાગટ્ય ... ૨૮
૨૦. પુનર્જન્મની સાબિતી ................................. ૨૮
૨૦. ઉત્તમ દાન—સમાજમાં ગુણ અને ભાવના પ્રગટાવે તે.. ૨૯
૨૧. ચેતનાનિષ્ઠની ભક્તિભાવભરી સોબત જીવન-ઉદ્ધારક છે. ૩૦
૨૨. ચેતનાનિષ્ઠની ઓથ જબરજસ્ત શક્તિદાયક છે.......... ૩૨
૨૩. ચેતનાનિષ્ઠનો સંબંધ નિમિત્ત આધારિત છે ............ ૩૩
૨૪. નિમિત્તમાં ચેતનાનિષ્ઠની શક્તિ ભગવાનનું કામ કરે છે ... ૩૪

૨૫. ચેતનાનિષ્ઠને સંબંધ નિમિત્ત સંજોગે થાય છે............ ૩૫
૨૬. ધર્મનો ઉદય દક્ષિણ ભારતમાંથી થશે .................. ૩૬
૨૭. અંધાધૂંધીનો કાળ આવવાનો છે ....................... ૩૭
૨૮. અંધાધૂંધીમાં ટકવાનો સહારો માત્ર ભગવાન છે......... ૩૯
૨૯. સમાજના પતનનું કારણ—પૈસાને મહત્ત્વ .............. ૪૦
૩૦. ભગવાનના પ્રતિનિધિઓ—મહાત્માઓની સોબત કેળવો .. ૪૦
૩૧. ભગવાનનું સગુણ ને નિર્ગુણ સ્વરૂપ................... ૪૨
૩૨. ભગવાન શંકરનું પ્રતીકાત્મક રહસ્ય ................... ૪૩
૩૩. ચેતનાનિષ્ઠમાં વિરોધાભાસનો સુમેળ હોય.............. ૪૪
૩૪. સ્વવિકાસનો પાયો—ગુરુમાં તાદાત્મ્ય .................. ૪૫
૩૫. **મોટા,** તમારા કુટુંબમાંના એક છે ...................... ૪૬
૩૬. **મોટા**નું કર્તવ્ય—ભગવાનની ભાવનાનું બીજારોપણ ..... ૪૭
૩૭. ચેતનાનિષ્ઠની ઋણ અદા કરવાની રીત................ ૪૮
૩૮. ચેતનાનિષ્ઠમાં ચાર પ્રકારના પરમહંસ ................. ૪૮
૩૯. **મોટા**, પેઢીના હિતેચ્છુ છે ............................ ૫૦
૪૦. **મોટા**ના મેળાપથી ભગવાનની ભાવનાનું બીજ રોપાય .. ૫૦

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# તા. ૨૧-૭-૧૯૬૮ના રોજ કુંભકોણમ્‌માં ગુરુપૂર્ણિમા દિન ઉત્સવ પ્રસંગે પૂ. શ્રીમોટાએ કરેલું પ્રવચન

## ધાર્મિક ભાવનાની વિશેષતા દક્ષિણ ભારતમાં છે

... ... ત્યારથી મને આ દેશ જાણે કે મારું ઘર હોય એવો લાગેલો છે. ત્યારે મેં ભાઈ નંદલાલને કહ્યું કે આ દેશમાં ઘણી ભાવના છે. ત્યારે એમને ગળે વાત નહિ ઊતરેલી. પછી જેમ જેમ એમને સમજણ અનુભવના પ્રદેશની લાગવા માંડી, ત્યારે એમને લાગેલું કે **મોટા**ની વાત સાચી છે કે આ દક્ષિણના લોકો ઉત્તર હિંદુસ્તાન કરતાં આપણા ગુજરાતના કરતાં અહીં લોકો ભાવનાવાળા વિશેષ છે. અને ધર્મ જેને કહીએ તે ધર્મનું બીજ અહીંયાં વિશેષ છે.

અહીંથી આપણા દેશમાં, આપણા સમાજમાં ધર્મનો ઉદય જ્યારે થવાનો હશે ત્યારે પણ દક્ષિણમાંથી જ થવાનો છે. હિંદુસ્તાનના એકેએક સંપ્રદાય લો. ધર્મના સંપ્રદાયો, એ સંપ્રદાયના આચાર્યો દક્ષિણમાંથી જ પાકેલા છે. ઈતિહાસની વાત છે આ.

આ દક્ષિણને જેટલું મહત્ત્વ આપણા હાલના પણ દેશની સરકાર કે વગેરે આપશે તો આખા હિંદુસ્તાન દેશનું એમાં કલ્યાણ સમાયેલું છે. પરંતુ એને જાળવવો પણ એટલો જ અઘરો છે. અહીં દક્ષિણ હિંદુસ્તાનમાં જેટલી ગરીબાઈ છે એટલી બીજે નથી. એટલે એ પક્ષને, ગરીબ વર્ગ, નીચલો વર્ગ છે એને જો આપણે આ કાળની અંદર નહિ સાચવી શકીએ તો ઘણાં ભયંકર પરિણામો પણ આવવાની શક્યતા છે.

## હરિયાળી રમણીયતાનો પ્રદેશ દક્ષિણ ભારત છે

ત્યારે આ પ્રદેશ એક તો રળિયામણો, કુદરતની નૈસર્ગિક, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય નદીઓથી ભરપૂર, ખેતીવાડી પણ ઘણી સારી થઈ શકે. દક્ષિણ ભારતમાં જેટલો ચોખો પાકે છે એટલો બીજે ક્યાંય પાકતો નથી. આમ તો બીજે છે, બંગાળ વગેરે પ્રદેશો. ત્યાં પણ વધારે પાકે છે, પણ દક્ષિણ ભારત જેટલો ક્યાંય નહિ. એટલે ''**શશ્ય શ્યામલામ્ માતરમ્**'' એ જે અસલના કવિએ ગાયું છે, તે દક્ષિણ ભારતને વિશેષ લાગુ પડે છે. બંગાળમાં જોકે છે હરિયાળી બધી લીલોતરી દેખાય પણ તેના કરતાંય વધારે રળિયામણો દેશ આપણો દક્ષિણ ભારત છે.

## કુંભકોણમ્‌માં આશ્રમની સ્થાપના

ત્યારે ભગવાનની કૃપાથી આ દેશમાં મારે આવવાનું જે બન્યું એમાં પણ કોઈ ને કોઈ હેતુ જ રહેલો છે. કોઈ હેતુ વિનાનું કાંઈ પણ કશું કાર્ય હોઈ શકતું નથી. એટલે અહીં જ્યારે આવવાનું બન્યું ત્યારે મને બહુ ગમ્યું. અને ત્યારથી મને વિચાર થયો કે એક આશ્રમ હોય તો આ સાધનાને માટે અનુકૂળતા થઈ શકે. તે એવો આશ્રમ કાઢવો ને ભગવાનની કૃપાથી એ થાય તો સારું, કારણ કે મારી પાસે તો પૈસા ન હતા. આમેય આર્થિક સ્થિતિ તો મારાં કુટુંબની ઘણી ગરીબાઈવાળી, પુષ્કળ ગરીબાઈવાળી અને તેમાંય તો વીસ વર્ષ દેશની સેવામાં ગાળ્યાં. ત્યારે અમને પગાર કાંઈ ઝાઝો મળતો ન હતો. માત્ર પિસ્તાળીસ જ રૂપિયા મળતા હતા.

પણ પછીથી ભગવાનની કૃપાથી આશ્રમને માટે ઠીક ઠીક રકમ એકઠી થઈ. લગભગ નેવું હજાર સુધી કહી શકાય એવી પણ ત્યારે મને લાગ્યું કે મને મારા ભગવાનનો હુકમ મળ્યો નથી. એટલે તે બધી રકમ પાછી આપી દીધી. પછી જ્યારે ૧૯૫૦ની સાલમાં હું અહીંયાં હતો અથવા તો '૫૦ કે '૪૯ '૫૦ની સાલમાં હરિનો જન્મ થયેલો છે.

'૪૯માં. ત્યારે મામાને (શ્રી હસમુખભાઈના પિતાશ્રી ગોપાળદાસભાઈ. જેઓ શ્રી નંદુભાઈના મામા થાય) મેં કહ્યું કે મારે આ બાજુ એક આશ્રમ કાઢવો છે ને કોઈ સારી જગા આપણે ખોળીએ. બહુ મહેનત કરેલી. મામા ને અમે બધે ઠેકાણે ઠેકાણે કુંભકોણમ્ ને આગળ પાછળ ઘણું રખડેલા અને ઘણી જગાઓ જોઈ અને એમનું કામકાજ છોડીને પણ મામા અમારી સાથે અહીં રહ્યા ને બહુ ફર્યા અમે. પછી છેવટે હાલ જ્યાં આશ્રમ છે, એ જગા મને ગમી ગઈ કે આ જગા મને સારી ગમે છે.

હવે એક વાત હું કહું કે જે આપણી કલ્પનામાં કે માન્યામાં ન આવે. હાલ જે સમાધિ છે. એ સમાધિ એ સંતની consciousnessનો પણ મને અનુભવ થયેલો ને ત્યારે ભાઈ હસમુખભાઈને વાત કરેલી. અને એ ચેતનાનો સંપૂર્ણ અનુભવ એમને નહિ થયેલો. એની પણ જાણ પડેલી. ત્યારે મેં કહ્યું આ જગા બહુ ઉત્તમ છે. ને આ જગા આપણે લેવી. અને એ જગા લેવાને માટે થોડા વધારે પૈસા પણ આપણે આપવા પડેલા.

## એકાંત, જળાશય નજીક આશ્રમ સ્થાપવાનું રહસ્ય

અસલના વખતમાં સાધુપુરુષોના આવા આશ્રમો હતા, તે પણ જળાશયને કિનારે જ. એનું એક મોટું રહસ્ય તો એ છે કે આપણા વાતાવરણની અંદર અનેક પ્રકારના ઉગ્ર વિચારોનાં આંદોલનો હોય છે. આજે આપણે અહીં બેઠાં છીએ. આ ઓરડાની અંદર પણ કેટલાય બધા દેશોના શબ્દો છે. અહીં આગળ. ઈંગ્લૅન્ડના છે. ચાઈનાના છે. જાપાન છે. ચીન છે. ઈંગ્લૅન્ડ છે. અમેરિકા છે. રશિયા છે. જર્મની છે. ફ્રાંસ, હિંદુસ્તાનના એકે એક જ્યાં જ્યાં રેડિયો છે તે તે ઠેકાણેના શબ્દો આ ઓરડાની અંદર છે. એ તો આજે વિજ્ઞાને સાબિત કર્યું છે.

એક કાળ એવો આવશે કે ત્યારે એ પણ આપણા લોકો માનતા થશે કે ભઈ જેમ શબ્દનાં મોજાંઓ છે, એવી રીતે આ વિચારનાં પણ

મોજાંઓ છે અને એ વિચારનાં મોજાંઓ જેમ શહેર લોકો વધારે વસ્તી ત્યાં જુદાજુદા પ્રકારના, અનેક પ્રકારનાં, આડાં, અવળાં, ઊભાં, વિરોધવાળાં એ વિચારનાં મોજાંઓ છે અને એ વિચારનાં મોજાંઓ પણ આપણને સ્પર્શે છે. જેવી વખતે જેવો જેવો પ્રકારનો આપણો mood હોય, ભૂમિકા હોય તે પ્રકારના વિચારનાં આંદોલનો આપણને સ્પર્શતાં હોય છે. આ વાતાવરણમાંથી. પણ એનું મૂળ આપણામાં રહેલું છે. એ આંદોલનો જરૂર આપણને સ્પર્શે છે. એટલે જેટલો એકાંતમાં, દૂરમાં દૂર આશ્રમ હોય અને પાસે જળાશય જુઓ તો ખાસ ગમે.

અસલના વખતમાં જુઓ તો આશ્રમોનું વર્ણન વાંચો તો જળાશયને બહુ મહત્ત્વ આપેલું છે. તે એટલા માટે છે કે જળતત્ત્વ એવું છે કે આ બધાં મોજાંઓને ઠંડક આપે છે. એમની ઉગ્રતાને હરણ કરનારું છે. એટલું જ નહિ પણ આપણને પોતાને પણ એમાંથી આનંદ પ્રાપ્ત થાય છે. જળ ઉપયોગી છે. આપણને-સંસારને-મનુષ્યોને, જળચર-પ્રાણીઓને, પશુ-પક્ષીને પૃથ્વી પર જે કાંઈ છે. જડ-ચેતન બધાંને જ પાણીનો બહુ ઉપયોગ છે. અને મોટામાં મોટું વધારેમાં વધારે લાભકારક તો એ છે કે આવા જે વિચારનાં ઉગ્ર આંદોલનો હોય છે એને જળતત્ત્વ મોળાં પાડે છે. એ એક એનો મોટામાં મોટો ફાયદો છે. એટલા જ કારણે આશ્રમો પાસે જળાશય હોવાં જ જોઈએ. એ અસલના વખતથી એક રૂઢિ પ્રચાર થઈ ગયેલો. મારા ગુજરતમાં પણ જ્યાં જ્યાં આશ્રમો છે ત્યાં બધે જ નદી. નડિયાદમાં, સુરતમાં એકદમ નદી કિનારે છે. અહીં પણ ભગવાનની કૃપાથી આપણને એવો આશ્રમ મળી ગયેલો.

## વેદકાળમાં ગુરુની પ્રથા ન હતી

હવે આ ગુરુની પ્રથાને રિવાજને આપણે વિચારીએ તો અસલના વેદકાળના વખતમાં ગુરુ નથી. ગુરુની પરંપરા ન હતી. તેથી કરીને ઋષિમુનિઓ ન હતા એમ નહિ. ઋષિઓનું અસ્તિત્વ હતું. મોટાં મોટાં ગુરુકુળો પણ ત્યારે હતાં. ઋષિમુનિઓ પાસે ભણવા તે જતા

ખરા. અને એ પણ સંસ્કૃતિમાં હતું કે જેને જેની પાસેથી ભણવું છે, એ ભણનારા પરત્વે જો આદર ને નમ્રતા આપણામાં ન પ્રગટ્યાં હોય તો વિદ્યાનું હૃદય આપણામાં પ્રગટતું નથી. એટલે આપણે જો વિદ્યા શીખવી હોય, વિદ્યા શીખવાની ગરજ હોય તો જેની પાસેથી શીખવી છે, તેના પરત્વે આપણને આદર, સદ્‌ભાવ, નમ્રતા પ્રગટેલાં હોય તો તેની પાસેથી આપણે વધારે શીખી શકીએ.

સંસારવહેવારમાં પણ કોઈને ત્યાં આપણે જો શીખવા રહ્યા હોઈએ ત્યાં જો ઉચ્છૃંખલતાથી જો એની સાથે વર્તીએ, બેતમાથી વર્તીએ, બેપરવાઈથી વર્તીએ, એની સામે બળવો પોકારીએ તો એની પાસેથી કાંઈ આપણને શીખવાનું નહિ મળે. અરે! નોકરી માત્ર જો કરવી હોય તોપણ એની સાથે જો આપણો પ્રેમનો સંબંધ પ્રગટે નહિ, એની સાથે આપણો જો સદ્‌ભાવભર્યો મેળ ન હોય, સુમેળ ન હોય તોપણ ત્યાં કશો પત્તો ખાય નહિ. તમે આગળ ન વધી શકો.

## મૂર્તિપૂજાનો ઉદ્‌ભવ—ભાવનાનું પતન અટકાવવા

ત્યારે આપણા ઋષિમુનિઓએ જોયું કે જેમ જેમ ભાવનાનું પતન થતું જાય તેમ તેમ એ ભાવના આપણામાં જગાડવા માટેનું એ જે Medium સાધન એ સાધન ધીરે ધીરે કરીને સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું જાય છે. આજે મૂર્તિપૂજા એટલા જ માટે. અસલના વખતમાં કાંઈ મૂર્તિપૂજા હતી નહિ, પણ સમાજનું—સમાજની ભાવનાનું જેમ પતન થતું ગયું તેમ સમાજને જીવતો રાખવા સમાજની ભાવનાને કૂળી કૂળી રાખવાને માટે કોઈ સાધન જોઈએ. એટલે ત્યાર પછી આ મૂર્તિનું સાધન થયું.

એવી જ રીતે વેદકાળ અથવા તો Pre-Vedic Timesમાં આપમેળે ભાવનાનું પ્રચંડ મોજું હતું અને પોતાના જીવનનું—જીવનનો હેતુ ઘણા ખરા લોકો સમજતા હતા. જીવન શેને માટે મળેલું છે. અને એને માટેની લોકોને ઉત્સુકતા પણ વિશેષ હતી.

એવા આચાર્યો, ઋષિમુનિઓ પણ વિશેષ હતા. એ લોકોએ જીવનનો સ્વીકાર કરેલો. જીવનનો સ્વીકાર કરેલો એટલે કે આ જીવન કે સંસાર મિથ્યા છે, એ જાતની ત્યારે કોઈ ભાવનાનું અસ્તિત્વ ન હતું. એ લોકોએ જીવનનો સ્વીકાર કરેલો હતો.

તે પછીના ગાળામાં એટલે કે શંકરાચાર્યના ગાળાની અંદર આ જગત મિથ્યાનો ખ્યાલ આપણા સમાજમાં પ્રગટ્યો, પણ તે પણ શંકરાચાર્ય તો Relatively હતું. ચેતનની અપેક્ષાએ આ જગત મિથ્યા છે. આ સર્વ જગત જે દેખાય છે તેવું નથી. એ તો માત્ર દૃશ્યમાન છે એવું, પણ એની પાછળનું રહસ્ય તો જુદું છે.

## સકળ બ્રહ્માંડ માત્ર અણુપરમાણુનો ખેલ છે

દા. ત., જે કાંઈ જુઓ છો તે બધું અણુપરમાણુનું જ બનેલું છે. આ બધો ખેલ અણુપરમાણુના Ratioનો જ છે. દા.ત., પારો અને સોનું લઈએ તો એમાં Ratioનો જરા ફરક થઈ જાય તો સોનું થઈ જાય પારામાંથી અને સોનાના અણુઓમાંથી થોડાક અણુઓ બાદ કરીએ તો પારો થઈ જાય. ત્યારે આ અણુપરમાણુનો જે Ratio છે તે દરેકનો Ratio જુદો જુદો છે. એટલે જુદું સ્વરૂપ દેખાય છે. છે તો માત્ર અણુનું. ત્યારે અણુ-પરમાણુનો આ ખેલ છે અને અણુપરમાણુમાં જોઈએ તો અનંત શક્તિ રહેલી છે.

એટલે આપણા અનુભવી પુરુષો – ઋષિમુનિઓ કહે છે કે આ બધું જે છે તે ચેતન બ્રહ્મથી ભરેલું છે, એ કાંઈ અતિશયોક્તિની વાત કે ખોટું છે કે ભ્રમ છે કે આ લોકોએ ઠોકી બેસાડ્યું છે એવું નથી. આ જે તે કાંઈ બધું અણુપરમાણુથી ભરેલું છે અને એમાં શક્તિ રહેલી છે. આજે વિજ્ઞાને સાબિત કરી બતાવ્યું છે. એટલે આ બધું જ ચેતનથી જ ભરેલું છે અને આ ચેતનને કારણે જ આ બધો—આ બધું દૃશ્યમાન થયેલું છે.

## વેદકાળના ઋષિમુનિઓના જીવનમાં ચેતનનું જ મહત્ત્વ

એટલે અસલના ઋષિમુનિઓએ આ જગત મિથ્યા છે કે સંસાર મિથ્યા છે એવું કહેલું નથી. આપણે જો જુઓ વેદકાળના ઋષિમુનિઓ તો બધા પત્નીવાળા હતા. એમાં મોટામાં મોટા ઋષિ વસિષ્ઠ કહેવાય. એમને પણ પત્ની. ઘણા ખરા ઋષિઓને પત્ની હતી. બાળકો પણ હતાં. ત્યારે કોઈ કહેશે કે ભાઈ, ચેતનમાં નિષ્ઠા પામ્યા તો પછી બાળક કેવી રીતે થાય ? એમને તો કામવાસના હોય નહિ. એમ આપણને એક પ્રશ્ન જાગે, પણ એ એવી રીતે બાળકોની પ્રજોત્પત્તિ કરતા નહિ. કામવાસનાથી પ્રેરાઈને પ્રજોત્પત્તિ એમને થતી ન હતી.

તેમને તો એક જ માત્ર ચેતનની ભાવના કે એક પુત્ર કે પુત્રી કે ફરજંદ હોવું જોઈએ, કારણ કે આ ચેતન અનંત છે. સંસાર પણ અનંત છે અને એ આ **સંસાર ચાલવાને માટે અથવા પોતાને જે પોતાની ભાવના છે, પોતાના જીવનના જે સંસ્કાર છે એ સંસ્કાર ઝીલી શકે, એ સંસ્કાર ચાલ્યા જ કરે, એ ભાવના અખંડિત રહ્યા કરે એટલા માટે ફરજંદની આવશ્યકતા. અને જ્ઞાનપૂર્વક, હેતુપૂર્વક જ્યારે એ સંસાર ભોગવતા હોય ત્યારે પણ એમના મનમાં એ જ Predominant મહત્ત્વનો વિચાર, ભાવના, કે ચેતન ચેતનથી પ્રગટાવવું. એવી ભાવનાથી જ એ સંસારને ભોગવતા,** કારણ કે એ આપણા conceptionમાં અથવા તો આપણી બુદ્ધિની સમજણમાં કદાચ એ ન ઊતરે તો એ અસત્ય છે એમ માનવાનું કારણ નથી. ઘણી વસ્તુ આપણી બુદ્ધિમાં ઊતરતી નથી તેમ છતાં સત્ય હોઈ શકે છે. ત્યારે એ જે ઋષિમુનિઓ બધા હતા એમણે જીવનનો સ્વીકાર– આપણે પણ જીવનનો તો સ્વીકાર કરેલો છે.

## ગુરુપ્રથાનો ઉદ્‌ભવ જીવનની ભાવનાનું પતન અટકાવવા

પણ મૂળ વાત પર હું આવું કે અસલના વખતમાં આ ગુરુની પ્રથા ન હતી, પણ જેમ જેમ ભાવનાનું પતન થતું ગયું તેમ તેમ આ પ્રથા ઉદ્‌ભવી. હવે ગુરુના વિશે હું આપને કાંઈક વિસ્તૃત રીતે કહું, પણ એ કદાચ આપણા બધાંને પૂરેપૂરું સમજાય નહિ.

કેમ કે ગુરુ એટલે કે જેણે ભગવાનનો અનુભવ કર્યો છે. સગુણ અને નિર્ગુણ બન્ને પાસાંનો. કોઈકે સગુણનો કર્યો હોય. કોઈકે નિર્ગુણનો કર્યો હોય. સગુણનો કરે તે નિર્ગુણનો અનુભવ પણ પામી શકે છે અને નિર્ગુણનો અનુભવ કરે તે સગુણનો પણ અનુભવ કરે છે. શંકરાચાર્ય અદ્વૈત હતા. અદ્વૈતવાદી. સંપૂર્ણ નિર્ગુણનો અનુભવ એમણે કરેલો, પણ એવા પણ મહાપુરુષને શ્રીનગરમાં દ્વૈતનો અનુભવ થાય છે. શક્તિનો અનુભવ થાય છે અને ભક્તિના કેટલા બધા એમણે શ્લોકો અષ્ટકો લખ્યા છે.

એટલું જ નહિ પણ જે અદ્વૈતના—સંપૂર્ણ અદ્વૈતના અદ્વૈતવાદી એવા શંકરાચાર્યે પંચાયતનની સ્થાપના કરી. બદરીકેદાર એ બધાનો પુનરોદ્ધાર પણ એમણે જ કર્યો. ત્યાં તો પ્રતિમા છેને! સંપૂર્ણ અદ્વૈતના જ એ આચાર્ય. એના જેવો કોઈ વેદાંતી આજ સુધી હિંદુસ્તાનમાં પાક્યો નથી. સંપૂર્ણ નિર્ગુણના અનુભવી પણ એને નીચે અવતરણ કરવું જ પડે, કારણ કે એને Grasp એનો સ્વીકાર કોણ કરી શકે ? એણે જોયું કે આ બધાં તો આટલું બધું તો નહિ સમજી શકે. આ સમાજને સમાજની ભાવનાને પકડવાને માટે એને કોઈ સાધન આપવું જ જોઈશે. અને એ સાધન નહિ આપીએ તો પછી આ ભાવના કયા આધારે ટકશે ? સમાજની. એટલે એણે આ પંચાયતનની સ્થાપના કરી. ગણપતિજી, પાર્વતીજી, હનુમાન, શંકર ભગવાન આ બધાંની.

## મહાદેવના મંદિરમાં પોઠિયા-કાચબાનું રહસ્ય

તમે જુઓ આપણા મહાદેવના મંદિરમાં અને ત્યાં પણ જુઓ. મને આ બધા વેદાંતીઓ કહે છે તો ખરા. હું કાંઈ શાસ્ત્રો ભણ્યો નથી. તો ત્યાં પણ જીવનનો સ્વીકાર કરેલો છે એણે. કે ત્યાં પોઠિયો મૂક્યો છે. તો કહે કે હા એમ છે. તો પોઠિયો એ જીવ છે. જેમ ચોમાસું ચરેલો માતેલો સાંઢ હોય પણ જો એવી રીતે આપણે આ જીવ છે પણ જેમ પોઠિયાનું મોં ફરી ગયું ભગવાન તરફ તો એ કાચબા જેવો થઈ શકે. કાચબા જેવો એટલે જેને સંપૂર્ણ સંયમ પ્રગટ્યો છે. પોતાની ઇંદ્રિયોને કંઈક સામે આવે તો ઇંદ્રિયોને કાચબો સંકેલી લે છે. એના જેવા આપણે થઈ શકીએ. ચોમાસું ચરેલા માતેલા સાંઢ જેવા આપણે જીવ છીએ, પણ જો આપણી અભિમુખતા—આપણું મોં જો ભગવાન તરફ થઈ જાય તો આ કાચબા જેવા થઈ શકીએ. એ જ્ઞાન આપવાને માટે—એ સમજણ આપવાને માટે આપણા અનુભવીઓએ આ પ્રતીક મૂક્યું છે. મહાદેવજીમાં, પણ એનો અર્થ કોઈ સમજતા નથી ને કોઈ સમજાવતાય નથી. બહુ રહસ્યવાળી આ ઘટના છે.

## ચેતનાનિષ્ઠ નિરિચ્છ છે

ત્યારે એવી રીતે ગુરુ જે છે. એ ચેતનામાં જેને ચેતનાનો અનુભવ થયેલો છે. ઘણા લોકો કહે કે ભાઈ તમે તો બધું જાણો, પણ એને જાણો એટલે શું ? જાણો એટલે તે પહેલાં જાણવાની ઇચ્છા થાય ત્યારે જણાયને ? કાંઈ પણ કશું જાણવું હોય તે પહેલાં એને જાણવાની ઇચ્છા થવી જોઈએ. તો એને તો ઇચ્છા હોય જ નહિ. એ તો નિરિચ્છ છે. જો ઇચ્છા થાય તો એ આપણા જેવો જ સંસારી. એટલે એને કંઈ કશું જાણવાની ઇચ્છા હોતી નથી. એ તો જેમ થતું હોય તેમ થવા દે છે.

સુરતના આશ્રમમાં મેં એક લગ્ન કરાવેલાં. એક બી.એ., બી.ઍડ્. બેચલર ઑફ એડ્યુકેશન ને બી.એ. થયેલી એક બહેન ને એક ભાઈ છે તે ઍંજિનિયરિંગની લાઇનના મિકૅનિકલ ને ઇલેક્ટ્રિકલ બન્નેમાં ડિપ્લોમામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવેલા. બન્નેનાં મારા હાથે લગ્ન થયાં. એમનાં મા-બાપો મારી પાસે લાવ્યા. આની સાથે લગ્ન કરીએ. મેં કહ્યું કરો. તમારે કરવાં હોય તો. છોકરો સારો છે. ઘણાં વખતથી મારા અનુભવમાં છે. મારા આશ્રમનું બધું મફત કામ કરી આપે છે એટલા માટે કહેતો નથી, પણ એ ભઈ સારા છે. પછી લગ્ન થયાં. અઢી વર્ષ પછી કાંઈ ટંટો થઈ ગયો હશે. બે-અઢી વર્ષ થયાં. એ એકબીજાની પાસે જાય જ નહિ. છોકરાની મરજી ઘણી. છોકરો મારી પાસે આવતો. મારા આશ્રમનું કામકાજ બધું કરે સુરતમાં. છોકરી નહિ આવે. કાંઈ એવી મડાગાંઠ પડી ગઈ. **ઘણાં બધાં મને કહે અલ્યા મોટા, તમારા હાથે લગ્ન થયાં. આવું ? મેં કહ્યું ભઈ આવું. કહો તો. તમને એમ લાગતું હોય તો લાવો મેશની દાબડી ને મારે મોઢે ચોપડો. મને કાંઈ વાંધો નથી.**

ત્યારે મૂળ વાત એવી છે. આના પરથી દાખલા પરથી આપું છું કે એ લોકો કશુંક જાણતા હોય છે એમ જે બધાં માને છે તે વાત ખોટી છે. એ તો જેમ ચાલતું હોય તેમ ચાલવા દે. એ તો ભીંતમાંય અથડાવે ? તો કે ભીંતમાંય અથડાવા દે. ત્યારે કશું ચેતાવે નહિ ? કોઈ કાળે ભાગ્યે એવું કોઈ નિમિત્ત પ્રગટે ત્યારે કહે છે ખરા, પણ એ નિમિત્ત પર આધાર રાખે છે. બધો આધાર નિમિત્ત ઉપર રાખે છે. ત્યારે એ નિમિત્ત બહુ મોટી વાત છે આમાં.

## ચેતનાનિષ્ઠ શરીરધારી ભગવાન નથી

બીજી એક વાત છે. નિમિત્ત આવ્યું એટલે મને બીજી એક વાત કહેવાની સૂઝે છે. કે ઘણાં લોકો આવા જે અનુભવી થઈ ગયા. મહાત્માપુરુષો થાય છે. સાધુમહાત્માઓ બધા ભગવાન તરીકે

કહે છે. (કોઈ બાળક વચ્ચે મોટેથી બોલે છે. પૂ. શ્રીમોટા કહે છે બોલવા દો એને. છો બોલતો.) ભગવાન તરીકે એમ કહે છે, પણ શરીરધારી ગમે તેટલો અનુભવવાળો પણ ભગવાનની તોલે નહિ આવે. એ એક ભ્રમણા છે સમાજની.

વેદાંતમાં પણ કહે છે કે બ્રહ્મનો અનુભવ કર્યો એટલે બ્રહ્મ જ છે. ના જ્યાં સુધી શરીરધારી છે ત્યાં સુધી બ્રહ્મય નથી. બ્રહ્મની તોલે નહિ આવી શકે, પણ હું તમને એક દાખલો આપું કે સમુદ્રનું પાણી અને એ પાણીને કુલડીમાં ભરો. અને એ કુલડીનું પાણી ને સમુદ્રનાં પાણીના ગુણધર્મ સરખા. એને તમે કોઈ પાણીને. પાણીનું પૃથક્કરણ કરતાં હોય ને એને આપો તો કુલડીમાં જે સમુદ્રનું પાણી છે અને સમુદ્રનું પાણી છે, તે બન્નેના ગુણધર્મ સરખા પણ વિસ્તાર અને મર્યાદામાં નહિ.

## ચેતનાનિષ્ઠ શરીરધારી અને બ્રહ્મ—ભગવાન વચ્ચેનો ફરક

એવી જ રીતે શરીરધારી આત્મા છે. જેને અનુભવ થયેલો છે. એને આછુંપાતળું પણ પ્રારબ્ધ છે. કેવું પ્રારબ્ધ કે દોરડીને બાળી દો તો એનો વળ દેખાય. એનો વળ દેખાય ખરો પણ એને હાથમાં લો તો એનું કાંઈ નહિ. એનું જોર કશું નહિ. એ પ્રારબ્ધનું એના પર કશું જોર નહિ પણ એવું આછુંપાતળુંય પ્રારબ્ધ એને છે. અને એ પ્રારબ્ધને કારણે એને નિમિત્ત મળ્યા કરે છે.

ત્યારે એવી રીતે ચેતન જે છે એને કશું એવું આછુંપાતળું, ભગવાન છે—બ્રહ્મ છે—એને કાંઈ પ્રારબ્ધ નથી. એને કોઈ નિમિત્ત નથી. ત્યારે આ એક મોટામાં મોટો ફરક છે. આ તો હું તમને માત્ર બુદ્ધિથી જ સમજાવું છે. મેં કાંઈ શાસ્ત્ર વાંચ્યાં નથી, પણ આ બુદ્ધિમાં બરાબર. હું તો ઘણા મહાત્મા લોકો કોઈક મળે કરે ત્યારે બધી વાતચીત થાય ત્યારે કહું કે ભાઈ, આ કેવી રીતે બની શકે ? શરીરધારી જે આત્મા છે. ભલે મોટામાં મોટો છેલ્લામાં છેલ્લી કક્ષાનો

એને અનુભવ થાય પણ એ ભગવાનની તોલે ન આવે, કારણ કે શરીર છે ત્યાં સુધી એને આછુંપાતળું પણ પ્રારબ્ધ છે. નિમિત્ત છે. નિમિત્ત વગર એ કાંઈ કશું ડગલું ચાલી શકતો નથી. નિમિત્ત એ મોટામાં મોટી વાત છે એના જીવનમાં.

એના જીવનની વાત છોડી દો. આપણે સંસારીઓમાં એમ જ છે. આપણે સંસાર લઈને બેઠાં છીએ. તેમાં પણ નિમિત્ત મળે છે તે પ્રમાણે જ આપણે વર્તીએ છીએ, પણ પેલાને નિમિત્ત એવા પ્રકારનું છે કે એને બંધન નથી, પણ જ્યારે ભગવાનને તો કોઈ નિમિત્તેય નથી અને આછુંપાતળું બિલકુલ પ્રારબ્ધ એને મળે જ નહિ. ત્યારે આ એક બહુ મોટામાં મોટો ફરક છે. એટલે આવો માણસ કોઈ દિવસ ભગવાનની તોલે આવી શકે નહિ. ગમે તેટલો મોટામાં મોટો એણે ઊંચામાં ઊંચી કક્ષાનો ભલેને એને અનુભવ હોય તોપણ એ ભગવાનની તોલે ન આવી શકે. અને એ આપણી બુદ્ધિમાં ઊતરી શકે એ રીતે મેં સમજાવવાનો પ્રયત્ન કર્યો.

## ચેતનાનિષ્ઠ—અનુભવીનું મુખ્ય કર્તવ્ય અને ઓળખનાં લક્ષણો

બીજું કે એવા પુરુષોનું મુખ્ય કર્તવ્ય શું હોય છે ? **મુખ્ય કર્તવ્ય તો આપણા હૃદયમાં એક બીજ રોપવું ચેતના પરત્વેનું. ભગવાનની ભાવના એમના દિલમાં પ્રગટે એનું બીજ રોપાય. આ જ એમનું કર્તવ્ય. તો મુખ્ય કર્તવ્ય આ જ છે.** એટલા જ માટે જેમની જેમની સાથે એ હૃદયની ભાવનાથી એકાકાર થયા કરતો હોય છે અને તેનું કોઈ આવા પુરુષનું કોઈ લક્ષણ ખરું કે નહિ ? લક્ષણ તો ખરું ભાઈ, પણ એ ઓળખવું દુર્લભ છે. પ્રેમભક્તિપૂર્વકનો લાંબા ગાળા સુધીનો દીર્ઘકાળ પર્યંત સદ્‌ભાવ અને ભક્તિથી સેવાયેલો જો પરિચય હોય તો લક્ષણ સમજણ પડે. ના કેમ પડે ?

સંસારી માણસ હોય તો આપણા પરિચયમાં આવે છે તો સાલો લુચ્ચો છે. આ દયાવાળો છે. આ કરુણાવાળો છે. આ આવો છે.

આ તેવો છે. આપણે જાણીએ છીએ. એવી રીતે. પણ એ જાણીએ છીએ કેવી રીતે ? લાંબો પરિચય થાય છે ત્યારે. પહેલા પરિચયમાં નહિ ઓળખીએ. દસ-પંદર-વીસ-પચીસવાર એનો પરિચય થયો કે આપણને કંઈક એની સમજણ પડે તેવી રીતે આવા પુરુષોનો પણ દીર્ઘકાળ પર્યંત, પ્રેમભક્તિપૂર્વક અને સદ્ભાવથી સેવાયેલો એવો જો આપણો પરિચય હોય તો એની સમજણ પડે. ના પડે એમ નહિ. તો કે તોપણ બીજાં કાંઈ લક્ષણો ખરાં ? તો લક્ષણ તો કે પ્રત્યક્ષ જોવાય ? કે હા, પ્રત્યક્ષ જોવાય એવાં લક્ષણો ખરાં. નહિ એમ નહિ.

## ચેતનાનિષ્ઠ જડમાં ચેતના પ્રગટાવી શકે

આપણી સંસ્કૃતિ, આપણો ધર્મ એમ કહે છે કે આ બ્રહ્મ તો જડ અને ચેતન બધાંમાં વસેલો છે. ત્યારે એવો જે અનુભવી પુરુષ છે શરીરધારી એવો આત્મા કોઈ નિમિત્ત એવું મળી જાય તો જડને પણ ચલાવી શકે. તો કે જાદુ છે. જાદુની વાત નથી.

ઓટલાને ચલાવેલો. આજે એ ભાઈ જીવે છે. આપણે બધાંએ તો જ્ઞાનેશ્વરની વાત વાંચેલી. જ્ઞાનેશ્વર ભગવાનની વાત વાંચેલી તે એમનો ઓટલો ચલાવેલો. ત્યારે આપણે અહોભાવથી પ્રેરિત થઈ જઈએ છીએ. એ તો આપણે વાંચેલી વાત માત્ર છેને ? આપણે પ્રત્યક્ષ જોયેલી નથી.

પણ આ જીવનમાં એવા છે ભાઈ. અમદાવાદમાં રમાકાંતભાઈને જઈને પૂછી જુઓ. જીવતો માણસ છે. ભણેલોગણેલો છે. B.Sc. થયેલો છે. એમણે એમ માન્યું નથી. હજુય પણ. અને એને ઓટલો ચાલેલો. મારા મૌનમંદિરની અંદર. આજે કોઈને જઈને પૂછવા એટલા માટે કહું છું કે તમે બધાં મારાં સ્વજનો છો. હવે કાંઈ મારું શરીર લાંબું ટકવાનું નથી. પાંચ-છ એવા ભયંકર રોગો છે. મારા શરીરની અંદર અત્યારે. આ તો ભગવાનની કૃપાએ એની શક્તિથી જ મારું શરીરનું કામ ચાલે છે.

ત્યારે હું એટલા માટે જ કહું છું. દાખલા આપું છું કે ભઈ હું તમારામાં તમારા ભેગો રહેલો છું. તમારું લૂણ મેં ખાધેલું છે. તો તમે બધાં હવે મારા શરીરનો અંતકાળ આવ્યો છે. એ વખતે મારામાં ભાવના રાખો. અને આ સાબિતીની વાત છે. હું કાંઈ કપોળકલ્પિત ગપ્પાં મારતો નથી. તમે બધાં ખાતરી કરી શકો એમ છો.

## ચેતનાનિષ્ઠ સ્થળાતીત છે, કાળાતીત છે

એટલું જ નહિ પણ ચેતનનો જેને અનુભવ થયો છે. એવા ચેતનવાળા આત્માઓ સતમાંય વર્તે, અસતમાંય વર્તે. ત્યારે આપણને ખ્યાલમાં ન આવે. એને આપણે સ્વીકારી ન શકીએ, પણ ચેતન તો બધાંમાં રહેલું છે.

તે ઉપરાંત બીજો એક છે. ચેતન જેનામાં પ્રગટેલું છે. એને કાંઈ સ્થળ, કાળની મર્યાદા નથી. તેથી પોતે ગમે ત્યાં પ્રત્યક્ષ થઈ શકે છે. આ તમારી પાસે આ દિલીપ બેઠેલો છે. આ અહીં જ બેઠો છે. પૂછો એને કે મોહનભાઈને ત્યાં હું સૂતો હતો. ખાટલામાં મારું શરીર ને બીજું શરીર એને દેખાયું છે. એ ખોટું બોલતો હોય તો એને પૂછી જોજો. જેને પૂછવું હોય તે હજુ પૂછી શકે છે. ત્યારે એકના બે શરીર, ચાર શરીર પણ એને થઈ શકે છે. આ મોટામાં મોટો અનુભવ.

એટલું જ નહિ આ દિલીપ તો મારી સાથે સંકળાયેલો છે, પણ મારી સાથે બિલકુલ સંકળાયેલો નહિ. હજાર રૂપિયાના અમલદાર છે પારસી. પહેલવહેલા જ મૌનમાં બેઠેલા નડિયાદમાં. ને હું સુરત હતો. આ તો જીવતા માણસો છે. હું કાંઈ બીજે વાત કરતો નથી. બીજે કાંઈ આપણે તો વાંચીએ તો પહેલાંનું વાંચીએ તો અહોભાવ થઈ જાય છે. ત્યારે એ માણસને ત્યાં મૌનમાં નડિયાદમાં **મોટા** દેખાયા. ઓત્તારી! એને એમ તો ખબર કે **મોટા** તો અહીં નથી તેમ છતાં એને દેખાયા ત્યાં. આજે પણ એ સુરતમાં છે. આસિસ્ટન્ટ

કલેકટરની ગ્રેડના છે. એક્સાઈઝમાં. એક્સાઈઝ અને કસ્ટમમાં. પણ એને મારા તરફની ભક્તિ થઈ ગઈ છે.

એટલું જ નહિ સરકારી અમલદાર હોવા છતાં એ મારા માટે પૈસા ઉઘરાવી લાવે છે. એને એમ નથી થતું કે મારી નોકરી જતી રહેશે. મારી સાથે સંકળાયેલા કેટલાય અમલદારો! એક R.T.O. છે. સાહેબ. પારસી. મૌનમાં દર વર્ષે બેસે છે. એને મારા અનુભવ થયેલા. તે ગઈ વખતે મારે જે લાખ રૂપિયા ઉઘરાવવાના હતા. તેના દશ-દશ અગિયાર હજાર રૂપિયા એણે મને ઉઘરાવી આપ્યા છે. R.T.O. એ. બીજા કેટલાય ઇન્કમટૅક્સ અમલદારો છે. એ પણ મને પૈસા ઉઘરાવી આપે છે. પણ હું એને કહું ભઈ, જો કોઈના તું બળજબરીથી લે, તો તો મને મંજૂર નથી. તારે એને કહેવું કે આ કામ છે. અમારે એને રસીદ આપવાની છે. એક ઇન્કમટૅક્સ અમલદાર તો મારી પહોંચબુક જ રાખી મૂકે. કોઈ એસેસી આવે. મારો પાછો પરિચયવાળો. ભઈ, આ **મોટા**ને આ આશ્રમમાં આટલી રકમ આપવાની છે. વધારે નહિ. સો રકમ મૂકી દે. સો ભરી દે. એના જ હાથે ભરાવે. એસેસીના હાથે. એવી રીતે.

## *મોટા*નો અને આશ્રમનો પ્રચાર મૌનાર્થી—સ્વજનો કરે છે

ત્યારે આ મૌનમાં જે લોકો બેસે છે અમારે ત્યાં. આનો પણ અનુભવ મને આ દિલીપ પાસે છે તેનો પણ. મૌનમાંથી મારી સાથે સંબંધ છે. કેટલા બધા માણસોને તમે જુઓ કે મૌનમાં બેસવાથી કરીને એટલો બધો સંપર્ક થાય છે. કોઈ ચેતના સાથે એમનો કે એનો હું કાંઈ પ્રચાર કરવા જતો નથી. આ છાપાંમાં તો હમણાં હમણાં આ આવ્યું. હમણાં હમણાં આ લેખો ને મારા વિશે પ્રસિદ્ધિ ગુજરાતમાં આવવા માંડી છે. પણ હું—અમે પોતે આશ્રમ તરફથી કે નંદુભાઈ કોઈ અમે આ પ્રવૃત્તિ કરતા નથી.

એક ભાઈ મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મૌનમાં બેસવા આવ્યા, ત્યારે મારાં બધાં પુસ્તકો વાંચ્યાં એણે. સાહિત્યનો પણ રસિયો માણસ. કે '**મોટા**, આવું સરસ છેને સાહિત્ય. તમે કેમ કશું આપતા નથી ? મેં કહ્યું, 'એ અમારું કામ નથી ભઈ. ત્યારે કહે હું આપું ? મેં કહ્યું, આપ ભઈ, તારે આપવું હોય જેમ કરવું હોય તેમ કર. ત્યારે એ દર વર્ષે મૌનમાં બેસે છે અમારે ત્યાં. એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે તે. અને એ એને જાણે કે પોતાનું મિશન હોય એવી રીતે આ કામ લઈ લીધું છે. બધાં માસિકોમાં મોકલે. છાપાંઓમાં મોકલે. પ્રશ્નોત્તરી તૈયાર કરે. એના જવાબો લખેલા હોય તે ચોપડીઓમાં લખેલું હોય તે પ્રમાણે લખે. મુંબઈ સમાચારવાળાને.

મુંબઈ સમાચારવાળા ગાંઠતા ન હતા. એટલે એના તંત્રીને મારી પાસે ગઈ રામનવમીએ બોલાવી લાવ્યા. મારે ને એને એટલો સુંદર સત્સંગ થયો. સત્સંગી હતો ભાઈ. એણે Meditation ઉપર બે ચોપડીઓ પણ લખેલી છે. એટલે મારાથી જે વાતચીત કરી એનાથી એ પ્રભાવિત પણ થયા. એટલે હવે 'મુંબઈ સમાચાર'માં પણ મારા લેખો આવે છે. જન્મભૂમિવાળાને પકડી લાવ્યા. હમણાં 'જન્મભૂમિ'માં મારા વિશે એક લેખ આવ્યો. તે વિજયગુપ્ત મૌર્ય કરીને છે. 'અખંડ આનંદ'માં 'જ્ઞાનગોષ્ટિ' લખે છે. તે એણે આવીને મને પૂછી ને મેં બધી વાત કરી તે બહુ પ્રભાવિત થયા એ ભાઈ. ત્યારે એવી રીતે આ પ્રચારનું અત્યારે આ છાપાંમાં, માસિકોમાં આવે છે, તેમાં અમારું કોઈ મૂળ નથી. એ પેલા ભાઈ રતિભાઈ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) જ કર્યા કરે છે. એ કરતાં હોય તો થવા દો. અમને કાંઈ વાંધો નથી.

## *મોટા*નું મુખ્ય કર્તવ્ય પૈસા ભેગા કરવાનું નથી

ત્યારે મારું કહેવાનું એ છે કે આ જે લક્ષણો અનુભવવાળાનાં. આ પ્રત્યક્ષ. બીજે કોઈ વાત કરું નહિ. તમે તો મારું ઘર જ છો, કુટુંબ છો. એટલે તમને ના કરું તો કોને કરું ? અને એનો હેતુ

કહેવાનો પણ એટલો જ છે કે ભઈ, હવે આ મારું શરીર કાંઈ અનંત કાળ સુધી ટકવાનું નથી. હવે છેલ્લો ગાળો છે અને એ છેલ્લા ગાળામાં તમારા બધાંનો હું પ્રેમ સંપાદન કરી શકું. તો મારે બીજું કશું કામ નથી. પૈસા તો ભગવાનની કૃપાથી તમેય આપો છો અને ગુજરાતમાંથી મળે છે મને. **પૈસો એ મારું મુખ્ય કર્તવ્ય નથી.**

**મારું મુખ્ય કર્તવ્ય તો જે કાંઈ આપણે બધાં મળેલાં છીએ એમનામાં ભગવાનની ભાવનાનું બીજ રોપાય એ તો મારું મુખ્ય કર્તવ્ય છે.** ત્યારે એ તમે જાણો તો હજુ તમે જાવ. ખાતરી કરો. જેટલી ખાતરી કરવી હોય એટલી ખાતરી કરી જુઓ. કે એક શરીરના એક શરીર ગમે ત્યાં હોવા છતાં બીજે ઠેકાણે પ્રગટ થઈ શકે છે. એ આ બીજી ચોપડીઓમાં તમે વાંચો પણ આ તો પ્રત્યક્ષ દાખલા છે. તમે ગમે ત્યાં જઈને બધાં પૂછીને તમે ખાતરી કરી શકો એમ છો. ઓટલો ચાલેલો. એ તમે એ માણસને પણ ખાતરી કરી શકે છો. મળીને. ત્યારે આ બે તો મોટામાં મોટાં લક્ષણો છે. બીજો કોઈ કરી શકશે નહિ. સંપૂર્ણ ચેતનામાં નિષ્ઠા પામ્યા વિનાનો કોઈ માણસ આવાં કામ નહિ કરી શકે. શક્યતા નથી. સિદ્ધિ કોઈ પામેલો હોય તો બીજું કશું બતાવી શકે, પણ આ તો નહિ જ કરી શકે. **સ્થળ અને કાળની મર્યાદા જે ઓળંગી જાય છે તે ચેતનામાં અનુભવી. અનુભવી છે તેને જ માટે એ શક્ય છે. બીજાને માટે શક્ય નથી આ.**

વળી, તમે જુઓ કે દર સાલ ભગવાનની કૃપાથી કાંઈક ને કાંઈક એવાં સારાં કામના સંકલ્પો શુભ સંકલ્પો થાય છે. તે બધા પાર પડે છે. હજુ ’૬૨ની સાલથી જ મેં તો આ કામ શરૂ કર્યું છે. તે પહેલાં તો આ મારો આશ્રમ ચલાવવો એના માટેની જ ગડમથલ થયા કરતી. Struggle થયા કરતી હતી, કારણ કે મકાનો બાંધવાં. આ કરવા તે કરવા બધાંમાં પૈસા તો જોઈએ જ. એ કામ થઈ રહ્યા પછીથી આ કામ શરૂ કરવા માંડ્યું.

## ધર્મનાં લક્ષણ-સમાજમાં ગુણ અને ભાવનાનું પ્રાગટ્ય

એટલા જ માટે મેં શરૂ કર્યું કે સમાજ જો **ધર્મ જીવતો છે એનાં બે લક્ષણ કે ગુણ અને ભાવના પ્રગટે ત્યારે ધર્મ છે એમ ગણાય. ગુણ અને ભાવના ન હોય તો ધર્મ છે એમ નહિ ગણાય. ત્યારે આપણા સમાજમાં ગુણ અને ભાવના નથી. તે ગુણ અને ભાવના પ્રગટે તો જ ધર્મ ટકી શકે.** ધર્મની ભાવના સમાજમાં ઊગી શકે. માટે એવા ગુણ અને ભાવનાના ભગવાનની કૃપાથી કામ કરવાનું સૂઝ્યા કરે છે તેમ કરું છું. અને બીજી એક મોટી વાત આ છે કે બીજું તમે ગમે તે કરશો. આપણા જીવનમાં જે ગુણ અને ભાવના છે એ જ સાથે આવવાનાં છે.

## પુનર્જન્મની સાબિતી

ત્યારે કોઈને–કોકને બુદ્ધિને એમ થાય કે સાલું બીજો જન્મ છે એની ખાતરી શી ? કે જેમ અત્યારે આ વિજ્ઞાનીઓ કહે છે તે આપણે બધાં માનીએ છે કે નથી માનતાં ? $H_2O$ કહે છે કે બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઑક્સિજનનો હોય તો પાણી. એનો કોઈ ઈન્કાર કરતા નથી તો કહે ના. એ તો માનવું પડે.

ત્યારે એવી રીતે અમારા શાસ્ત્રકારોએ, જગતના બધા ધર્મોએ, એ ધર્મોના જે મૂળ થઈ ગયા, મૂળ પુરુષો એ બધા જ આ માટે સંમત છે. તો કે christinity કાંઈ છે સંમત ? મુસલમાનો તો કાંઈ એવું માનતા નથી. ભઈ, તમે વિચાર કરો. એ પણ કહે છે. વચલી વાત એણે નથી કરી. આ જન્મ આપણું શરીર ગયું. પછી Day of Judgement આવશે. અને ત્યારે ન્યાય થશે. ત્યારે જાગવાના કે નહિ બધાં ? ત્યારે પુનર્જન્મ છે કે નહિ ? વચલા ગાળાની એણે વાત નથી કરી. મુસ્લિમ ધર્મે અને ક્રિશ્ચિયન ધર્મે પણ Day of Judgementની વાત કરી છે.

ત્યારે પુનર્જન્મ પામશે અને બધાંનો ન્યાય થશે. ન્યાય થશે એટલે ભોગવવો પડશેને ? ન્યાય થાય તો ભોગવવો પડેને ? ત્યારે

ભોગવવાને માટે તો શરીર જ જોઈએ. ત્યારે ત્યાં છે ખરી પુનર્જન્મની વાત. ત્યાં એમાં એમનામાં. પણ વચલા—આ શરીર પડ્યા પછીથી અને પછી આ વચલા ગાળાની એણે વાત કરી નથી, કારણ કે તે કાળ જુદો હતો. લોકો સમજે નહિ. આપણી સંસ્કૃતિના શોધનારા બહુ ઊંડા ગયા છે અને આ તદ્દન સાચી વાત છે એક. આપણો પહેલાં પણ જન્મ હતો. હાલ પણ છે અને પછી પણ થવાનો છે.

એ આપણા અનુભવીઓએ, આપણા ઋષિમુનિઓએ બધું અંગે પ્રયોગો કરીને આ સાબિત કરેલું છે, પણ પેલા વિજ્ઞાનના પ્રયોગ કરે છે તે આપણે ઝટ સ્વીકારી લઈએ છીએ અને આ ઋષિમુનિઓએ કરેલા પ્રયોગો આપણાથી સ્વીકારાતા નથી, **કારણ કે આપણી બુદ્ધિ બહેર મારી ગયેલી છે. આપણામાં ધર્મની ભાવના ઘટી ગયેલી છે.** અલ્યા, પેલાએ પ્રયોગો કર્યા છે તે તમે માનો છો અને આ લોકોએ પ્રયોગ કર્યા તે તમે કેમ માનતા નથી ? ત્યારે તે અમારે ગળે ઊતરતું નથી. પેલો બતાવે છે. આ પુરુષો પણ બતાવતા હોય છે. કોક કોક બાબતમાં. જેની અને તેની બાબતમાં એ બતાવતા કરતા નથી. પણ એ વાત સાચી છે.

## ઉત્તમ દાન સમાજમાં ગુણ અને ભાવના પ્રગટાવે તે

એમના જીવનમાં એવા કેટલાક પ્રસંગો બને છે કે એને ખબર છે કે અમુક માણસની સાથે મારો આવો સંબંધ છે પૂર્વકાળનો. એ કહેતા કરતા હોતા નથી, પણ એ સંબંધ છે. ત્યારે પહેલાં પણ જન્મ હતો. હાલ પણ જન્મ છે અને હવે પછી થશે. પણ આ જન્મનું આપણું જે શરીર છે એમાં જે ગુણ અને ભાવ પ્રગટેલા હશે તે આપણી સાથે ને સાથે જ આવવાના છે. એટલે હું જે કોઈ પૈસાદાર મારી પાસેના બહુ ભાવનાવાળા હોય તો **કહું ભાઈ, તમે ધર્માદો કરો. પણ એવી જાતનો ધર્માદો કરો કે જેથી સામા માણસમાં ગુણ અને ભાવના પ્રગટે. તે તેની સાથે ને સાથે આવશે તે સમાજને વધારે કલ્યાણકારક છે. આ જાતની ભાવના.**

ત્યારે આ જે ગુણ અને ભાવના જો સમાજમાં થાય, જાગે તો જ આ પાછો ધર્મ ફરીથી બેઠો થઈ શકે એવું છે, હું અમસ્તો એમ ને એમ નથી કરતો કે Hapazardly કે ગમે તેમ હું કશું કરતો નથી. બહુ સમજણપૂર્વક આ હું મારાં કામો કરું છું અને આ ધર્મ બેઠો તો જ થશે કે ગુણ અને ભાવના સમાજમાં પ્રગટ્યાં હશે તો અને પાછા સાથે ને સાથે જ આવવાનાં છે.

## ચેતનાનિષ્ઠની ભક્તિભાવભરી સોબત જીવનઉદ્ધારક

ત્યારે તે ઉપરાંત, આવા જે પુરુષો છે તે દીવાદાંડીરૂપ છે. આપણને પથદર્શક છે. આપણું હિત ચાહનારા છે. આપણું કલ્યાણ કરનારા છે, પણ એમની સાથે જો વળગી રહીએ તો.

પહેલી જ વખતે હું મારા ગુરુમહારાજની પાસે ગયો ત્યારે હું તો બહુ Raw એટલે કે મારી બુદ્ધિ કાંઈ ધર્મની ભાવનાથી પ્રેરાયેલી ત્યારે ન હતી. મારામાં ભક્તિ પણ ન હતી. ભાવના પણ ન હતી. અને ગુરુમહારાજ પ્રત્યે કેવી રીતની Attitude એટલે કેવું વર્તન રાખવું તેની પણ મને સમજ નહિ.

ત્યારે રોજ એમને ત્યાં ત્રણસો ચારસો માણસો આવે. નાગા રહેતા એ તો. ગામથી બહાર રહેતા. ને મોટી ધૂણી રોજ બસો ત્રણસો મણ લાકડાં બળે, એટલે એ ધૂણીવાળા દાદા કહેવાતા. ત્યારે પહેલી જ વખત હું તો ગયેલો. અને મને તો આ બધું નાગા અને ગમે તેમ બધું બોલે. એટલે મને તો બધું સારું નહિ લાગ્યું. મેં કહ્યું, હું કંઈ અહીં આવી પડ્યો ? હું તો મારો સામાન-બામાન એક ઓરડી ભાડે રાખેલી ધર્મશાળામાં ત્યાંથી સામાન—બિસ્તરો— બાંધીને તૈયાર થઈ ગયો. ઘેર જવાને પાછો. કે ચાલો, આપણે આપણા આશ્રમમાં પાછા જતાં રહીએ.

પછી વળી Next step એમ થયું કે ચાલો, પગે તો લાગવા જઉં. છેલ્લી વાર કાંઈ નહિ તો. તો પગે લાગવા ગયો. ત્યારે એ કાંઈ બોલ્યા કે ભઈ, જો ખરેખર આપણા દિલથી સત્સંગ થયો

હોય કોઈ મહાત્માની આપણને સોબત લાગે અને એ સોબતમાં આપણું દિલ લાગેલું હોય તો ગમે તેટલો પાપીમાં પાપી હોય પણ મરણ વખતે એને એવી ભાવના પ્રગટે છે. કે સાલું આ તો પોતાનું મહત્ત્વ વધારવાને માટે કહે છે. ગુરુ ખરા તોપણ મારી બુદ્ધિ આવી રીતે વક્ર રીતે કામ કરતી. આ તમને ચોક્કસ દાખલો આપું છું. તો પોતાનું મહત્ત્વ વધારવાને આ કહે છે. ત્યારે મેં તો મનમાં જ આવો વિચાર કરેલો. ત્યારે ગુરુમહારાજ બોલ્યા કે અલ્યા, ભાઈ! કે તું જા અહીંથી પંદર માઈલ ઉપર એક ગામ છે. તે વચ્ચે આટલાં આટલાં ગામ આવે છે, તે ગામનાં નામ દીધાં તે લખી રાખ્યાં. એ તે ગામે થઈને હું ત્યાં પહોંચ્યો. અને એક માણસ મરવા પડેલો છે. એ કેવું બધું બોલે છે તે જો. કેવાં કેવાં કર્મ કર્યાં છે તે બધું બોલશે અને પછી મરવાના એક અડધો કલાક પહેલાં એની કેટલી અને કેવી માનસ એની ભૂમિકા આખી બદલાઈ જાય છે. એ તને જોઈશ ત્યારે આ ખબર પડશે. કે એવા કોઈ મહાત્માની સોબત કરી હોય ને એમાં આપણું દિલ લાગી જાય, એમનામાં ભક્તિ લાગી જાય તો માણસનું કેવું કલ્યાણ થઈ જાય છે એ તને વાત સાબિત થશે. પ્રત્યક્ષ જોયા વિના તને તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે.

એટલે હું તો ત્યાં ગયો. મેં કહ્યું મારા મનમાં વિચાર કરેલો ને એણે મને જવાબ આપ્યો આ. માટે મારે પ્રયોગ કરવો જોઈએ. એટલે હું તો ચાલ્યો. ગામ પૂછતો પૂછતો પેલા ગામમાં આવી પહોંચ્યો. ત્યાં બધે ફરું. ફળિયે ફળિયે કે ભઈ, અહીં કોઈ માણસ બહુ ગંભીર માંદું હોય. હિંદીમાં બોલતો. કોઈ ગંભીર માંદું પડ્યું હોય ને મરવા ટાણું આવ્યું. કે ના ભાઈ અહીં નથી. એમ કરતાં કરતાં જડી ગયું. એક ઘર. પછી એ તો એવું બધું બોલ્યા કરે કે એણે જે જે બધાં કુકર્મો એના ગામમાં કરેલાં એ બધાં બોલે.

મેં કહ્યું પેલા ગુરુમહારાજ કહેતા તે વાત સાચી. પછી તો એકદમ આખું એનું માનસ બદલાઈ ગયું. પછી તો ભજનો ગાવા લાગ્યો. પછી ગુરુમહારાજની પ્રાર્થના કરી. પ્રભુ તારી સોબત થઈને મારું દિલ લાગ્યું. આ બધું કરી ગયો અને પછી એક છેલ્લી પ્રાર્થના હે પ્રભુ, તું મારો ઉદ્ધાર કરજે. આમ બોલીને પ્રાણ છૂટ્યા. એની વાત તો કહેવી સાચી આ.

પછી ગામમાં હું નીકળ્યો પાછો. મેં કહ્યું, ભઈ, આ મરી ગયા તે કેવા હતા ? અરે! કહે કે સાલો, કાટ ગયો. મરી ગયો તે સારું. એના ગામમાં એના અગાડી મા-દીકરી સહીસલામત નહિ. આવો ચારિત્ર્યનો દુષ્ટ માણસ. પણ આવી મહાત્માની એને સોબત થઈ. મરણ ટાણે એની કેવી સુંદર ગતિ થઈ. મારે જાતની અનુભવેલી બાબત છે આ.

એટલું જ નહિ પણ સુરદાસ તો પ્રખ્યાત છે. બિલ્વમંગળ પ્રખ્યાત છે. ઐતિહાસિક વ્યક્તિ થઈ ગઈ છે. વેશ્યાગામી હતો એ. બધી પ્રખ્યાત હકીકત. ઈતિહાસની વાત છે. પણ ભગવાનમાં એની લગની લાગી ગઈ તો કેવો મોટામાં મોટો ભક્ત થઈ ગયો. સુરદાસનું પણ એવું છે. બિલ્વમંગળનું. એવા કેટલાય માણસો એવા છે.

## ચેતનાનિષ્ઠની ઓથ જબરજસ્ત શક્તિદાયક છે

ત્યારે આવા માણસોની સોબત અને એમાં દિલ જો આપણું પ્રગટે છે. અનેક રીતે સધિયારો આપે છે. સાહેબ. આપણી મુશ્કેલીના વખતમાં, સંકટના વખતમાં, મૂંઝવણની વખતમાં, આપણને એક ઓથ આપે છે. એવી ઓથ કોઈ પણ પૈસાદાર તમને નહિ આપી શકે.

હું તો તમારા કુટુંબનો માણસ છું. તમારું લૂણ મારા પેટમાં પડ્યું છે. તો હું આ સાચી વાત કહું છું. કે આવા માણસોની જો સોબત આપણે થઈ હોય ને એમાં આપણું દિલ રેડાયેલું હોય તો એમની ઓથ એક બહુ જબરજસ્ત શક્તિવાળી છે. અનેક સંકટોમાં

આપણને આમ ખડકની પેઠે ટટાર રખાવે છે. તો આવા જે પુરુષો છે, તે આપણને નિમિત્તને કારણે મળે છે. આપણે ન ઇચ્છતાં હોઈએ તોપણ મળે છે.

## ચેતનાનિષ્ઠનો સંબંધ નિમિત્ત આધારિત છે

જ્યારે ૧૯૨૧ના આખરની સાલમાં આ લડતમાં મેં ઝંપલાવેલું. ત્યારે મારો કાંઈ ખ્યાલ ન હતો કે આ ભગવાનના માર્ગનો કાંઈ બિલકુલ કાંઈ ખ્યાલ નહિ. હું તો તે કાળે એમ માનતો કે આ બધા મહાત્મા સાધુઓ છે તે Economical waste-Economical burden on the society. આર્થિક રીતે આ સમાજના ઉપર આ લોકો ભારરૂપ છે એમ માનતો અને સાચે જ એમ માનતો.

તેમ છતાં એક સાધુએ આવીને મને પકડ્યો. પકડ્યો એટલે હું તો નડિયાદ હોઉં અને એ રહે અમદાવાદ. એનું શરીર બંગાળનું હતું. બાળયોગી એનું નામ કહેતા લોકો. તો અમદાવાદ એલિસબ્રિજ છેને ? ત્યાંથી સામે ટાઉન હૉલ તરફ જઈએ તો જમણા હાથ તરફ નદીમાં બેસી રહેતા એ. બહુ મસ્તી. એટલા બધા નાચે ને કૂદે ઊંચે. મેં જાતે જોયેલા. અને એટલી બધી મસ્તી તો જેમ નદીમાં તો નહાય ત્યારે તો હાથી જેમ નહાતો હોયને એટલી મસ્તી એની.

ઘણાં લોકો આવતા એની પાસે. પુષ્કળ લોકો આવતા. તોપણ એ દિવસમાં વીસ-પચીસ વાર કહે કે નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો. યોગાનુયોગ એવો થયો કે નડિયાદના એક નાગર ગૃહસ્થ નાનુભાઈ કરીને હતા. કંથારિયા. તે ત્યાં ગયેલા. વાત સાંભળેલી એટલે દર્શન કરવાં બાળયોગીનાં. તો એણે જોયું કે તમે નડિયાદથી ચૂનીલાલ ભગતને મોકલો. પછી એ સાંજે પાછા આવ્યા.

ત્યારે રોજ સાંજે કંઈ કામ હોય ત્યારે ગોપાલદાસ બાપુ, ફૂલચંદ શાહ અમારે નડિયાદના બે-ત્રણ નેતાઓ છે. ત્યારે આ મણિભાઈ નભુભાઈ હતા. તેમના ભાઈ માધવદાસ—માધવલાલ—આ કંથારિયા

તે બધા ભેગા મળે. તે ત્યાં હું ગયેલો. અલ્યા, પેલા મને કહે– નાનુભાઈ કહે, ભાઈ ભગત તને બોલાવે છે. એક સાધુ છે. બાળયોગી છે. બહુ અલૌકિક મૂર્તિ છે. બહુ મસ્તીવાળી અને તું જા. મેં કહ્યું, ભઈ, મારે ને સાધુને મારે શું કામ છે ? સાહેબ, હું તો બિલકુલ નહિ ગયેલો, પણ આખરે એણે મને ખેંચેલો એમ મારે કહેવું જોઈએ.

ત્યારે એ પરાપૂર્વનો એક સંબંધ છે. હું એને ન ઓળખું. એ મને ન ઓળખે. આ એક સોએ સો ટકાની વાત સાચી છે. ત્યારે એવા માણસોને પરાપૂર્વથી આપણે સંકળાયેલાં હોઈએ. એ પરાપૂર્વકનો જે સંબંધ છે, એની સાંકળ છે તે આપણે જાણતાં હોતાં નથી. આ મારા જીવનનો જ બનેલો પ્રસંગ છે. એ જાણતો હતો મને. હું એને જાણતો ન હતો. એટલી બધી એને ગરજ. એને જ ગરજ હતી. તે પાછો નડિયાદ આવ્યો. મને Initiate કર્યો. **પહેલી વખતે એ બે મહિના સવા-બે મહિના રહ્યા. બીજી વખતે દોઢ મહિનો રહ્યા. ત્રીજી વખતે એક મહિનો રહ્યા મારી સાથે.** અને મને Initiate દીક્ષામાં આ માર્ગે લઈ જવામાં એ જ મૂળભૂત તો કારણ. એ બાળયોગી મારા ગુરુમહારાજના શિષ્ય હતા. એમણે જ મોકલેલા.

## નિમિત્તમાં ચેતનાનિષ્ઠની શક્તિ ભગવાનનું કામ કરે છે

ત્યારે આવા પુરુષોનો જે સંબંધ છે એ નિમિત્ત. અને નિમિત્તની એક પરંપરા છે. Continuity છે. અને એ નિમિત્તને કારણે આપણે અહીં ભેગાં થયેલાં છીએ. મળેલાં છીએ. હું તમને મળેલો છું. તમે મને મળેલા છો. અને મારા જીવનના કેટલાય બીજા દાખલાઓ હું તમને આપું. સાહેબ.

કે સુરતના આશ્રમમાં એક Eye-specialist બેઠેલા મૌનમાં– જીવે છે હજુ. પ્રખ્યાત છે. ડૉ. જગન્નાથ. Eye-specialist. મૌનમાં

બેઠેલા અને પછી અમે તો બીજી વાત લાંબી તો નહિ કહું, પણ એ ચોમાસાનો સમય. નદીમાં તો પૂર આવેલું. તાપી કિનારે મારો આશ્રમ છે જ. બિલકુલ તાપી કિનારે. જેમ આ કાવેરી પર આશ્રમ છે તેમ. હજુ તમારે કોઈને ખાતરી કરવી હોય તો જરૂર કરજો ને પૂછી જોજો એને. પણ એ નદીમાં નાહવા ગયા તે ગયા અંદર. પૂરની અંદર તણાયા પણ એને તરતાં આવડતું નથી. સાહેબ, અમે તો એમ ધાર્યું કે આ ગયા. ખલાસ આ માણસ. પણ એ છેક રાંદેર પોણા બે માઈલ સુધી પહોંચીને ત્યાં કિનારે લોકોએ ઊંચકી કાઢ્યા એમને. પણ તરતાં આવડતું ન હતું. આજે પણ જેને પૂછવું હોય તેને જઈને પૂછી શકે છે.

ત્યારે એ ભગવાનની શક્તિ વિના ભારે પૂરમાં જેને તરતાં ન આવડતું હોય એવો માણસ સહીસલામત રીતે પાર ઊતરી શકે એ ભગવાનની શક્તિ વિના તો બની શકે નહિ, પણ એણે કોઈ લાકડું બાકડું પકડ્યું હતું. એ પણ તમે જઈને પૂછી શકો એમ છો. ભાઈએ એવી એક પોતાને વંચાવેલી એવી હકીકત નંદુભાઈએ લખેલી છે. ત્યારે આવા તો કેટલાય દાખલા તમને આપું. દાખલા એટલા માટે આપું છું. હજુ તમે મારા માટે આવી ભાવના પ્રગટાવો તો સારું છે. મારે તો હજુ કશું નથી. પ્રગટાવો કે નહિ પ્રગટાવો તો મારે તો જે સંબંધ છે તે છે. તમારી સાથેનો મારો સંબંધ કદી ગમે તેમ થાય તોપણ એ એવો ને એવો જ રહેવાનો છે.

## ચેતનાનિષ્ઠને સંબંધ નિમિત્ત સંજોગે થાય છે

અને આ જે મારો સંબંધ છે એ ભગવાનનો આપેલો છે. હું કાંઈ નંદુભાઈને શોધવા ગયો ન હતો અથવા નંદુભાઈને કહેવા ગયો ન હતો કે ભઈ, તું મારી પાસે આ શીખ. આ વિદ્યા શીખ. કોઈની સાથે સંબંધો હું ખોળવા ગયો નથી. આપમેળે મળ્યા છે.

કોઈ પણ ઠેકાણે તમે પૂછો. સુરતમાં તો બિલકુલ હું અજાણ્યો સાહેબ. તદ્દન અજાણ્યો. નડિયાદ તો મારા શરીરનું ગામ. એટલે બધાંને જાણું કરું, પણ નડિયાદમાંયે કોઈ દિવસ હું શહેરમાં ગયો નથી. કોઈ દિવસ ને કોઈની સાથે સંબંધ બાંધવા પણ નથી ગયો.

સુરતમાં પણ એમ જ. જેમ જેમ મળતા ગયા, કારણ કે એટલી બધી મને ખાતરી છે કે પ્રારબ્ધને લીધે, પ્રારબ્ધને કારણે જેની જેની સાથે મારે નિમિત્ત છે તે મળવાના જ છે, પછી જો હું પ્રયત્ન કરું તો હું મિથ્યા ઠરી જઉં આપમેળે. તમારા બધાંનો સંબંધ પણ મને આપમેળે જ થયો છે. હું કાંઈ સંબંધ બાંધવા આવ્યો નથી. એ જ કારણે અને મેં કાંઈ વિચાર કરીને અહીં આવવાનું કરેલું નહિ. નંદુભાઈની સાથે આવવાનું થયું. બીજી વાર આવવાનું થયું તો આ બધી દુકાનો બંધ હતી. આપણે બધા ભાઈઓ ત્યાં આવેલા. ત્યારે મેં નંદુભાઈને કહ્યું કે આપણે ત્યાં જ જવું જોઈએ. સંકટને સમયે તો આપણે ત્યાં જ જવું. તું જા, હું તારી પાછળ આવું છું. એ '૪૨ની સાલમાં કે એવી સાલમાં બનેલું. ત્યારથી દક્ષિણ સાથેનો આજે પણ ભલે મારું શરીર ત્યાં રહે છે, પણ મારો સંબંધ અહીં ચાલુ છે.

## ધર્મનો ઉદય દક્ષિણ ભારતમાંથી થશે

દક્ષિણ ભારત મને બહુ વહાલું લાગે છે એ ભાવનાને કારણે. આ દેશમાં હજુ તમે સમજજો. આ દેશમાં ભાવના, બધા ભોળા થયા. એની કાંઈ ભાવના છે. આ દેશમાં જેટલી ભાવના છે એટલી બીજે નથી. આપણા હિંદુસ્તાનમાં. એનું પ્રત્યક્ષ પ્રમાણ તો આ જ દેશમાંથી હિંદુ ધર્મના અનેક સંપ્રદાયોના આચાર્યો થયેલા છે. ઈતિહાસની વાત છે ત્યારે સાહેબ. તમે પૂછી જોજો. જેને પૂછવું હોય તેને. ફરીથી આપણી સંસ્કૃતિનો ઉદય થવાનો છે. આ દક્ષિણ ભારતમાંથી જ થવાનો છે. એ પણ નિશ્ચિત હકીકત છે.

## અંધાધૂંધીનો કાળ આવવાનો છે

જ્યારે આપણે આ દેશમાં વસ્યા છીએ અને રહ્યા છીએ એ પણ હું તો એમ માનું છું કે આપણા કોઈ પ્રારબ્ધના પુણ્યકર્મનો ઉદય છે. અને એક કાળ એવો આવવાનો છે. આ હું કાંઈ જ્યોતિષી નથી. પણ જો તમે રોજનાં છાપાં વાંચતા જુઓ તો અંધાધૂંધી ફેલાતી જાય છે. આ સરકારની જે Administration ઉપરની પકડ ઢીલી પડતી જાય છે. U. P. ની અંદર સિત્તેર ટકા એક એક ખાતાના માણસો ગેરહાજર રહેલા! આપણી કલ્પનામાં નહિ આવે એવી કેટલી પકડ ઢીલી થતી જાય છે! આજે તમે જુદે જુદે ઠેકાણે જુઓ તો આજે રાજ્ય ચલાવવાની જે શક્તિ જે વ્યવસ્થા-શક્તિ એ ઢીલી પડતી જાય છે. ત્યારે આ જે Administration આપણું છે એ જો ઢીલું પડે તો પ્રજાના શા હાલ થાય ?

ત્યારે મને પોતાને લાગે છે એક કાળ એવો આવવાનો છે કે આ અંધાધૂંધી ફેલાવાની છે એ મને બહુ સ્પષ્ટ લાગે છે. મને એ દર્શન છે એમ કહું તો ચાલે, પણ એથી કરીને કોઈ બીવાનીય જરૂર નથી કે ડરવાની જરૂર નથી, પણ આ કાળ આવવાનો છે હિંદુસ્તાનમાં. તમે એનાં લક્ષણો જુઓ. શરૂઆત થઈ ચૂકેલી છે. ત્યારે કોઈની સલામતી નથી એવો કાળ આવવાનો છે. અને દરેક દેશના જુઓ કે આપણે સ્વરાજ આવ્યું છે પણ ક્રાંતિ થઈ નથી. આ પ્રજામાં પણ એક નવચેતન પ્રગટવાને માટે ઊથલપાથલની જરૂર છે. આ જમીન પણ ઊથલપાથલ થાય છે ત્યારે જ અનાજ પાકે છે.

આ સ્વરાજ આવ્યું છે. પણ ઊથલપાથલ થઈ નથી હજુ. ભલે સરકાર અનેક રીતે પૈસાદારો પાસે ટૅક્સ કઢાવવા મથે છે, પણ એ ઊથલપાથલ નથી થઈ. Topsy-turvy થઈ ગયું નથી. સમાજમાં એકેએક થર Topsy-turvy નથી થયાં. ઊથલપાથલ નથી થઈ. એટલે આ પ્રજામાં પ્રાણ પ્રગટાવવાને માટે— ચેતન જગાડવાને માટે આ ઊથલપાથલ થવી એ અનિવાર્ય છે. આજે નહિ તો કાલે, કાલે

નહિ તો પચાસ વર્ષે, સાઠ વર્ષે ગમે ત્યારે આ થવાનું છે, થવાનું છે ને થવાનું છે. અને આ અંધાધૂંધી આવવાની છે. અને આર્થિક પરિસ્થિતિ પણ આપણા દેશની તમે જુઓ તો બહુ ઘણી ખરાબ છે. પુષ્કળ ખરાબ છે. હવે એનો કેવી રીતે નિકાલ આવશે. આ તો સૌ કોઈ ગાડું ગબડાવ્યે જાય છે. એનો ખરેખરો ચિંતક કોઈ નથી. એના વિશે કાઢીને કોક ગમે તેટલું ધારો કે કોઈક મૌલિક વિચારક હોય તોપણ એ આજે અમલમાં મૂકી શકે એવી સ્થિતિ નથી કોઈની.

ત્યારે આ અંધાધૂંધી આવવાની છે એ મને સ્પષ્ટ લાગે છે. ત્યારે પણ આપણી કાંઈ સલામતી નથી. સલામતી નથી રહેવાની. એ વાત પણ એટલી જ મને ચોક્કસ લાગે છે. અને આ પૈસાનું પણ એવું જ છે. મારા જેવો. મારે તો Charitable Public Trust છે. મારું કોઈ ત્યાં Legal Status નથી. મેં તો ટ્રસ્ટ કરી ટ્રસ્ટીઓ નીમી દીધા છે, પણ મને લાગ્યું કે સાલું આશ્રમના પણ આ બધા પૈસા. અમારાથી તો બીજું કાંઈ વેચાતું લેવાય નહિ. ચીજવસ્તુ લેવાય નહિ.

તમે વાંચો તો આ બધા દેશો આ આફ્રિકાના આ બધા એશિયા ને આ બધા આપણી સાથે હિંદુસ્તાન સાથે બધા સંકળાયેલા. પછી તે બધા છૂટા પડી ગયા છે. ત્યારે સ્થળ પણ બદલાય છે. અને કાળના તબક્કા પણ બદલાય છે. કાળના પણ તબક્કા આવે છે. એક પછી એક એવા તબક્કા હોય છે. ત્યારે આ કાળનો તબક્કો પણ એવા પ્રકારનો છે કે ફેરફાર થવાનો છે. પણ એ ફેરફારને આપણે જાણી શકતાં નથી. કોઈ કહે તોપણ આપણે વર્તી શકીએ એમ નથી.

પરંતુ પ્રત્યક્ષ દાખલો આપીને તમને કહું છું કે ભઈ, મેં આમ કર્યું છે. મારા આશ્રમને માટે. અમને તો રજાય ના મળે. અમારે ત્યાં કાયદો એવો જમીન લેવી હોય તો જે મહેસૂલ હોય. જાણે એક વીઘાના હું દસ રૂપિયા ભરતો હોઉં, તો એનું બસો ગણું. આ મારે જમીન વેચાતી લેવાય, એનાથી વધારે આપું તો

Legal ના ગણાય. તોપણ ભગવાનની કૃપાથી કહો ચૅરિટી કમિશનરે અમને રજા આપી દીધી છે. ચાળીસ હજારમાં લેવાની રજા આપી દીધી. ભાઈ નંદુભાઈ ને રાવજીભાઈ મળવા ગયેલા અને સદ્‌ભાગ્યે એ (ચૅરિટી કમિશનર) ઓળખીતા પણ નીકળ્યા અને એની દીકરીનાં લગ્નમાં હું વેવાઈ તરફથી ગયેલો. એટલે એણે મને રજા આપી દીધી.

એટલે હું દાખલો એટલા માટે કે મારા જેવો પણ માણસ આ આશ્રમની stabilityને માટે મારાથી તો બીજું કશું લેવાય એવું હોત જો કાયદાની રજા મળે તો આજે હું લઈ લઉં બાકી તો અમે ઝાઝા પૈસા તો રાખતા નથી, પણ કેટલાક Earmarked donation હોય તે તો રાખી મૂકવા પડે. તે ના ખર્ચાય તોપણ જેટલા ખરચી શકાય તેટલા પૈસા અમે આમાં, આશ્રમની stabilityને માટે મેં ખરચ્યા.

## અંધાધૂંધીમાં ટકવાનો સહારો માત્ર ભગવાન છે

મને કાળ એવો લાગે છે કે અંધાધૂંધી આવશે. ત્યારે અમારું ઘણા લોકો કહે તમારું અસ્તિત્વ નહિ હોય. તમારા આ આશ્રમ-બાશ્રમને લઈ લેશે. ભલે લઈ લેશે. અમારી તો કોઈની માલિકી છે નહિ ભાઈ. અમે તો કહીએ છીએ કે સમાજની માલિકી છે. અમે ટ્રસ્ટમાં—ટ્રસ્ટડીડમાંય લખાવ્યું છે કે આ જ્યારે ન ચાલે ત્યારે એને સમાજના ઉપયોગમાં આવે એવી રીતે એનો ઉપયોગ કરવો. અમારી કાંઈ માલિકી રાખી નથી. જેમ થશે તેમ. તો અમને વાંધો નથી. ત્યારે તોપણ જ્યારે સમાજના ઉપયોગમાં આવશે જમીન હશે તોય એને ઉપયોગમાં આવશે. ત્યારે કાળ આ એક અંધાધૂંધીનો આવવાનો છે. એવા અંધાધૂંધીના કાળમાં જ્યાં સલામતીનું ઠેકાણું ન રહે ત્યારે—આપણો સહારો એક ભગવાન છે. ત્યારે આપણને ટકાવી રાખે, આપણને આધાર આપી શકે, ઓથ આપી શકે એવું જો કોઈ તત્ત્વ હોય તો આ ભગવાન છે.

## ● સમાજના પતનનું કારણ—પૈસાનું મહત્ત્વ ●

પૈસો આજે જગતમાં ભગવાન થઈ પડ્યો છે. ખરાબમાં ખરાબ માણસ, ચારિત્ર્યનો હલકો માણસ પણ પૈસાને લીધે આગળ છે. મહત્ત્વ ભોગવે છે. આજે સમાજમાં. રસિકભાઈ તમને યાદ હોય તો વડોદરામાં કેસ થયેલો એક બૈરીની સાથે એને. અને એને નાખી દીધી. મારી નાખી. એ ભાઈનું આજે પૈસાને લીધે મહત્ત્વ ઘણું છે. એને કોઈ ઈન્કારે ના. બધા આ મહાત્મા તો આગળ બેસાડે. એક સભામાં મેં જોયેલું છે. જાતોજાત. અને કેસે ચાલેલો. સજા થયેલી છે એને. (ડૉક્ટરને) પણ આજે પૈસા છે એટલે સાહેબ એનું મહત્ત્વ.

**આજે કોઈ ભગવાનનું કે ચારિત્ર્યનું મહત્ત્વ નથી. એટલો સમાજ આપણો પતન થયો છે સમાજનું તે બતાવે છે. આ એક— થરમૉમિટર છે. આપણા સમાજનું. કેવો સમાજ છે આપણો! તેનું આ એક થરમૉમિટર છે. એટલે પૈસો-પૈસાને મહત્ત્વ. પૈસાને પરમેશ્વર સમજનારો આપણો સમાજ છે. તે સમાજનું પતન નિશ્ચિત જ છે.** એમાં કોઈ શંકાની વાત મને લાગતી નથી. આ હું કાંઈ ગભરાવાને— પ્રત્યક્ષ લક્ષણો બતાવીને કહું છું કે આ સમાજનું પતન જ થવાનું છે. એ પણ ક્યારે થશે કે આ અંધાધૂંધી આવશે ત્યારે. ઊથલપાથલ એકેએક થર ઊથલ Topsy-turvy થઈ જવાના છે. એમાં મને બિલકુલ શંકાની વાત નથી.

## ભગવાનના પ્રતિનિધિઓ—મહાત્માઓની સોબત કેળવો

ત્યારે એ જે સમય આવે તે વખતે આપણો સધિયારો શું ? કે આ ભગવાન. એકલો ભગવાન આપણને ત્યારે ઓથ આપી શકે. ત્યારે કે એ ભગવાન તો આપણને દેખાતા નથી. ત્યારે કે એના Representative પ્રતિનિધિ આ પૃથ્વી પર છે. પ્રતિનિધિ એવા જે

મહાત્માઓની જે સોબત છે, એ સોબતમાં જેણે દિલ પરોવેલું છે. જેનું દિલ એમની સાથે ભળેલું છે. એક મોટામાં મોટી એમની ઓથ છે. તે કાળે એ આપણને મદદ આપે છે. મેં પ્રત્યક્ષ અનુભવેલું છે. પ્રયોગોની સાથે.

એટલું જ નહિ પણ ૧૯૩૨ની સાલમાં આ બધાં જ જેલમાં. કોઈ કરતાં કોઈ ન મળે. આ કેવી રીતે આખી સંસ્થા ચલાવવી ? પંચોતેર હજાર, એંસી હજારનું ખરચ. મને તો કોઈ ઓળખે નહિ. પણ આ ભગવાને ચલાવેલી છે. બનેલી હકીકત તમને કહું છું. મારી આ વાત ચોપડીઓમાં તો લખેલી જ છે. એટલે હું વધારે વિસ્તાર કરતો નથી. પણ દસ મહિના સુધી મેં કાંઈ જ કશું કર્યું નથી. ભગવાને મેળવી આપ્યા. સરસૂબા નવસારી પ્રાંતના. અને એ વાત બધી લાંબી કહેતો નથી, કારણ ચોપડીમાં તો લખેલું છે મારી આ હકીકત તોપણ એણે બધા દસ મહિના સુધી પૈસા. જ્યાં એ લઈ જાય ત્યાં મને લઈ જાય. અનાજ અપાવે અને દસ મહિના સુધી આ બધી સંસ્થાઓ એણે ચલાવી છે. ત્યારે એ ભગવાન કહે છે—

*અનન્યાશ્ચિન્તયન્તો માં યે જના : પાર્યુપાસતે ।*
*તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥*

(ગીતા ૯/૨૨)

ત્યારે એ તો અનુભવની વાત છે. આપણે અનુભવ કરતાં નથી. આપણે કોક સારા માણસને પનારે પડ્યા હોઈએ, તે આપણને નભાવે. આપણે જો એની પ્રેમભક્તિપૂર્વક સેવા કરી હોય, એની પ્રત્યે વફાદારી દાખવી હોય તો એવા માણસો આપણને નભાવે છે. સંસારમાં એવા જોઈએ તેટલા દાખલા છે. તો ભગવાન કેમ ન નભાવે આપણને ?

## ભગવાનનું સગુણ અને નિર્ગુણ સ્વરૂપ

ત્યારે આ જે ભગવાન છે. એ સાકારેય છે ને નિર્ગુણેય છે. સગુણેય છે ને નિર્ગુણેય છે. ત્યારે એ નિર્ગુણ અને સગુણ. સગુણ એટલે કે કોઈ સ્વરૂપનું દર્શન એમ નહિ. એ સ્વરૂપનાં દર્શન થાય છે, જેને જેને જેવા જેવા પ્રકારની ભાવના.

ત્યાગરાજ સ્વામી આપણે ત્યાં હમણાં જ કાંઈ બહુ લાંબો સમય નથી થયો ભાઈ. સો વર્ષ પહેલાં જ એ કદાચ થયેલા છે. આ આપણા જ દેશમાં ત્યાગરાજ. એમને શ્રીરામ પ્રત્યક્ષ હતા. એમનો ઈતિહાસ વાંચો. એનું જીવનચરિત્ર વાંચો. તો શ્રીરામ એમને પ્રત્યક્ષ હતા. અને એના જેવો કોઈ સંગીતકાર તો હિંદુસ્તાનમાં પાક્યો નથી. કોઈ રાગ-રાગિણી એના પેટાવિભાગ એના જ. એમણે અખૂટ કીર્તિ, ન બનાવી હોય એવું છે નહિ. આજે પણ દક્ષિણ ભારતના સંગીતકારો તો ત્યાગરાજને જ ભજન એના. ત્યારે એ તો પ્રયોગ કરેલો છેને સાહેબ, ઈતિહાસની વાત છેને ? એને રામ પ્રત્યક્ષ હતા. મીરાંબાઈને કૃષ્ણ પ્રત્યક્ષ હતા.

ત્યારે એ જે સ્વરૂપ છે એ સ્વરૂપનું તો એક એવું આકર્ષણ છે. એ આકર્ષણ પછી કદી કાળ તૂટતું નથી. એના મનમાંથી આકર્ષણ ખસતું નથી. બિલકુલ ખસે નહિ. એ ગમે તે કર્યા કરતો હોય પણ એ આકર્ષણ એને મોખરે ને મોખરે જ રહેતું હોય છે. એટલું જબરજસ્ત આકર્ષણ છે એનું. એ જેવી તેવી વાત નથી. અને બહુ મોટી વાત છે. એ ભક્તો એમની સાથે વાત પણ કરી શકે છે. રમી શકે છે સુધ્ધાં.

ત્યારે એવા જે ભગવાનનું સ્વરૂપ તેને પણ હું સગુણ નથી કહેતો. હું તો સગુણ શું કહું છું કે **ચેતનના જે ગુણધર્મ તાદાત્મ્યભાવ, સાક્ષીભાવ, એ બધા ગુણો આપણા જીવનમાં પ્રત્યક્ષ પ્રગટે ને આપણે અનુભવીએ, એને હું સગુણ સ્વરૂપ કહું છું. ચેતનના ગુણધર્મ આપણામાં પ્રગટે ત્યારે એ સગુણ સ્વરૂપ.** ને નિર્ગુણનું તો કાંઈ કહી શકાય નહિ. શબ્દોમાં નિર્ગુણ કહીએ તોપણ contradiction

થઈ જાય. તે એટલું તમે કહો છો તે સગુણમાં જ આવી જાય. ત્યારે નિર્ગુણ તો કાંઈ કશું બોલી. માત્ર અનુભવી શકાય એવી સ્થિતિ છે. પણ એ નિર્ગુણની અવસ્થામાં માણસ રહી ન શકે. ગમે તેટલો અનુભવી હોય તોપણ એને નીચે ઊતરવું જ પડે. એને નીચે ઊતરીને જ પછી મનુષ્યની સાથેનો વહેવાર એનો રહી શકે છે. એને અવતરણ થવું જ પડે.

## ભગવાન શંકરનું પ્રતીકાત્મક રહસ્ય

ત્યારે કોઈ કહેશે કે ભાઈ પ્રત્યક્ષ આપણા ઋષિમુનિઓ બહુ ડાહ્યા હતા. બહુ દીર્ઘદૃષ્ટિ. કે ભઈ આપણે જે ધ્યેય પામવું છે એ ધ્યેયનું conception તો આપણે બુદ્ધિમાં પ્રગટવું જોઈએને ? તે આપણે કેવું ધ્યેય ? કેવા આપણે જે થવું છે તે કેવું છે ? તે Conceptionમાં આપણી બુદ્ધિની સમજણમાં આવવા માટે ભગવાન શંકરનું એક ઉદાહરણ આપણા અગાડી—પ્રતીક—Symbol મૂક્યો.

કે તમે ભગવાન શંકરને જુઓ. તો કામદેવને બાળી નાખ્યા છે. અને પાર્વતીજી સાથે રમત રમે છે. જાંઘ ઉપર બેઠેલા છે. પોતાના જમણા સાથળ ઉપર બેઠેલા છે. પુત્રો પણ થયેલા છે. બે Contradiction ને ? ત્યાં મેળ થયો. અસુરોના સ્વામી. એના ભૂત, પિશાચ, ગણના સ્વામી મહાદેવ. તમે કોઈને પૂછી જોજો. અને દેવોના પણ સ્વામી. બેઉ Contradictionનો જેનામાં મેળ ખાય છે. વળી પોતે તો સ્મશાનમાં રહેવાવાળા, રાખ ચોળવાવાળા, નિષ્કિંચન, પણ એનો એક ગણ કુબેર તો અઢળક સ્વામી. લક્ષ્મીનો તો જેને કહી શકાય નહિ, પારની કલ્પનામાં પણ ન આવે. એ બન્ને Contradictionનો જેમાં મેળ ખાય છે. ત્યારે આ અનુભવની સ્થિતિ. આપણા ઋષિમુનિઓએ મૂકી દીધી કે આવું જ્યારે થાય ત્યારે જ થાય. તે જ આ અવતરણને ઝીલી શકે. Decent of the Divine. આ જે ગંગાજી માથે ઊતરે છે એ તો પ્રતીક છે. Symbol

છે. આ જે Decent of the Divine એ ત્યારે અવતરી શકે કે આવી સ્થિતિ થાય ત્યારે.

## ચેતનાનિષ્ઠમાં વિરોધાભાસનો સુમેળ હોય

ત્યારે જ એને ઝીલી શકે. તાકાતવાળો એવો જ માણસ થાય ત્યારે. એ આપણને આપણા શાસ્ત્રકારોએ સમજાવી દીધું કે આવી સ્થિતિ થાય ત્યારે. એ અનુભવની સ્થિતિ. પણ આપણે કોઈ એને સ્વીકારી ન શકીએ. આપણી તાકાત નથી ભાઈ. આપણી માનસિક તાકાત નથી. આપણે એને એવો માણસ. આ તો શાસ્ત્રોમાં લખેલું છે ને આ બધું સમજાવ્યું છે. એટલે આપણને સારું લાગે છે ને આપણે કબૂલીએ. **પણ પ્રત્યક્ષ એવો કોઈ માણસ હોય તો. તો નહિ. સાલો લુચ્ચો છે આ તો. લબાડી છે. એમ જ કહીએ આપણે. આપણે એને સ્વીકારી ન શકીએ એવા માણસને. કારણ કે અસુરનોય સ્વામી ને દેવનોય સ્વામી. તો અસુરેય આવે એની સાથે અને દેવોય હોય. તો કે અસુર હોય તો આપણાથી ના પત્તો ખાય. આપણે ના સ્વીકારીએ એને. સાલો, આ તો આવો છે. આ તો આવા બધા છે ને એની સાથે ને બધા. હજુ દેવ હોય તો તો વાંધો નહિ. તો તો આપણને સારું લાગે, પણ અસુરોની સાથે રમતો હોય ને એવું કરતો હોય તો આપણાથી ન સ્વીકારાય એને.**

હવે ભગવાન શંકરની પેઠે એ નિષ્કામ થઈ ગયો છે. માણસની એવી તો આપણને ખાતરી ના હોય. શી રીતે આપણને ખાતરી પડે એવા માણસની કે આ નિષ્કામ થઈ ગયો છે એવો ? પણ એવા માણસની ખાતરી પડે છે. જગતમાં એને એવાય પ્રસંગો બને છે. એવાય પ્રસંગો આપમેળે એના જીવનમાં પ્રગટે છે કે એની પણ સાબિતી મળે છે. પણ જેને જાણવું હોય તેને મળે છે. નથી મળતું એમ નહિ.

ત્યારે આપણા શાસ્ત્રકારોએ આપણી આગળ પ્રત્યક્ષ મૂક્યું બધું કે જેથી આપણી બુદ્ધિ સ્વીકારી શકે કે **આપણે આવા મહાદેવના જેવા થઈએ તો આપણામાં Decent of the Divine ઊતરે. આ સિવાય નહિ.** ત્યારે આ પણ એક વિદ્યા છે. ત્યારે બીજી બધી વિદ્યાઓ શીખવાને માટે આપણે કોઈ ને કોઈ ગુરુ પાસે તો જવું જ પડે છે. બાળપોથી ભણ્યા, પહેલી ભણ્યા, ચોથી ભણ્યા, મૅટ્રિક પાસ થયા. કૉલેજમાં ગયા. તો કોકની પાસે શીખીએ છીએને ?

વેપારમાં પણ એમ જ. કોકની પાસે શીખ્યા વિના તો કોઈ વિદ્યા આવડતી નથી આપણને. સુથારની વિદ્યા હોય તો સુથારની પાસે જવું પડે. લુહારની વિદ્યા હોય તો લુહાર પાસે જવું પડે. હીરાની વિદ્યા શીખવી હોય તો જે શેઠ બેઠો હોય તેની પાસે શીખવી પડે. કાંઈ પણ શીખવું હોય, રસોઈનું શીખવું હોય તો કોઈ બહેન પાસે કે મા પાસે શીખવું પડે. કાંઈ પણ કશું શીખવું હોય તો એ શીખવનાર એ જે શીખવવાને શીખવાનું છે તેનો જે જાણકાર છે તેની પાસે આપણે રહીએ અને શીખીએ તો શિખાય.

## સ્વવિકાસનો પાયો-ગુરુમાં તાદાત્મ્યતા

એટલે ગુરુની જરૂરિયાત તો એકેએક ક્ષેત્રમાં છે. કોઈ ક્ષેત્રમાં ગુરુ વિના તો આપણાથી કંઈ કશું શિખાય એવું છે જ નહિ. પણ આની એક વિશેષતા છે. આ આધ્યાત્મિક વિદ્યા શીખવાને માટે જ્યાં સુધી તમે ગુરુમાં હળી, ભળી, મળીને એક ના થઈ જાવ, ગળી ના જાવ ત્યાં સુધી આપણામાં Receptivity સંગ્રાહકશક્તિ–ગ્રહણ કરી લેવાની શક્તિ કદી ના જન્મે. એવો પ્રેમભક્તિપૂર્વકનો એની સાથેનો આપણી એક થઈ જવાની શક્તિ આપણામાં જાગે—એ ભૂમિકા કેળવાય ત્યારે એનાં મોજાં આપણા હૃદય આપણી—ભૂમિકા ઝીલી લે. એને અંગ્રેજીમાં Receptivity કહે છે.

**એ Receptivity જ્યાં સુધી પ્રગટે નહિ ત્યાં સુધી ભલેને હજારો વર્ષ તમે રહ્યા કરો. પણ કશો એનાથી પત્તો ના ખાય તમારો. તે તો ઘણો કાળ રહ્યો ને તોપણ આવો ને આવો રહ્યો, કારણ કે એવો ને એવો રહે. એનું કારણ છે કે એને Receptivity પ્રગટી નથી. પછી શું કરે એ ? પેલાનાં મોજાં એનામાં જાય નહિ કદી. જઈને અથડાઈને પાછાં જ પડે. ત્યારે આ Receptivity ગુણ એટલે કે એનાં મોજાં આપણા તરફ આવતાં હોય એને પકડી લે, ઝીલી લે, આવકારી લે. એવી સ્થિતિ આપણે કરવી જોઈએ. એને માટે આ પ્રેમભક્તિ એની સાથે તદાકાર એક થઈ જવું. હળી, ભળી, મળીને, ગળીને એક થઈ જવું.**

એ પણ મેં કરેલું છે સાહેબ. ભયંકર અભય કેળવવાનો મને હુકમ થયો. તો ગમે તે ઠેકાણે ભયંકરમાં ભયંકર જગાઓએ હું રહેલો છું. ગમે તે મને હુકમ થયા. દરિયામાં ચાલી જવાના હુકમ થયા. તે મેં પાળેલા છે. અને હું એવી વાત નથી કહેતો કે જેના કોઈ સાક્ષી ના હોય. જેનો કોઈ સાક્ષી ના હોય એવી વાત કદી કરતો નથી. આજેય એ બધાં સાક્ષીઓ છે. તમે બીજા બધાંની વાત વાંચો. એ તો થઈ ગયેલી હોય, પણ આજે મારા જીવનના પ્રસંગોના સાક્ષીઓ હજી ઊભા છે.

## *મોટા,* તમારા કુટુંબમાંના એક છે

હું તો તમારા કુટુંબમાંનો એક છું. તમારું ફરજંદ છું. એટલે હું ખાસ વિષય આજે કહું છું કે ભઈ, તમે બધાં મારા પર ભાવ રાખો. મારે બીજું કશું કામ નથી. પૈસા તમે આપો છો તે તો બહુ આનંદ છે મને. હું તો તમારું છોકરું છું. એટલે તમે મને આપો. એમાં બહુ વિશેષતા મને લાગતી નથી. વિશેષતા તો બહારવાળા મને આપે છે. આ જિંદગીમાં મને એકીટાઈમે પચીસ-પચાસ હજાર આપનારો કોઈ મળેલું નથી. મારે ને તમારે જેટલો સંબંધ છે એટલો કાંઈ રાવજીભાઈ સાથે સંબંધ નહિ. દર વર્ષે પંદર-સત્તર હજાર તો

ખરા જ એના. બીજા પણ એવા ભાઈઓ છે. નથી એમ નથી. તેથી એની વિશેષતા નથી આંકતો. મને તો મારા કુટુંબ તરફથી મળે છે એની મને વિશેષતા લાગે છે. હું તમારામાંનો એક છું એવું મને હંમેશાં લાગ્યા કરેલું છે.

## *મોટા*નું કર્તવ્ય—ભગવાનની ભાવનાનું બીજારોપણ

અને મારું શરીર તો હવે લાંબું ટકવાનું નથી. આ બધા દાખલા એટલા માટે આપ્યા કે તે સાચા છે. તમે ખાતરી કરી જુઓ. જેને જેમ ખાતરી કરવી હોય એ ખાતરી કરી શકે છે. અને તો પછી આ ભાવના જો ન જાગે તો મારું નસીબ! પણ **મારે મારું દિલ એટલું છે કે આ શરીર પડે તે પહેલાં તમારા બધાંયના દિલમાં આ ભગવાન પરત્વેની ભાવનાનું બીજારોપણ થાય. એ મારે જો થાય તો મને મારા કર્તવ્યથી મને એમ આનંદ થાય કે ના આ મારું કર્તવ્ય થયું.**

પણ ઘણે ઠેકાણે જુઓ સાહેબ, આ ઈતિહાસ. આ પણ ઈતિહાસ છે કે ગમે તેટલા ભક્ત થયા હોય બહાર બધે પંકાય. બધે એને ભક્તિ આપે. પોતાના કુટુંબમાં નહિ સાહેબ. મને મારા બધા માણસોએ ના પાડેલી કે અલ્યા, તું તારા નડિયાદમાં ના કર તું. તારા ગામમાં. મેં કહ્યું ગામમાં જ જવું સારું. આપણું ચારિત્ર્ય કેવું હતું ? કેમ વર્ત્યા હતા ? કેમ નહિ ? કોઈ ચાર લોકોને જાણવું હોય તો જાણવાનું મળેને ? ગામમાં સારું. પાંચ હજાર માઈલ દૂર આપણે બેઠાં હોઈએ તો કોણ છીએ ? કેવાં છીએ ? શી ખબર પડે ?

આજે નડિયાદમાં જઈને હું બેઠો છું. ત્યાં સારી રીતે માન-આદર થાય છે. એટલું જ નહિ પણ તમે જુઓ. બધાં ભક્તોને તેમના જ્ઞાતિજનોએ હંમેશાં તિરસ્કાર કર્યો, અવગણના કરી. મારે ત્યાં એવું કાંઈ નથી. ઊલટું મારા જ્ઞાતિવાળા વસંતપંચમી ઊજવવાના છે. ભઈ, મારા ગામમાં પણ આ વખતે રક્ષાદિન બહુ સારી રીતે ઊજવાયો. જેણે જોયું હોય જે હાજર હોય તે જાણે. આ દિલીપભાઈ હતા. કેટલો સુંદર રીતે ઊજવ્યો એ લોકોએ!

## ચેતનાનિષ્ઠની ઋણ અદા કરવાની રીત

ત્યારે પણ આ એક એવો ઐતિહાસિક બનાવ છે. નરસિંહ મહેતા જુઓ, તુકારામ જુઓ, જ્ઞાનદેવ જુઓ. એ બધા થઈ ગયા. એમના સમાજે, એમના કુટુંબે એમને કાંઈ ગણ્યા નથી. તો તમે તો મારું કુટુંબ છો, પણ તમે ગણો કે ના ગણો, તમે તો મને ગણ્યાં છો એવું સમજું છું. તમે મને મદદ કરી છે. હું બોલી શકતો નથી. પણ મારું ઋણ તો ક્યારે અદા થશે કે તમારા બધાંના દિલમાં આ ભાવનાનું બીજ રોપાશે અને તે હું કાંઈ છોડવાનો નથી. પણ મારું શરીર એ કાંઈ મારું જીવન એ કાંઈ અંત નથી. મારું શરીર પડી જશે એ કાંઈ જીવનનો અંત નથી.

અને હું તો ઘણા વખતથી કહું છું કે હું ફરીથી જન્મ લેવાનો છું. અને તે સ્ત્રીનો લેવાનો છું એમ પણ કહું છું. એટલે તમારી સાથેનો મારો સંબંધ મેં કાયમ રાખ્યો છે, એનાથી તમે મારી પાસે આવવાના છો, આવવાના છો ને આવવાના છો એની મને આજે અત્યારે પણ એટલી જ ખાતરી છે, પણ એ ખાતરી પેલા કાળની વાત છે ત્યારે.

મારું શરીર છૂટતાં પહેલાં બધાંનામાં જો આટલું થોડુંક ભાવનાનું બીજ જો રોપાઈ જાયને તો મને બહુ સંતોષ થાય અને આ દાખલા મેં આપ્યા છે તેનો તમે વિચાર કરજો. તમે જઈને બધાંને પૂછી શકો. ખાતરી કરી શકો છો. ભાઈ નંદલાલે તો આ બધું જોયું છે.

## ચેતનાનિષ્ઠમાં ચાર પ્રકારના પરમહંસ

ત્યારે આવા જે માણસો છે. આવા માણસોને (કોઈ બાળક વચ્ચેથી મોટેથી બોલે છે તો પૂ. શ્રીમોટા તેના વડીલને ટકોરે છે. કાંઈ વાંધો નહિ. એના તરફ લક્ષ ના રાખશો. એને કરવા દો. એને અટકાવશો નહિ કોઈ.) આવા જે માણસો છે એનો પણ આપણા શાસ્ત્રકારોએ અભ્યાસ કર્યો કે એની Categories પાડી.

પ્રકાર પાડ્યા. કે બાળવત્, જડવત્, પિશાચવત્ અને હંસવત્. એ ચાર પ્રકારના પરમહંસ કહ્યા. આનાથી પણ આગળની સ્થિતિ છે, પણ આ ચાર પ્રકાર તો એ લોકોએ બતાવી દીધા. ત્યારે બાળવત્ હોય તોય આપણે એને સાલો આ શું બધું ? આ માંગે તે માંગે. આમાં મન થઈ જાય. તેમાં. આ તો સાલો બહુ રાગવાળો છે. એમ કહી દઈએ આપણે. બાળવત્ વર્તે. કાંઈ સારું દેખે તો બાળકને લેવાનું મન થઈ જાય છેને ? તેવું પેલાને જો કોઈ મન થઈ જાય તો આપણે ખલાસ! મનથી ઉતારી દો. આપણે એને કે આમાં ને આમાં રાગ લાગી જાય છે. આને આનો તો મોહ છે, પણ બાળવત્ પણ હોય છે. તેને આપણે નહિ ઓળખીએ.

જડવત્-કાષ્ઠવત્ પડી રહે. આ મેં જોયેલા છે. બાળવત્નો અનુભવ છે મને અને જડવત્ બિલકુલ નિશ્ચેષ્ટપણે પડી રહે. ખાવાની કોઈ સ્પૃહા નહિ. પાણી પીવાની સ્પૃહા નહિ. કોઈ એને ખવડાવે તો ખાય. પાણી પિવડાવે તો. મેં એવી રીતે ચાર-પાંચ-છ દિવસ સુધી બિલકુલ ખાધા-પીધા વિનાના પડી રહેલા જોયા છે. કરાંચીમાં. ઓલિયાને એક. તદ્દન ફૂટપાથ ઉપર. ત્યારે બિલકુલ એને કોઈ પછી કોઈક માણસ આવે. એને પાણી પાય. ખવડાવે તો ખાય. મેં અને હેમંતભાઈ બન્નેએ જોયેલા છે.

જ્યારે ત્રીજો એક પ્રકાર કહ્યો કે પિશાચવત્. પિશાચના જેવા વર્તે, એને કેવી રીતે તમે ઓળખો કે આવા જ્ઞાની પુરુષ છે ? પણ આપણા શાસ્ત્રકારોએ આ ચાર categories પાડી. પિશાચ જેવું પણ વર્તે. તોપણ એ જ્ઞાની હોય. કારણ શું કે ભગવાન જે છે ચેતન છે તે સતમાંય વર્તે, અસતમાંય વર્તે. અસતમાંય ચેતન તો છે. કોઈ ના નહિ પાડી શકે. ત્યારે એ પિશાચ જેવું પણ વર્તે તોપણ એ જ્ઞાની છે, પણ કોક કોક જ હોય, પણ હોય છે ખરા એવા અને હંસવત્ એટલે કે Discrimination–સુંદર રીતે. હંસ જેમ પાણી ને દૂધ ભળેલું હોય તો નીરક્ષીર ન્યાયે તે દૂધ એકલું લઈ લે એવા.

આવા જે ચાર પ્રકારના પરમહંસો કહ્યા. ત્યારે આપણા લોકો અનુભવી હતા. એમણે જોયું કે આવી રીતે પણ આવા લોકો વર્તે. તે શાસ્ત્રમાં અને મોટા મોટા લોકોએ કબૂલ કરી વાત. બધાએ રામકૃષ્ણે કહ્યું છે. શ્રીઅરવિંદે લખેલું છે આ. પણ અહીં પ્રત્યક્ષ કોઈ હોય એવો તો એને કોઈ સ્વીકારે નહિ. ગમે તેટલો તમારો સંબંધ હોયને.

## ગુરુમહારાજની શિખામણ પ્રમાણે ચાલું છું

એટલે મારા ગુરુમહારાજે મને કહ્યું, ભઈ, તું ચેતતો રહેજે. આ તારું શરીર ગૃહસ્થાશ્રમી છે. આ ઘેલછા-બેલછા ગમે તેમ કાઢતો નહિ. નહિતર તારું કામ બગડી જશે. આ બધાંની સાથે તારે રહેવાનું છે ને ભળવાનું છે. એટલે આ બધા ચેનચાળા તું કરતો નહિ. એટલે તો મારા ગુરુમહારાજની શિખામણથી હું ચાલું છું. અને કેટલાય ભાવો થાય છે, પણ હું વ્યક્ત કરતો નથી. કોઈને જણાવાય દેતો નથી, પણ આ મેં પ્રસંગો કહ્યા તે બધી સાચી વાત છે. તે પ્રસંગો પરથી તમે સમજો તો સારી વાત છે અને આજનો દિવસ એવો છે કે મારે તમને ચોખ્ખે ચોખ્ખું સાચું કહેવું જોઈએ. એટલે મેં તમારી આગળ આ બધી વાત મૂકી છે.

## *મોટા,* પેઢીના હિતેચ્છુ છે

**પૂ. શ્રીમોટા :** કેટલા વાગ્યા ભાઈ ?

**એક ભાઈ :** નવ.

**પૂ. શ્રીમોટા :** ત્યારે બીજું તો મારે વિશેષ કહેવાનું નથી. તમારા દિલમાં મારું સ્થાન રાખજો. અને તમારું એક છોકરું છું. આ પેઢીનું. અને પેઢીનું છોકરું છું. માત્ર એક કલ્પનાની દૃષ્ટિએ નથી કહેતો. હકીકતની દૃષ્ટિએ કહું છું. એ હકીકત તમારાથી સમજાય તો સમજજો. અને એક દાખલો તમને આપી દઉં. ચંદ્રકાંત જાણે છે અને મામાય જાણે છે.

એક વખતે મારા મનમાં એમ જાગ્યું કે આ અમારી પેઢી પારો લે તો સારું. જે તે વાતે. તદ્દન બનેલી સો ટકાની સાચી વાત છે. તમારાથી સ્વીકારાય કે ના સ્વીકારાય તેની મને પરવા નથી. કે તમારાથી લેવાય એટલો લો. એમ પણ કહેલું મેં. મારો એક કાળ એવો હતો કે હું વ્યાપારી નહિ એટલે મારામાં વિશ્વાસ ન બેસે. હું સમજી શકું. પણ મેં કહેલું. એ વાત સાચી હતી. અને લેવાય એટલો લો. એમ પણ મેં કહેલું. રાહ જોવાનું કહેલું. પછી એમાંથી નફો થયો હતો. ફાયદો થયો હતો એ વાત સાચી છે. પછી મેં કોઈ દિવસ મારા મનમાં એવું કરવાનું ઊગ્યું નથી, પણ બીજી રીતે મેં આ પેઢીના કામકાજમાં રસ લીધેલો છે. પાકો રસ લીધેલો છે. એ મારા મનથી ખાતરીની વાત છે.

એટલે હું કહું છું કે આ પેઢીનું હું છોકરું છું. એમ ને એમ નથી કહેતો. માત્ર કલ્પનાની દૃષ્ટિએ કહેતો નથી હું. તદ્દન સાચે સાચી રીતે સ્વીકારાય કે ના સ્વીકારાય એ માટે હું તદ્દન નિઃસ્પૃહ છું. અત્યાર સુધી હું નિઃસ્પૃહ જ રહ્યો છું.

અને આ મારું શરીર ઝાઝું ટકવાનું નથી. એ વાતની પણ મને ખાતરી છે, કારણ કે અગણોસિત્તેર થયા. ભલે એંસી થાય માનો કે, પણ આખી જિંદગીમાં આખા કાળની ગણતરીમાં દસ અગિયાર વર્ષ શા હિસાબમાં ? એટલા ગાળામાંય આપણે બધાં પ્રેમથી હળીએ. ભળીએ, મળીએ. અને આ એક ભાવનાનું મારે બીજું કાંઈ જોઈતું નથી. એક ભાવનાનું બીજ રોપાય. સદ્ભાવનાનું એક બીજ રોપાય. ભગવાન પરત્વેની એક ભક્તિનું બીજ રોપાય એ જ મારું કર્તવ્ય છે. હરિઃૐ તત્ સત્.

**પ્રવચન સમાપ્ત.**

॥ હરિઃૐ ॥

# તા. ૨૧-૭-૧૯૬૮ના રોજ કુંભકોણમ્‌માં ગુરુપૂર્ણિમા દિને પૂ. શ્રીમોટા સાથે એક જિજ્ઞાસુ ભાઈની પ્રશ્નોત્તરી

## શ્રી હરિભાઈનું ઉદ્‌બોધન

**જિજ્ઞાસુ :** હમણાં Reader's Digestમાં લેખ છે. પછી એમાં એવું કહે છે, માણસને આમ આપણે સાધારણ રીતે જાણીએ છીએ કે ઘણીવાર એવું બને છે કે થોડા Distanceની અંદર અથવા લાંબા Distanceમાં પણ એક વ્યક્તિ બીજી વ્યક્તિને યાદ કરે ત્યારે બીજાને પણ ઘણી વખતે ભાસ થાય છે કે મને એણે યાદ કર્યો. એ માટે એણે ત્રણ-ચાર દાખલા આપ્યા. Reader's Digestમાં હમણાં. એ તો જાણે કે એવી એક આપણે કહીએ છીએને કે જે ન સમજી શકતા હોય અથવા Telepathyને ન માનતા હોય એવા લોકોને પણ એવા અનુભવ થઈ રહે છે કે જેથી કરીને એ લોકો પણ પછી માન્ય કરી દેતા હોય છે.

એવી રીતે એવો એક દાખલો આપે છે કે એક બાઈ ફ્રાંસમાં રહેતી હતી. એ એના દીકરા સાથે અમેરિકા શિપમાં ગઈ. જ્યારે એણે અમેરિકામાં પગ મૂક્યો એ જ વખતે ત્યાં યુરોપમાં વૉર ફાટી નીકળી. એટલે અમેરિકાથી એને પાછા ફરવાની શક્યતા ન બની.

ત્યાં આગળ એક દિવસ રાતે સૂતેલી ત્યારે એને એક સ્વપ્નું આવ્યું. એ સ્વપ્નામાં પોતે જોયું કે બહુ જ ગુસ્સામાં પેરિસના પોતાના ઘર તરફ પાછી ફરી રહી છે. પોતે જે મકાનમાં રહે છે, જે ફ્લેટ ઉપર રહે છે તે માળ ઉપર બહુ જ ઝપાટાબંધ ચઢે છે. ગુસ્સામાં ને ગુસ્સામાં ત્યાં જઈને પછી એણે બારણું ઠોકાવ્યું અને

એ સ્વપ્નામાં. જે રીતે બારણું ઠોકે છે એ રીતે એક માણસ ખોલે છે. તો પોતાના ફ્લેટમાં બીજો માણસ, તદ્દન અજાણી વ્યક્તિ, ઠીંગણો છે, ભાવવાળો છે અને જરા ઉંમરલાયક છે. એ માણસે કહ્યું કે આવ. એમ કહી કે તમારે કોનું કામ છે ? એટલે પેલી એને ગણકાર્યા વિના એકદમ અંદર દાખલ થવાનો પ્રયત્ન કરે છે ત્યારે પેલો માણસ હાથ નાખીને કે આવ અંદર અને પોતે પોતાના ઘરમાં એક નવી વ્યક્તિ તરીકે આવકાર પામે છે અને અંદર જઈને જુએ છે તો પોતાનાં ફર્નિચરમાં જે બધું ગોઠવેલું છે એના પર કોઈના પર ચાદર પાથરી નાખેલી છે અને રૂમની વચ્ચે એક પડ્યું છે અને આવી રીતે એને આંખમાં એકદમ આંસુ આવી જાય છે. એકદમ ગુસ્સાના કારણે.

પેલી વ્યક્તિ જાગી ગઈ અને જુએ છે કે પછી ભૂલી ગઈ એ વાત. ત્યારે પેલો છોકરો છે તે એ મોટો થઈ જાય છે. અને છોકરો લડાઈમાં ખતમ પણ થઈ જાય છે. મરી પણ જાય છે અને લડાઈ જ્યારે પૂરી થાય છે. છ વર્ષ પછી ત્યારે એ બાઈ પેરિસ પાછી જાય છે. ત્યારે એ જાય છે ત્યારે એનો જે ઍપાર્ટમેન્ટ છે, એનો જે ઍપાર્ટમેન્ટ એક અમેરિકન ઑફિસરે occupy કરેલો છે. એટલે એને ખાલી કરીને જતો રહેવા ફોન પર ફોન કરે છે, પણ પેલા માણસને રૂમ ખાલી કરવો પડે એટલે એ દાદ નથી આપતો. એ તેને એપોઈન્ટમેન્ટ આપે છે. એટલે એ બાઈ ગુપચાવી એ પોતાના રૂમ તરફ જાય છે. અને ઉપર ચડી અને બારણું ઠોકે છે તો અંદરથી ડામીસ માણસ ખોલે છે અને એ માણસનું એ વ્યક્તિનું મોં જોતાં જ એને એકદમ થાય છે કે છ વર્ષ પહેલાં એક કદના માણસને જોયો હતો. તે આ જ છે. તે માણસ ઠીંગણો ને હાથ મુકાઈ જાય છે. તે ગુસ્સામાં એમ કહે કે આવ અંદર એમ કહીને બોલાવે છે અને ગુસ્સામાં દાખલ થઈને જુએ છે.

તો એકી વખતે બે માણસ વાત કરે છે. ટેલિપથી કામ કરે છે જે વસ્તુ તે બાઈને સ્વપ્નામાં આવવાની શક્યતા. મેં તમને પહેલાં વાત કરેલી મને યાદ નથી પણ કાકા માંદા પડ્યા '૫૫ની સાલમાં તેના પહેલાં એક દિવસ રાતના મને સ્વપ્નું આવ્યું કે જાણે કે ભીંતને અડીને લઈને ખાટલો છે અને ખાટલામાં કાકા નગ્નાવસ્થામાં સૂતા છે અને હું પાછળથી જોઉં છું અને હું જાણે કે રડું છું. એટલા માટે કે હવે જાણે કે હમણાં જેમ વખત આવે તો જેમ થાય એમ થવાનું એટલામાં હું જાગી ગયો. જાગી ગયો ત્યારે હું રડતો હતો પણ આંખમાંથી આંસુ જતાં હતાં. તે વખતે થયું કે આવું સ્વપ્નું આવવાનું કારણ શું ? એ વખતે એ માંદા ન હતા ને કશુંય ન હતું પછી તે જ પ્રમાણે ભીંતે અડીને ખાટલો હતો ને અમે કાકાને નવડાવતા હતા. તે વખતે મને ખ્યાલ આવ્યો કે આ જ સીન (દૃશ્ય) મેં દોઢ વર્ષ પહેલાં સ્વપ્નામાં જોયો ને મેં બાને વાત કરેલી. કાકાને તો વાત ના કરી જાણે કે તમારું મેં આવું દૃશ્ય જોયું. પણ એ દૃશ્ય જોયું ત્યારે એ વખતે મને થયું કે આ જ સીન મેં જોયો છે પહેલાં. હવે જે પેલા બીજા અમુક જાતના સીન આમ જનરલ... થાય. પણ આ તો જાણે કે નક્કી હોય.

એ જ પ્રમાણે કાકાને કાંઈક અનુભવ થયો કે એક દિવસ રાતના સૂતા હતા અને ઊંઘમાં એમને સ્વપ્નું આવ્યું કે એકાએક એ જાણે કે માંદા પડી ગયા છે અને ત્રીજે દિવસે કાગળ આવ્યો કે અકસ્માત થયો છે અને હૉસ્પિટલમાં છે અને સાજા થઈ જશે. આજે જ્યારે એમ સમજો કે એમને જે સ્વપ્ન આવેલું એ રીતે એમને ઍક્સિડન્ટ પણ થયેલો. આ ઘણા વખત પહેલાં દોઢ વર્ષ પહેલાં મને એવું સ્વપ્નું આવેલું કે જે બન્યો. પરનો અનુભવ છે. એની Possibility ક્યાંથી હોય ? એમાં Telepathyનો તો કોઈ સવાલ જ ન હોય.

**શ્રીમોટા :** ના. ના.

**જિજ્ઞાસુ :** અને Futureમાં જે આ રીતે બનવાનું છે એ અંગે મને જણાવવાનું કે કોઈ શક્તિને જરૂરિયાત લાગી એને શી જરૂરિયાત ?

**પૂ. શ્રીમોટા :** બે ત્રણ રીતોથી એનો જવાબ આપી શકાય અને Rationally જો જવાબ આપવો હોય તો બીજી આપણા સિવાય કોઈક આવી શક્તિ ચેતન પ્રકારની અંદર સંકળાવ્યા વિના. તો આપણા પોતાનામાં એક સાત જાતની ગ્રંથિઓ પડી છે. થાઈરૉઇડ ગ્લેન્ડ, પીચ્યુટરી ગ્લેન્ડ, પ્રોસ્ટેટ ગ્લેન્ડ. એ તો હવે ઍલૉપથીથી એટલી બધી સાબિત થઈ ચૂકેલી છે કે સાત ગ્રંથિઓ છે. એમાં મગજની અંદર જે પીચ્યુટરી ગ્લેન્ડ છે. દિવસે દિવસે આ જે Telepathy એ કહે છે કે એની પાછળ ભારે શક્તિ છે. આ પીચ્યુટરી ગ્લેન્ડ અને એને એવા દાખલા પણ બનેલા છે. જે... નામની ચોપડી પણ છે. એને પડી જાય છે, બાંધતાં બાંધતાં કામમાં. પીટર-હરકોસ એનું નામ. કડિયાનું કામ કરતાં કરતાં પાલખ ઉપરથી એને એ આઘાત લાગે છે. એને એ પીચ્યુટરી ગ્લેન્ડનો. એનાથી કંઈક વિકાસ થાય છે અને ગમે તે કંઈક ફેરફાર એને લીધે આ સાહિત્યનું બધું જાણી શકતો હતો. માણસોના વિચાર તે માણસોને કાંઈ જણાવ્યું એનું કપડું અડકાડીએ તોપણ ત્યારે એ કાંઈ આધ્યાત્મિક તો માણસ હતો નહિ.

ત્યારે આપણામાં એક એવી શક્તિ રહેલી છે. એ શક્તિ એ પીચ્યુટરી ગ્લેન્ડ છે. એ પીચ્યુટરી ગ્લેન્ડમાંથી અમુક રસો પ્રાપ્ત થાય છે. ગ્લેન્ડ માત્ર. થાઈરૉઇડ ગ્લેન્ડ કહો. મામાને થાઈરૉઇડ ગ્લેન્ડ કે આ જાતની એક શક્તિ છે. અત્યારે પ્રોસ્ટેટ ગ્લેન્ડનું પણ એવું જ છે. આ જે વીર્યની શક્તિ કહો, તેજસ કહો તો એક જાતની દઢતા, મક્કમતા, મનોબળ એ આપણે પ્રોસ્ટેટ ગ્લેન્ડનું સ્થૂળ જેમ છે એનું કાર્ય પ્રોસ્ટેટ ગ્લેન્ડનું તેવું સૂક્ષ્મ પણ આ જાતનું એનું કાર્ય છે. દઢતા the power of determination, દઢતા,

મક્કમતા, તેજસ એ બધું પ્રોસ્ટેટ ગ્લેન્ડનું Functioning. તેવી રીતે પીચ્યુટરી ગ્લેન્ડ એટલી બધી. Even the past, even the future કે તે જ વખતે એના ખ્યાલમાં તે આવી જાય છે, કારણ કે બધાંને કેમ નથી થતું ને આપણને થાય છે ? એ સવાલ થાયને આપણને ? ત્યારે એ એક સમજવા જેવી વાત છે આમાં કે માણસ ઊંડે વિચારે કે આ બીજાં બધાંને નથી થતું ને આપણને થાય છે. તો આપણને હોય તો ખરુંને, કેમ કે એને પુરવાર થયું પાછું. એમ ને એમ તો આપણે કલ્પનાથી આ માની લઈએ છીએ. આમાં બિલકુલ કલ્પનાની વાત નથી. Realityની વાત છે એમાં, પણ બીજા લોકોને ન થયું ને આપણને થયું ત્યારે એ બતાવે છે કે એક જાતની એવી એક ભૂમિકા આપણી છે કે આ માર્ગે આગળ વધી શકીએ એવી ભૂમિકા આપણી છે ખરી. ત્યારે એ ભૂમિકાને કેળવવાની આપણને સભાનતા રહેતી નથી. એ પુરવાર કરી આપે છે.

કેટલાક માણસોને. મને પણ આ નાનપણથી જ હિમાલયનાં સ્વપ્નાં આવતાં અને બધાં દૃશ્યો જોતો. અને પહેલીવાર તો ગયો ત્યારે જે જે મેં દૃશ્યો જોયાં તેવે ઠેકાણે પણ હું ગયો હતો ત્યાં મને લાગ્યું કે આ જ દૃશ્ય નાનપણમાં હું જોતો. ત્યારે પણ મને આવી સભાનતા ને થયેલું કે આ એક એક જાતની Tendency જે છે તે મારા આ માર્ગમાં વધવાને માટેની એક ભૂમિકારૂપે છે એ મને ત્યારે સમજણની એક પ્રતીક તરીકે જાગેલું.

એટલે હાલ જે બનાવ બને છે તે એક આપણા પોતાનામાં જ આવી શક્તિ રહેલી હોય છે અને એ શક્તિ થોડે ઘણે અંશે એવા પ્રકારની છે કે થોડે ઘણે અંશે પણ કેળવાયેલી છે અને આમાં મુખ્ય ગ્લેન્ડ પીચ્યુટરી ગ્લેન્ડ બહુ મોટો ભાગ ભજવે છે. એ પીચ્યુટરી ગ્લેન્ડ એ આપણે સમજીએ એને આપણે માત્ર સ્થૂળ જ જાણીએ છીએ. આ દેખાય છે. તમે Disection કરો તો તમને ગ્લેન્ડ કાઢી આપી શકે. થાઈરૉઈડ ગ્લેન્ડ કાઢી આપી શકે. પ્રોસ્ટેટ ગ્લેન્ડ કાઢી

આપી શકે. એવી સાત જાતની ગ્લેન્ડ છે, અનેક જાતની ગ્રંથિઓ આપણા શરીરમાં, એને Disection કરીને ખોળેલી છે એ લોકોએ. હવે એના પર વિશેષ એ લોકો સંશોધન કરતા જાય છે કે આ શરીર પૂરતું જ આ ગ્લેન્ડનું કામ છે કે એનાથી વિશેષ પ્રકારનું છે અને જેમ જેમ સંશોધન કરે છે. એ કાંઈ માત્ર શરીર પૂરતું નથી.

આ જે ગ્લેન્ડસ્ છે. એનો શરીર પૂરતો તો સંબંધ છે. એનાથી પણ કાંઈ વિશેષ વધારે એનું Functioning છે. કાલ્પનિક સ્થિતિ એક જાતની. એનાથી આ બધું જાણી શકાય એટલી બધી પીચ્યુટરી ગ્લેન્ડની શક્તિ છે. ત્યારે એ કાંઈક અંશે આપણામાં કાંઈક થોડી ઘણી પણ જરા સરખી તલ જેટલી કહીએ તો, કારણ કે આપણને વારંવાર આવા નથી આવતા. જીવનમાં બે-ચાર વાર કે પાંચ વાર એવા આવ્યા હોય ત્યારે આપણું જીવન તો ઘણાં વર્ષો ટકેલું છે. એના વર્ષના પ્રમાણમાં બે-ચાર વાર આવ્યા હોય તો કાંઈ હિસાબેય નહિ, ક્ષુલ્લક કહેવાય. ત્યારે એ તો વિશ્લેષણ અંશે આપણી પીચ્યુટરી ગ્લેન્ડ વિકસેલી છે એમ એ સાબિત થાય છે. એમ એ સાબિત થાય છે એ જ બતાવે છે કે આપણે આ માર્ગે અભિરુચિને કેળવીએ તો વિકાસ થવાને બહુ મોટી શક્યતા છે. આ તો જાણે કે કોઈ ત્રીજી વ્યક્તિ વચ્ચે કાંઈક અંશે Divine Powerને બીજા વચ્ચે સંકળાવ્યા સિવાય આ મેં સમજાવ્યું.

હવે એક બીજી ભૂમિકા, કારણ કે એકલું બન્નેમાં પાસાં નહિ સમજી શકાય. અને એને આપણે અનુભવી શકીએ.

હવે એક બીજો પ્રશ્ન લઉં છું. આ નંદુભાઈ અહીં બેઠા હતા. મૌનમાં. અને આ લડાઈ સેકન્ડ વર્લ્ડ વૉર જાગી ત્યારે એ ખબર ન હતી. અને એણે પેરિસ ભડકે બળતું જોયેલું. નંદુભાઈએ મૌનમાં. એમને પોતાને અનુભવ છે, કારણ કે અંદર તો એને કશી ખબર

જ નહિ. કે એ છાપાંબાપાં તો એ વાંચતા ન હતા. એ તો એણે લખ્યું કે આવું થયું. એણે જોયું પ્રત્યક્ષ.

એટલું જ નહિ પણ ક્યાં એમના ભાઈ મરી ગયેલા એ કીકાભાઈ હતા. બંસીભાઈ હતા. બંસીભાઈ નહિ હતા. એમના સગાભાઈ એમનાં પત્ની મરી ગયાં હશે ને ચિતા બળે છે. બધાં ગયાં હશે ને તે પણ એમણે....

**જિજ્ઞાસુ :** .....

**પૂ. શ્રીમોટા :** ના એમના ભાઈ.

**જિજ્ઞાસુ :** નંદુભાઈના.

**પૂ. શ્રીમોટા :** બંસીભાઈ. તે પણ એમણે જોયેલું.

**જિજ્ઞાસુ :** બંસીભાઈનાં પત્ની મરી ગયાં.

**પૂ. શ્રીમોટા :** મરી ગયાં ને ચિતા બળે છે તે બધું પણ પ્રત્યક્ષ જોયેલું. એણે બધું નોંધી રાખ્યું જ હશેને. લખેલું છે કે આ બધું જોયેલું. ત્યારે તે વખતે તે એક એવા મૌનરૂમમાં એક ચેતનાનું વાતાવરણ છે. અમારે ત્યાં પણ છે વાતાવરણ એવું. ઘણાં વર્ષોથી– ઘણા વખતથી જોઉં છું કે એક આ ભગવાનનું સ્મરણ થતું હશે તે તદ્દન એનાં મોજાંઓ ક્યાંના ક્યાં હોય અને એક વાતાવરણ થઈ જાય.

ઘણાયે માણસો અમારે ત્યાં આવે. મૌનમંદિરમાં કોઈ દિવસ બાપ જન્મારેય નામેય ના લીધું હોય. પણ એવા માણસો બાર-બાર કલાક સુધી ચૌદ કલાક સોળ કલાક વધારેમાં વધારે આવેલું છે. પણ બાર કલાક કે અગિયાર કલાક તો એવરેજ કહી શકાય. થાય છે. અનુભવ નથી થતો એનું કારણ કે continuity નથી. અખંડતા નથી એની.

અહીં ઘણા લોકો બેસે. મામા કે કોઈ બેસે તો નથી થતું એનું કારણ કે એ વાતાવરણ જામેલું નથી. અહીં અખંડ થયા કરીને તો એના એક મોજાંને એક વાતાવરણ ત્યાં આગળ રહ્યા કરે છે. તે અમારે ત્યાં આશ્રમમાં પણ ઘણાંને થાય છે એવું. આવું થઈ શકે

છે. ત્યારે એક અહીં આગળ જુદી જ રીતે આપણે વિચારવાનું બને. દરેક.... આપણે જે વિચારીએ તે વાત જુદી. અહીં એક વાત જુદી. અહીં એક જાતનું ચેતનાનું એક વાતાવરણ થઈ ગયું છે અને તે એક વખતે એવી રીતે ભાવની સ્થિતિમાં હોઈએ. ભજન કરતાં સૂઈ ગયા હઈએ. ભગવાનનું નામ લેતાં લેતાં. એમ ને એ રીતે ઘણાં સાધન કરી શકાય. ધ્યાન આ તે આ બધાં સાધનો પણ કરતાં ત્યારે એક ભાવની સ્થિતિ જાગી જાય અને આંખ ખૂલી જાય છે. આંખ ખૂલી જાય છે તે એટલી તેની સાથેના આપણે તે વખતે એક સંસ્કાર. આપણામાં તો પડેલા હોય છે બધાના. ઘણા બધા. તે સંસ્કાર જાગી ગયો હોય તો એ સંસ્કાર પ્રત્યક્ષ થઈ જાય. આકાર લઈ લે. એવી રીતે એક આનો સંબંધ અત્યારે સાથે હોવાથી આ પ્રમાણેની શક્યતા થઈ.

હવે એક બીજી દૃષ્ટિ હવે એક ત્રીજી દૃષ્ટિ લીધી કે આ તો અગાઉથી જે બનાવ બને છે એ તો પાંચ-છ વર્ષ પછી બને છે અને પાંચ-છ વર્ષ પહેલાં અનુભવે છે આ તો. તો એનું કેવી રીતે ? એનો સમન્વય કેવી રીતે કરવો આપણે ? તો પ્રત્યક્ષ આપણે આજે થયું ને આજે ને આજે આપણને ભાન થયું તો તો હજુ સમજાય, પણ પાંચ-છ વર્ષ પહેલાંથી આ તો થયેલો બનાવ છે. તો તેનો સમન્વય શી રીતે કરવો ? એની સમજણ પાડું.

આપણે જીવીએ છીએ કાળ અને સ્થળની દુનિયામાં. Time and Space. પણ Time and Space એ Relative છે. એ તો આજે પુરવાર થયું છે. Relative છે એ તો આપણે સાબિત કર્યું છે અને મોટા બધા સાયન્ટિસ્ટોએ પછી એટલે આપણે માનીએ છીએ. આપણે કંઈ એના .... .... અનુભવ નથી. પણ આ પણ એ સ્વીકારી લઈએ છીએ કે ના આ વાત સાચી છે કે Relative. ત્યારે ત્યાં કોઈક આગળ કે પાછળ કાંઈએ છે નહિ Timeમાં. ત્યારે આવું કંઈક આંતરિક કે વખતે જ્યારે કે છ વર્ષ પહેલાં પેલી બાઈને આદેશ આપ્યો એણે તોય વાંધો નથી. ત્યારે તે વખતે એને શું થયું

હશે ? સામાન્ય રીતે તો માણસને થતું હોતું નથી. કે કાંઈક એના દિલમાં કોઈક પ્રકારનો.... થયેલો હોવો જોઈએ. કાંઈક. જેમ આ ..... તો અમુક પ્રકારના અમુક અમુક .... .... હોય તો .... યોગ્યતાવાળો એને. જો આ આખા બધાંયને અને પોતે ...... તો તેવી રીતની પોઝિશન તેવી રીતનું પાછું એને ગોઠવવુંય ખરું. બધું કર્યું હોય તો જ આવે.

ત્યારે આ બાઈને છ વર્ષ પહેલાંથી જ આ જે દેખાયું થયું ત્યારે આપણા ..... ત્યારે માનો કે એના beingમાં કાંઈક change થયેલો હોય. સામાન્ય જો હોય તો સ્વપ્નમાં પણ આવું ના આવે. તો કાંઈક change થયો હોવો જોઈએ એના being નો. ઊંઘતી હશે, પણ ઊંઘે છે ત્યારે શરીર ઊંઘે છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આ બધાં કાંઈ ઊંઘતાં હોતાં નથી. એ તો જાગતાં જ હોય છે. એ તો આપણે બુદ્ધિથી પણ કબૂલ કરીએ. નહિ તો આપણે જોઈએ કેવી રીતે દૃશ્ય ? તે વખતે બધા માણસોને મળીએ દેખીએ, કરીએ પણ અંદરથી બધું આપણે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ વગેરે બધાં જાગતાં હોય છે. ત્યારે એ જે change થાય છે તો change કેમ થયો એના પર હવે આપણે આવીએ.

કોઈક પ્રકારનો change થયો, ત્યારે આ જે એક એને Super Natural Power તો ન કહીએ પણ કંઈક આપણા કરતાં સવિશેષપણે એવી કોઈ શક્તિને લીધે જે આ છ વર્ષ પહેલાંનું જે જોઈ શકે છે. ત્યારે કાંઈક change એને થયો હોવો જોઈએ. ત્યારે એ જે change થાય છે. થયેલો એનામાં છે ત્યારે શાને કારણે થયો એને જો આપણે વિચારીએ તો સ્વપ્ન તો છે જ. આ તો તમે વાત કહી તે ઉપરથી કહું છું. તો એ સ્વપ્ન તો છે જ. તો સ્વપ્નનો સંબંધ આપણા પહેલાંની સાથે તો છે જને! ત્યારે એને ઘરનું, એના પોતાના ઘરનું જે મમત્વ છે. ઘરની સાથેનો રાગ છે, મોહ છે, તે એના ચિત્તમાં પડેલો છે.

હવે એને જ્યારે કોઈક કારણે વેર થયું હોય, ગમે તે થયું હોય. જાણે એને કોઈક કારણે હવે એને સખત આઘાત લાગે આપણા મોહનો, રાગનો. અંદર. કોઈક કારણથી. ત્યારે દિવસના વખતમાં તો આખું બધું આપણું મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ બધું અનેક જાતની પ્રવૃત્તિમાં રોકાયું જ હોય છે અને આપણને પોતાના વિશે વિચારવાનો અવકાશ હોતો જ નથી. માણસ જો ખરી રીતે વિચારે-જુએ તો સારું Statement (વિધાન) સાચું લાગશે, કારણ કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ એટલા બધા આખી પ્રવૃત્તિમાં રોકાયેલાં રહે છે કે આપણા પોતાનામાં કેવાં કેવાં થરો છે, કેવા વિકારો છે... રાગ છે, કેટલો મોહ છે એ વિચારવાનો માણસને અવકાશ જ રહેતો નથી. બિલકુલ ત્યાં અવકાશ હોતો જ નથી.

ત્યારે દિવસના વખતમાં તો આવી શકે એમ નથી, કારણ કે એનું મનાદિકરણ તો પ્રવૃત્તિમાં રોકાયેલું રહે છે. એને એના રાગનો આઘાત ભલે લાગ્યો હશે, પણ આ પ્રવૃત્તિમાં રોકાયેલું હોવાથી એ ત્યાં Manifest થતું નથી. રાત્રે એ થાય છે. રાત્રે કાંઈ પ્રવૃત્તિમાં રોકાયેલા હોતા નથી. એટલે જે પડેલા સંસ્કાર છે, એને જે આઘાત લાગે છે અને એની સાથે. પણ આઘાત તો ઘણાંને લાગતો હોય, એને એકલાને નહિ. ઘણાંને લાગે છે. ઘણાંને આવું દર્શન થતું નથી. એ પાછો એક તફાવત છે. ત્યારે એક આઘાત છે. એક કારણ છે. કોઈ ને કોઈ. આપણે. એણે લખ્યું ભલે ના હોય.

આપણા ચિત્ત. આપણી ચિત્તવૃત્તિ આપણું એક તંત્ર તે ચિત્ત. તે તંત્રના ઉદય પ્રમાણે રાત્રે આપણને જે સ્વપ્ન આવે છે. એમાં પણ કોઈ ને કોઈ પ્રકારના દિવસના ગાળામાં આપણી પ્રવૃત્તિમાં કોઈ ને કોઈ પ્રકારના માનસિક રીતે, આ રીતે, તે રીતે આઘાત-પ્રત્યાઘાત થયાના—થવાના કારણે જ રાત્રે આપણને આ સ્વપ્ન આવવાનાં. એ સ્વપ્ન જુદાં જુદાં આવે છે. શંભુમેળો થઈ જાય છે. ખીચડી એમાં થઈ જાય છે. ઘણી આ

બધી બાબતો ભેગી થઈ જાય છે. એનું પણ સાયન્સ છે એક. એનું આકલન કરી શકાય.

ત્યારે એવી રીતે એને કોઈ આઘાત થયેલો છે, પણ તેને આ દેખાય છે આ જાતનું. એમાં એ આઘાતમાં એ જાણતી નથી કે ભવિષ્યમાં હું જઈશ. આ જોઈશ ને આવું છે તે પણ નથી. એણે માત્ર એક આવું સ્વપ્ન જોયું. એ સ્વપ્ન પાછળથી એને ખબર પડે છે કે આ Reality હતી. પાછળથી એટલે કે છ વર્ષ પછી એને ખબર પડે છે ત્યારે એ. એ જે Reality તે વખતે એકમાત્ર સ્વપ્ન જ હતું. પણ ખરી રીતે હતું Reality. ત્યારે એને મૂળ કારણ સ્વપ્નનું કારણ કે આઘાત—પ્રત્યાઘાત દિવસની પ્રવૃત્તિમાં થાય છે. એ સંક્ષુબ્ધ-ક્ષુબ્ધ-ક્ષુબ્ધતા આવી જાય છે ત્યારે એક ક્ષુબ્ધતા, આઘાત, પ્રત્યાઘાત થયા તો એનો સંબંધ છે, આપણા મનની સાથે, મગજની સાથે, આપણા જ્ઞાનતંતુઓની સાથે. જેમ આપણને ક્લેશ થાય, શોક થાય, હર્ષ થાય, આઘાત લાગે. આ થાય તે બધાંયનો સંબંધ આપણા જ્ઞાનતંતુની સાથે છે.

આ તો હું બધું તદ્દન વર્તીને કહું છું. કોઈ જાતનો તમને તર્ક-મારી Falacy હોય તો મને કહેવો. તમારા મનમાં એમ નહિ કે **મોટા**ને કેમ કહેવાય ? ત્યારે આ જ્ઞાનતંતુની સાથે દરેકને સંબંધ હોય છે. ત્યારે આ જ્ઞાનતંતુનો સંબંધ છે તેને દેખાડે છે. હવે એ જ્ઞાનતંતુનો સંબંધ આ જે આપણને આપણા મગજમાં. આપણામાં આ બધાં જ્ઞાનતંતુની, એવા જ્ઞાનતંતુનાં પણ જુદાં જુદાં ચૈતન્ય અને આ બધી ગાંઠો હોય છે ત્યાં. જેમ થાઈરૉઈડ ગ્લેન્ડ, ગ્લેન્ડ કહે છે એને. ગ્રંથિ. ગાંઠો નહિ કહેવાય. ગ્રંથિ. આ જાતની ગ્રંથિ છે. તે ગ્રંથિ આ બધી જે જ્ઞાનતંતુઓની જ ગ્રંથિઓ છે અને ત્યાં આગળ આ પિચ્યુટરી ગ્લેન્ડ રહેલી છે. અને પિચ્યુટરી ગ્લેન્ડની સાથે જે જ્ઞાનતંતુઓ સંકળાયેલાં છે, પણ જે કોઈ એના એવી જાતના જ્ઞાનતંતુઓ સંકળાયેલાં છે જે ટાઈમ અને સ્થળની સાથે

જોડાયેલાં છે. તો કે એની સાબિતી શી ? એમ કોઈ કહે તો આપણાથી ના ન પડાય, કારણ કે Disection કરવાથી આવી શકતા નથી એ.

**જિજ્ઞાસુ :** Disection કરવાથી નહિ જોવાય એ.

**પૂ. શ્રીમોટા :** હેં.....?

**જિજ્ઞાસુ :** Abstract being છે.

**પૂ. શ્રીમોટા :** Abstract છે. તત્ત્વ છે. તત્ત્વ આ. ત્યારે ત્યારે પિચ્યુટરી ગ્લેન્ડ છે જે એની સાથે આ જાતના જ્ઞાનતંતુ. કારણ કે મને તમારી પેઠે આવા સાધનાના કાળમાં ઘણાં સ્વપ્નાં આવતાં એટલું જ નહિ પણ Actually મને સાધનાનું ત્યારે પહેલાં હું એમ સમજતો કે સાલું સ્વપ્નું એટલે મિથ્યા એવું થઈ ગયું. તો હું કાંઈ એના પર લક્ષ આપું જ નહિ. ત્યારે વારંવાર પાંચ-સાત દિવસ સુધી એક ને એક સંપૂર્ણ Detail સાથે આવ્યા કરે. સાલું એક ને એક કેમ આવ્યા કરે છે ? એમ વિચાર થાયને ?

આપણું શરીર છે, તે શરીર સ્થૂળ પણ છે, સૂક્ષ્મ પણ છે ને કારણ પણ છે. ત્રણ જાતનાં શરીર આપણામાં છે. એવી રીતે આપણામાં જે જ્ઞાનતંતુઓ છે. તે એક છે તે સ્થૂળ. તે શરીરની અંદર, નસોની અંદર બધી રીતે, તેનાથી નાનામાં નાની નસોમાં વાળ જેટલી છે. વાળથીય નાનામાં નાની નસો હોય આ જ્ઞાનતંતુ છે. અને તે દેખી શકાય. એનાથી પણ આ જ્ઞાનતંતુઓ પણ સૂક્ષ્મ હોય અને કારણ છે તે તો Abstract છે. શરીર પણ કારણ શરીર તો તદ્દન Abstract અને સૂક્ષ્મ શરીર છે. એનો આકાર છે પણ... કારણ એનું પ્રમાણ પણ આપણા લોકોએ આપ્યું છે. અંગ્રેજ સરકારમાં હાથી હોય કે માનવ હોય કે મોટું હોય પણ એનાથી વિશેષ નહિ. આવું સૂક્ષ્મ શરીર પણ આપણામાં રહેલું છે. પણ આ બધા એકબીજાની સાથે સંકળાયેલાં છે. એકબીજાની સાથે એટલા બધા સંકળાયેલાં છે કે એકબીજાની સાથેનો સંબંધ કાયમ છે.

તેવી જ રીતે આ જે જ્ઞાનતંતુઓ, જ્ઞાનતંતુઓ વડે જ શરીરને આ બધી સમજણો આપણને છે. જે કાંઈ બાબતની, વહેવારની બાબતની કહો, સંબંધ બાબતની કહો. આપણા કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, મત્સર, અહંકાર એ પણ બાબતની. બધી જાતની સમજણો આ જ્ઞાનતંતુને લીધે જ છે. ગમે તેને કોઈને પૂછી જુઓ. તો એ વાત તદ્દન સાચી છે. તો એવી રીતે આ જે જ્ઞાનતંતુ જે છે. એ જે સ્થૂળ છે. વાળથી પણ નાનાં નાનાં પણ સ્થૂળ ખરાં. તેના કરતાં પણ આ બધાં જ્ઞાનતંતુઓ સંકળાયેલાં છે આપણા મગજમાં. અને તે પિચ્યુટરી ગ્લેન્ડની આગળપાછળ તે બધાંની રચના છે બધી અને આ જે-જે આ જે સ્થૂળ રીતે છે, અને બધાં સૂક્ષ્મ .... પેલાં છે તે અનેક જાતનાં છે. હવે આ જે Time and Spaceના પણ જ્ઞાનતંતુ. એની પણ સમજણ આપણને જ્ઞાનતંતુને લીધે જ પડે છે. ત્યારે એ પણ પિચ્યુટરી ગ્લેન્ડની સાથે સંકળાયેલાં છે.

ત્યારે હવે એક સવાલ એવો છે કે કાળ છે. તે કાળ તમે જે સ્વપ્નમાં જુઓ તો તમે પ્રત્યક્ષ તે કાળ અનુભવતા હોવ તો તે વાત બનેલી હોય ઘણાં વર્ષો પહેલાં. સ્વપ્નમાં તમે જુઓ તો સામાન્ય રીતે દરેક માણસને બની ગયેલી વાત કે બેચાર દિવસની થયેલી વાત કે તે દિવસની થયેલી વાત બહુ બહુ તો તે પણ એક પણ ઘણા ખરા માણસને આ સ્વપ્ન થાય છે તે આ છે હવે એ થઈ ગયેલી બધી હકીકતો હોય.

**જિજ્ઞાસુ :** આ લાઇફની ?

**પૂ. શ્રીમોટા :** આ લાઈફની પણ હોય. પેલી લાઈફની પણ હોય. એ સંકળાયેલી હોય છે. પેલી લાઈફની પણ. પણ એ opening થયેલી હોય છે ત્યારે અને opening થયેલી હોય તો પેલી લાઇફની કોઈક આવે છે. પણ આપણે opening ન થઈ હોય તો આપણને કોઈક-કેટલીક હકીકતો પૂર્વના જીવનની પ્રત્યક્ષ હોય છે. અને at least સંસ્કારરૂપે તો હોય છે. ત્યારે એમના જુઓ તો એમના ટાઇમ-સ્થળથી જળવાયેલી હોતી નથી.

ઘણાં વર્ષો પહેલાંના બનાવ બની ગયેલા હોય તે સંસ્કાર પડી ગયેલા હોય તે આજે સ્વપ્નમાં જાગ્રત થાય. ત્યારે સ્વપ્નમાં Time and Spaceમાં જો તમે જુઓ તો બધી રીતે તમને માલૂમ પડે એવી હકીકત છે, પણ એમાં થાય છે શું કે થઈ ગયેલા હોય, ભૂતકાળની વાત આવે. ભવિષ્યકાળની વાત આવતી નથી. સામાન્યપણે ભવિષ્યકાળની વાત આવતી નથી. બહુ ઓછી જવલ્લે આવે છે, પણ એની આપણને સમજણ સંપૂર્ણ રીતે થાય. એનું મૂળ કેવી રીતે સમન્વય કેવી રીતે બેસાડાય એ આપણે જોઈએ.

ત્યારે આપણે જોઈએ છીએ કે સ્વપ્ન વખતે ભૂતકાળમાં બની ગયેલા. આજે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. એટલે કાળ–કાળની પેટીમાં છે તે જેમ આ જાતની શક્યતા છે અને આપણે રોજના આપણા Experienceથી અનુભવ ઉપરથી જાણીએ છીએ કે આ તો ઘણા કાળ ઉપર આવું બન્યું, પણ આજે આપણને દેખાયું. ત્યારે પહેલાંની ભૂતકાળની થઈ ગયેલી જેમ આજે દેખાય તો ભવિષ્યનું પણ આપણે જોઈ શકીએ. એ બની શકે એવી એક Possibility છે એટલી માન્યતા પર હવે આપણે આવી શકીએ. એ Possibility છે એમ માનવું પડે કારણ કે જે ભૂતકાળની શક્યતા. ભૂતકાળ ઉપર થઈ ગયેલી છે. એ સંસ્કાર પડેલા છે. એનું Recording થઈ ગયેલું છે એ જે પડે પણ એમાંથી મૂળ વાત આપણે લાવવા શું માગીએ છીએ કે જે કાળ. ઘણાં વર્ષો પહેલાં બનેલું તે આજે આપણે જોઈ શકીએ. તેનું Recording થઈ ગયેલું એ વાત ચોક્કસ. એ Recording થઈ ગયેલું. ત્યારે Recording થઈ ગયેલું હોવા છતાં ઘણાં વર્ષો પહેલાંની વાત આજે આપણે જોઈએ છીએ. ત્યારે એ કાળ જેમ સ્વપ્નને ઉડાવે. પહેલાં ભૂતકાળને આજે પ્રત્યક્ષ કરવાની શક્તિ છે તો એ ભવિષ્યકાળને માટે પણ એ શક્યતા હોઈ શકે તેટલું આપણે Possible છે તેટલું આપણે માનીએ.

પછી હવે આગળ વિચાર વધારે કરીએ છીએ. પણ આટલું માનવામાં આપણે કાંઈક અતિશયોક્તિ કરીએ છીએ કે કલ્પના દોડાવીએ છીએ એવું કાંઈ નથી. તો આપણી અંદર આ જે પિચ્યુટરી ગ્લેન્ડ છે એની ભારે શક્તિ. જોકે આધ્યાત્મિક વિદ્યામાં પણ આવી શક્તિ. પણ એ વપરાતી નથી હોતી.

એક બીજી એવી વિદ્યા છે જે સંજયને પ્રાપ્ત થયેલી. સંજયને પ્રાપ્ત થયેલી તે એવી એક વિદ્યા છે તે ધૃતરાષ્ટ્ર પાસે બેઠાં બેઠાં ત્યાં જોઈ શકતો હતો. લડાઈનું જોઈ શકતો હતો અને કહ્યા કરતો હતો. ધૃતરાષ્ટ્રને. તે આજે ટેલિવિઝનની પણ આજે એ જ શક્તિ છે. અને આ નૂતન થઈ ગયું છે બધું. ટેલિવિઝન. તેના પણ વેવ્ઝ મોકલે છે. ત્યારે આ જે વિદ્યા છે એ વિદ્યા જેમ જેમ આગળ વધે છે આધ્યાત્મિક, આત્માના પ્રદેશમાં, ત્યારે આત્માના પ્રદેશમાં Time and Space નથી. બિલકુલ નથી.

**જિજ્ઞાસુ :** .....

**પૂ. શ્રીમોટા :** હોઈ શકે.

**જિજ્ઞાસુ :** પણ થઈ જતા હશે.

**પૂ. શ્રીમોટા :** હા પણ થઈ જાય છે. પણ આ તો Possibilityની વાત કરી. પણ આપણે actually reality પર આવીએ.

**જિજ્ઞાસુ :** .... .... ....

**પૂ. શ્રીમોટા :** એ Reality પર એટલા માટે થાય છે એને કે આ પોતાના સ્થળ ઉપર મમત્વ છે એક જાતનું. એને કોઈ ને કોઈ કારણે કહીએ, તેને કારણે કે આ બધું તૂટીફૂટી જશે. ગમે તે કારણે. કાંઈ કારણ એણે આપ્યું પણ નથી અને આપણે જાણતાં પણ નથી. પણ કોઈક એનો આઘાત થયો હશે. અને કોઈક વખત એટલો બધો સજ્જડ આઘાત જ્યારે થઈ જાય છે. ત્યારે એ આઘાતને કારણે માણસ મૂઢ થઈ જાય. જડ જેવો થઈ જાય છે.

હવે એની હાલની સ્થિતિ કરતાં તદ્દન જુદી જાતની સ્થિતિ થઈ જાય છે. થઈ ગયેલા આપણે માણસો જોઈએ છીએ. તો તેવી જ રીતે આવો જ્યારે આઘાત લાગે ત્યારે અંદરનું કોઈક કરણ ત્યારે એને ખુલ્લું થઈ જાય છે. એને પિચ્યુટરી ગ્લેન્ડ કહો ગમે તે કહો પણ એને કોઈક એવા એ આઘાતને કારણે. આપણા શરીરનાં ઘણાં કેંદ્રો છે. Knowledgeનું પણ કેંદ્ર છે. જ્ઞાનનું પણ અંદર મગજમાં કેંદ્ર છે. એ આઘાતને કારણે કાંક ખૂલે છે અને ખૂલે... એ ખૂલે છે જ્યારે ત્યારે Time and Space ત્યાં આગળ હોતા નથી.

આવા પુરુષોના ઘણા અનુભવ પણ છે. ત્યારે Time and Space રહેતા નહિ હોવાથી પાછળના બનાવનું જેની પર આપણું મમત્વ છે જેના લીધે આઘાત લાગ્યો છે તે વચ્ચે એને દેખાય છે. પ્રત્યક્ષ. ત્યારે એ પ્રત્યક્ષ આને કારણે એને તે વખતે થતું હોય છે. મૂળમાં તો એને આઘાત લાગેલો હોવો જોઈએ. આ મારું અનુમાન છે. એણે કહ્યું હોત તો તો વિશેષ ખાતરીપૂર્વકથી કહી શકું. તે એકદમ કાંઈ કશું વિચાર અંદર એને એ જાતનો વિચાર થયા વગર. પાણીને તળાવનું પાણી એકદમ સ્થિર હોય. પથરો નાખીએ કૂંડાળાં થાય. તે સિવાય તો થઈ શકે નહિ. એટલે કોઈ પણ જાતની આવી એના માનસમાં કોઈ હિલચાલ થયેલી હોવી જોઈએ. એને જે સ્વપ્નું એને જે આવ્યું ઘણાં વર્ષો પછી જે દેખનારું પોતે છે એની બાબતનું જે સ્વપ્ન આવ્યું. એના અંગેનું એને કાંઈક આઘાત કે કાંઈક હિલચાલ થયેલી હોવી જોઈએ ઉગ્ર પ્રકારની. અને એને આવા આઘાતને કારણે અંદરનું કોઈક કરણ કોઈ એવું કરણ ખૂલી જાય અથવા તો ત્યાં કહીએ અને એને લીધે Time and Space જાય.

આ સ્થિતિ અંદર Time and Space છે નહિ હોવા છતાં. Time and Spaceમાં હોવા છતાં એની મર્યાદા નથી. એની કાળ અને સ્થળની એને અનુભવે આ Experience થવો જ જોઈએ. **અનુભવી પુરુષોને. તે સ્થળે નહિ હોય તેમ છતાં કોઈ**

**નિમિત્ત પ્રગટે તો તે સુરતમાં પ્રત્યક્ષ થઈ શકે એ. ને નડિયાદમાં પ્રત્યક્ષ કે અમેરિકામાં થઈ શકે. કે મંગળમાં થઈ શકે. શુક્રમાં કે આખા બ્રહ્માંડમાં પ્રત્યક્ષ થઈ શકે એ. ત્યાં જે જે પરિસ્થિતિ હોય, જે તત્ત્વ પ્રમાણેની તે પ્રમાણે થાય.** પૃથ્વીમાં તો પાંચ તત્ત્વ પ્રમાણે થઈ શકે. દરેક ઠેકાણે જુદાં જુદાં તત્ત્વો Predominant હોય છે. આપણે અહીં જળ અને પૃથ્વી એ બે Predominant. આપણી પૃથ્વી ઉપર. બીજે બધે જુદાં જુદાં તત્ત્વો Predominant. દા. ત., સૂર્ય છે ત્યાં તેજ Predominant. ત્યારે બીજે ઠેકાણે જુદાં જુદાં તત્ત્વો Predominant હોય તે રીતે જે ઠેકાણે જે તત્ત્વ Predominant હોય તે તત્ત્વના પ્રમાણમાં ત્યાં એ હાજર રહી શકે.

ત્યારે Time and Space એ લોકોને નથી. Time and Spaceમાં રહેવા છતાં નથી. એ અનુભવ થયા સિવાય સંપૂર્ણ જ્ઞાન એને અનુભવ થયો નહિ કહેવાય.

**જિજ્ઞાસુ :** ધારો કે કોઈને કોઈ એક વ્યક્તિ તે સંસારી વ્યક્તિને જે આધ્યાત્મિક જ્ઞાનમાં ગયો. એને આ પિચ્યુટરી ગ્લેન્ડને કારણે કહો કે ગમે તે આધ્યાત્મિક કારણે પણ એને એક Flash કાંઈક દેખાયું. Flash થયું. તો એમાંથી એક એ પણ Possibility સાબિત થઈ શકે ને કે અમુક વ્યક્તિનું એ લાઈનમાં આગળ જવાનું કારણ એ કે Flashને કારણે એ Flashની એ લોકોને Continuity થઈ છે.

**પૂ. શ્રીમોટા :** બરોબર છે. બેશક. પણ ખરો તો માણસોની જેમ વેપારી લાભ જુએ કે ના જુએ ? કે સાલા, પાંચ પૈસા મળ્યા. તો જેવી રીતે માણસને Extraordinary એક સર્વસામાન્ય કરતાં કોઈ અનોખા પ્રકારનો આવો જ્યારે એને અનુભવ થાય, ત્યારે એના વિશે માણસે વધારે વિચારવું જોઈએ. કે આ કારણે મને થયું તો મારી કોઈ શક્યતા સામાન્ય કરતાં કોઈ વિશેષ હોવી જોઈએ કે આ કારણે મને થયું તો મારી કોઈ શક્યતા સામાન્ય

કરતાં વિશેષ હોવી જોઈએ. જો માણસ ઊંડું વિચારે તો, કેમ બધાંને નથી થતું આવું ? નંદુભાઈને તો મૌનમાં થયું કે મૌનના વાતાવરણને લીધે એક માનો. તમારે કાંઈ મૌનનું વાતાવરણ હતું નહિ. પેલી બાઈને વાતાવરણ હતું નહિ. ત્યારે એ થયું એમાં એક જાતની વિશેષતા શી છે ? શા કારણે આમ થયું ? એના મૂળમાં આપણે જો ઊતરીએ તો એમ સમજાય કે એક આવા પ્રકારની Possibility આપણામાં છે કે આ તત્ત્વને આપણે વિકસાવી શકીએ. જે બીજરૂપે બીજ છે. તલ છે એના સોમાં ભાગનું કહીએ, એનાથીય ઓછું કહીએ તોય આપણે વાંધો નથી. ત્યારે હતું એ આપણને પુરવાર થયેલું છે.

ત્યારે એ પુરવાર થયેલું છે એ બતાવે છે કે કોઈક કાળે divine સત છે આપણામાં. હાજર રહેલું છે. આ જાતના સંસ્કાર રહેલા છે. આ જાતનું રહેલું છે. ત્યારે એ Possibility છે એને કેમ ન વિકસાવવી એ તરફ લક્ષ નથી જતું આપણું. એનું મહત્ત્વ જાગ્યું નથી. બહુ જ એકદમ. કાંઈ નહિ. એક સ્વપ્નની પેઠે પસાર થઈ ગયું. પણ એનું ordinary નથી. આ ordinary નથી. એ આપણી બુદ્ધિ કબૂલ કરે છે. નથી કબૂલ કરતી એમ નથી. પણ તેમ છતાં એનું વિશિષ્ટ તત્ત્વ એનું મહત્ત્વ આપણા મનમાં જાગ્યું નથી. એટલે પત્યું. પછી ખલાસ.

કાંઈ આવ્યું તમને જગાડવાને માટેનું કે જુઓ ભાઈ! છે આ શક્તિ. પણ આપણે જાગતાં નથી. એટલે પસાર થઈ જાય. પેલા એક માણસને. આંધળો માણસ એક આ જે દરવાજામાં પેસે તેને રાજગાદી મળશે. તો ફરતો ફરતો આવ્યો. તો ખાસ્સો દરવાજો આવ્યો ત્યાં જ ખંજવાળ આવી એને. દરવાજો જતો રહ્યો.

**ત્યારે કોઈક પળ એવી Divinity જાગવાની. આપણામાં ભગવાનની કૃપાથી કોઈક પળ એવી દરેક માણસને જાગતી હોય છે. કોઈના—કોઈ બાકી નથી. મનુષ્યમાત્રને કોઈક પળ એવી જાગતી**

**હોય છે. એ પળનો પછી માણસ વિચાર કરતો જ નથી. એનું મહત્ત્વ એનામાં જાગતું નથી.** કશુંયે નહિ તે માણસ જાગે, માણસ વિચારે તો એને લાગ્યા વગર રહે નહિ.

માણસ એમ વિચારે કે આ મારી બુદ્ધિથી કરું છું, મારી કુનેહથી કરું છું તો બુદ્ધિ તો કુનેહ ઘણામાં હોય. એ તો ખાલી વિચાર હોય છે. અહમ્ એને હોય. બુદ્ધિથી બધું થતું હોય છે એમ પણ નથી હોતું. ત્યારે બુદ્ધિ કરતાંયે, બુદ્ધિ જેના હુકમમાં છે. કોઈક એવું expression વ્યક્તત્વ આપણા જીવનમાં પ્રગટ્યું. કે જે એવું out of ordinary કે સામાન્યપણા કરતાં કોઈક જુદું જ અનોખા પ્રકારનું છે એમ બુદ્ધિ આપણી સ્વીકારે છે તોપણ એનું મહત્ત્વ આપણને જાગ્યું નથી. એના વિશે કોઈ વિચારે ન કર્યો.

**જિજ્ઞાસુ :** એ ભૂમિકા પણ જેને આવી હોય.

**પૂ. શ્રીમોટા :** હા.

**જિજ્ઞાસુ :** જાગી હોય.

**પૂ. શ્રીમોટા :** હા.

**જિજ્ઞાસુ :** ફરી એ રીતે પણ આવવાની શક્યતા ખરી ?

**પૂ. શ્રીમોટા :** શક્યતા તો હોય. પણ એના પરત્વેની સભાનતા આપણી પ્રગટેલી હોય તો વિશેષ લાભ થાય. તો સભાનતા કેમ જાગે ? એ તો આવે સાહેબ. તમારે ગરજ જાગે તો આપમેળે જાગે. તમારે ત્યાં ઘરાક આવે. તો દુકાન પર બેઠા છો. આ દુકાન પર બેઠા છો તમે. થડિયા પર. ને પચાસ હજારનું ઘરાક આવ્યું. ત્યારે એનો વર્તાવ જુઓ તો ગમે તેમ થૂંકતો હોય ને ગમે તેમ ગંદી ગાળ બોલતો હોય ને એને Attend કરો તો કંટાળેલા હોય અંદર. અત્યારે મારો સોદો બગડી જશે. એવી સભાનતા હોવાથી. પેલાનું ગમે તેવું વર્તન સહન કરી લો છો. પેલો સોદો બગડી જાય એવી તમને સભાનતા છે અને સોદાની ગરજ છે. ત્યારે એવી ગરજ જેને પ્રગટે અને એ ગરજની જેને સભાનતા રહે તો કામ થાય.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૪

## વસંતપંચમી દિન ઉત્સવ પ્રવચન

વડોદરા

૩૦, જાન્યુઆરી ૧૯૭૨

## સમાજને બેઠો કરવાની જરૂરિયાત

પરમાર્થ એવો કરો કે જેથી સમાજ બેઠો થાય. સમાજ બેઠો થાય તેવી પ્રવૃત્તિની આજે જરૂર છે.

સમાજ એમ ને એમ બેઠો નહિ થાય. મર્દાનગીવાળો, સાહસિક, હિંમતવાળો, ધૈર્યવાળો, ગમે તેમાં ઝંપલાવે, એ ઉંમરે સમાજ નહિ થાય ત્યાં સુધી સ્વરાજ્ય આવેલું યથાયોગ્ય નથી, તેથી ધર્માદો એવો કરો કે જેથી સમાજ બેઠો થાય. આ અમે હૉસ્પિટલમાં આપ્યા, આ મેં મંદિર ચણાવ્યું, અને ધર્મશાળામાં આપ્યા તે વાત હમણાં એક વીસ વરસ, પચીસ વરસ સુધી જવા દો. તમારે જે પૈસા આપવા હોય તે એવી રીતે આપો કે જેથી સમાજ બેઠો થાય તેમાં તમે પરમાર્થ કરો તેટલી મારી વિનંતી છે.

(સન ૧૯૭૪ના એક પ્રવચનનો અંશ પૂ. શ્રીમોટા)
મે-૧૯૮૩ 'હરિવાણી'

સંપાદક :
શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

**શ્રી ગાંડાભાઈ ઉર્ફે શ્રી નાથુભાઈ જીવણભાઈ પટેલ તથા**
**શ્રી સુખાભાઈ ઉર્ફે શ્રી ભીખાભાઈ જીવણભાઈ પટેલને**
**સસ્નેહ સમર્પણાંજલિ**

લવાછા (તા. ઓલપાડ, જિ. સુરત) નિવાસી ઉપરોક્ત બન્ને બંધુઓ પૈકી શ્રી ગાંડાભાઈ નીરા સહકારી મંડળીમાં નોકરી કરે છે. સ્વ. શ્રી ભીખુકાકાના નિમિત્તે તેઓ પૂ. શ્રીમોટાના પરિચયમાં આવ્યા. સન ૧૯૫૫માં સુરત આશ્રમનું સ્થાન નક્કી થયું. ત્યારથી નોકરી સિવાયના સમયમાં આશ્રમનાં મકાનોનાં બાંધકામ તેમ જ આશ્રમમાં કામકાજ કરવા છોકરાઓ ખોળી લાવવામાં તથા અનાજ ઉઘરાવવાના કામમાં મદદ કરતા. ઓલપાડ ચોર્યાસી તાલુકાના ખાસ કરીને દરિયા કાંઠાના ગામે-ગામમાંથી અનાજ ઉઘરાવવા શ્રી ઝીણાકાકા સાથે ખભેખભા મિલાવીને શિયાળાની સખત ઠંડી હોય કે ઉનાળાનો ધોમધખતો તાપ હોય કે દરિયા કાંઠેથી સામા ફૂંકાતા જોરદાર વાયરામાં પણ અનાજ ભરેલી ગૂણો રેતાળ ચીલાઓમાં તથા કાંટા, કાંકરા, ઝાંખરાવાળા ભાંગેલા-તૂટેલા રસ્તાઓ પર સાઈકલ હાંકીને આશ્રમે પહોંચાડતા.

શ્રી મોટાએ તેમની આ કામગીરીની કદર આશ્રમના દફતરે ઠરાવ કરીને કરાવેલ છે.

સન ૧૯૫૬માં સુરત આશ્રમનું બાંધકામ ચાલુ કર્યા બાદ શ્રી સુખાભાઈ આશ્રમના કામકાજમાં સહભાગી થયા હતા. તેમને સ્ટીમર પર ખલાસીની નોકરી કરવાની ઇચ્છા હતી, તેથી પૂ. શ્રીમોટાએ શ્રી નંદુભાઈ પાસે અંગ્રેજીમાં અરજી કરાવડાવી તે નોકરીમાં લેવડાવેલ. નોકરી સિવાયના સમયમાં આશ્રમમાં ભારે પરિશ્રમ માગી લે તેવાં કામો મકાનોના બાંધકામમાં, લાકડાં ફાડવામાં, કૂવાઓ ગાળવામાં, મૌન-મંદિરોની સાફસૂફી તથા જાજરૂના ખાળકૂવાઓની સાફસૂફી સુધ્ધાં કરતા. ઉપરાંત, સ્વ. શ્રી ભીખુકાકાના માંદગીભર્યા રોગિષ્ઠ શરીરની સેવા કરવામાં પણ તેમનો આગળ પડતો હિસ્સો છે.

આવા શ્રી સુખાભાઈને માટે પૂ. શ્રીમોટાએ શ્રી ઝીણાકાકાને હુકમ આપી રાખ્યો છે કે શ્રી સુખાભાઈ આશ્રમમાં ગમે તે સમયે આવે રાત્રે એક વાગ્યે આવે તોપણ તેમને આવવા દેવા.

આ બન્ને બંધુઓ હાલ પણ આશ્રમ સાથે નિકટ રીતે સંકળાયેલા છે અને આશ્રમની યથાશક્તિ સેવા કર્યા કરે છે.

**— યશંવત એ. પટેલ**
**ઈંદ્રવદન શૅરદલાલ**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. ઉત્સવ ઊજવવાનું અને ભોજનમાં સાદાઈનું કારણ ..... ૭૫
૨. ઉત્સવમાં પધારવા કાયમી આમંત્રણ .................. ૭૬
૩. સમાજના પરમાર્થ માટે ભેટસોગાદનું વેચાણ ........... ૭૭
૪. તરણામાંથી મેરુ ....................................... ૭૮
૫. સાધુ-સંન્યાસીઓ ઐશ્વર્ય ત્યાગે ........................ ૮૦
૬. ભગવાનની ભક્તિ—સ્મરણ સભાનતાપૂર્વક કરો ....... ૮૦
૭. ફેફરુંના રોગમાં પણ પ્રભુકૃપા ........................ ૮૧
૮. સમાજ લક્ષ્મીથી બેઠો નહિ થાય ...................... ૮૩
૯. ફેફરુંના રોગથી હરિસ્મરણ ........................... ૮૩
૧૦. નામસ્મરણનો મહિમા ને પ્રતાપ ...................... ૮૫
૧૧. દેશસેવામાં પણ રાગદ્વેષ છે ........................... ૮૯
૧૨. **મોટા**નું શરીર અસહ્ય રોગોનું સંગ્રહસ્થાન છતાં ટટારી ...... ૮૯
૧૩. ભગવાનને પામવાના અનંત માર્ગો છે ................. ૯૦
૧૪. મૌનમંદિરોની સ્થાપના ............................... ૯૧
૧૫. અનુભવી મૌલિક છે, સર્જનશીલ છે .................. ૯૩
૧૬. ક્ષણે ક્ષણે... પલટી... રૂપમ રમણીય પાયા ........... ૯૩
૧૭. આપણો દેશ સંશોધનમાં આગળ વધે.................. ૯૪
૧૮. અસહ્ય રોગોમાં ભગવાનની કૃપા ..................... ૯૫
૧૯. ત્યાગ અને પરમાર્થ કરો ............................. ૯૬
૨૦. **મોટા**ની પ્રભુપ્રાર્થના ત્યાગી-પરમાર્થીઓ માટે ........... ૯૭

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

## તા. ૩૦-૧-૧૯૭૨ના દિને વડોદરામાં શ્રી રમણભાઈ અમીને ઉજવેલા વસંતપંચમી દીક્ષાદિન ઉત્સવ પ્રસંગે કરેલ પ્રવચન

### ઉત્સવ ઊજવવાનું અને ભોજનમાં સાદાઈનું કારણ

પહેલાં, એક મુદ્દો હું સ્પષ્ટ કરી લઉં કે આવા ઉત્સવો હું થવા દઉં છું. બાકી, હું તો ગરીબમાં ગરીબ માણસ છું. સાચે જ કહું છું. આજે પણ મારું કુટુંબ—શરીરનું કુટુંબ છે તે ગરીબ છે અને એવી ગરીબાઈમાં ઊછર્યો છું કે તમને કલ્પના નહિ આવે. એવી ગરીબાઈને લીધે મારે—અમારે એવા ઠેકાણે રહેવું પડે કે જ્યાં ચામડાની ગંધ આવે, ચામડા પડેલાં હોય બધાં. એવા લોકોની વચ્ચે મારે રહેવાનું હતું. આઠ વર્ષની ઉંમર હતી ત્યારથી તો હું ખેતરમાં ડાંગર-ધરુ વાવવા જતો અને એ ગરીબાઈ તો જોઈ છે એ સાચે જ કહું છું ત્યાં મારે દેશવ્યાપીનાં કામ એવાં લઉં છું અને તે ભગવાનના હુકમથી મારા દિલમાં એમ થાય છે. પ્રવચનમાં એ વિશે હું કહીશ તમને ત્યારે હું આવા ઉત્સવો કરું તેથી મને ભગવાનની કૃપાથી આ જે રકમ મળે છે એને માટે હું થવા દઉં છું.

ભોજનમાં ખીચડી ને શાક કરવાનું મેં ખાસ બહુ આગ્રહ કર્યો. રમણભાઈ સાહેબને, ધીરજબહેનને કે પ્રભુ, મારું કહ્યું માનો, મારો રસ્તો તો ચીલેચલુ નથી. આ દાળભાત ને લાડવા ખાવાની વાત છોડી દો હવે. એટલા પૈસા સારાં કામમાં વપરાય અને તમે તો ઘણી

મને મદદ કરો છો. એ વિશે મારે બોલવું નકામું છે. માટે મારું કહ્યું માનો તમે. એ લોકો કહે, ''**મોટા**, નહિ સારું આ ખીચડી ને શાક.'' મેં કહ્યું, ''ખીચડી ને શાક જ જોઈએ. હું તો બધાંને મારા ઉત્સવમાં—ભવિષ્યમાં જે ભગવાનની કૃપાથી થાય તેમાં—બધાંને કહું છું કે તમે જો આવો તો ભાવથી આવજો. ત્યાગ કરવાના હેતુથી આવજો. પરમાર્થ કરવાના હેતુથી આવજો. ખાલી ખાલી ફરવાના હેતુથી કે ચાલો ઘડી-બેઘડી ફરી આવીએ એ હેતુથી કોઈ ના આવશો. નહિ આવો તો ચાલશે. એક પણ માણસ નહિ આવે તો ચાલશે મને, પણ આવો તો જીવનમાં આ ત્યાગ, પરમાર્થ અને સ્વાર્થ તો રચ્યોપચ્યો રહેલો જ છે. સ્વાર્થ તો તમે નહિ કહો તોય તમારે કરવો પડશે. એ તો વળગેલો છે જ ગળે. લોહી-લોહીમાં પ્રસરી ગયેલો છે, પણ આ પરમાર્થ અને ત્યાગ પ્રસરે. જો આપણા દેશનો ઉદ્ધાર કરવો હોય તો આનાથી જ થશે ભાઈ. એટલે મેં બહુ આગ્રહ કર્યો, કે ભાઈ, તમે ખીચડી ને શાક જ રાખો. અને મારું કહ્યું માન્યું એટલે હું એમનો આભાર માનું છું.

## ઉત્સવમાં પધારવા કાયમી આમંત્રણ

પત્રિકા અમે બહુ કાળજી તો રાખીએ છીએ ભઈ દરેકને મોકલવાની અને એની યાદી પણ રાખીએ છીએ. ગામવાર યાદી રાખીએ છીએ. જેનાં દાન મળે તેનાં તરત જ ઉમેરી દઈએ છીએ. પણ કોઈકને ભૂલેચૂકે ન મળી હોય તો આ મારું હંમેશાંનું આમંત્રણ છે, કે પત્રિકા ન મળે તોપણ ઉત્સવનું વાંચીને તમારે જાણીને જરૂર પધારવું.

એક કોક ભાઈ છે તે દર મહિને મને ટપાલના પાકીટમાં ટિકિટ પૂરતી હોય છે. એમાં દર મહિને વીસ વીસ રૂપિયા મોકલે છે. જોકે એ ગેરકાયદેસર છે. આવી રીતે રૂપિયા મોકલાવાય નહિ. પણ ભગવાનની કૃપાથી દર મહિને મને મળે છે ખરા. એ અહીં જો પધાર્યા હોય અને નંદુભાઈને મળશે તો હું બહુ રાજી થઈશ. ભલે એનું નામ જણાવે તો હું જાહેર નહિ કરું. હું મારે ચોપડે એક સજ્જન એમ તરીકે એને

લખીશ. જોકે આ પણ લખીએ છીએ તો ખરા જ અમે, પણ એ ભાઈ મળશે તો રાજી થઈશ.

## સમાજના પરમાર્થ માટે ભેટ-સોગાદનું વેચાણ

આ સામી ભીંતે ફોટાઓ છે. રામરાતડીયા ભાઈએ બહુ પ્રેમથી, બહુ ભાવનાથી ને બહુ મહેનત લીધી છે. વિદ્યાનગરમાં વિદ્યાર્થીઓએ મારો ઉત્સવ ઊજવ્યો ત્યારે અમને કાંઈ પૂછેલું-ગાછેલું નહિ. અમારી સલાહ પણ લીધેલી નહિ. હું તો જે ઉત્સવ થાય તેમાં કોઈ દિવસ જેને જેમ કરવું હોય તેમ કરવા દઉં. મને તો ખબર નહિ પડેલી. છેક સુધી. છેલ્લે દિવસે ખબર પડી. એ ભાઈએ બહુ ઉત્સાહથી ૩,૩૦૦ રૂપિયા એમણે આપ્યા છે.

ત્યારે હું તો એવો માણસ, કે અલ્યા બધાંયના પરસેવાના આવેલા પૈસા આમાં તો ના ખર્ચી નાંખું, ભાઈ! હું તો આ ફોટાઓ મળે એ વેચીને એ પૈસા ચોપડે જમા કરાવું છું. સારાં કામમાં વપરાઈ જાય. દર વર્ષે ૧૨૦૦-૧૩૦૦. એક વખત તો ૧૮૦૦ રૂપિયા મળેલા. અમે તો આ શિક્ષણ પામ્યા છીએ. ઘરેણાંયે માગું છું. પણ ઘરેણાં પહેરીને— **કપડાં પણ પહેરેલાં આપે તો વેચી દઉં છું. ધોતિયાંય વધે તો વેચી દઉં છું. આ બધું ભગવાનને અર્થે છે ભાઈ, કે હું તો જીવીને... મારા ગુરુમહારાજ કહે, "મારા બેટા, તું સાચવજે, આ ડંડો જોયો કે ?"** મારા ગુરુમહારાજ ડંડો રાખતા. પણ પરમ કૃપાથી બીક તો ન હતી. હું બીતો તો નથી. એને ઘણો પ્રેમ કરું છું. પણ આજે પણ ડંડાને સામે રાખેલો છે. જીવતોજાગતો કે બધું જે તે ભગવાનને અર્થે છે. તેથી જે કંઈ મને મળે છે. સાહેબ, મીઠાઈઓ પણ મળે છે—બધું મળે છે, ફળ પણ મને મળે છે. હું તો ગરીબ માણસ સાહેબ. ઘણો ગરીબ. આ કંઈ કહેવાની ખાતર કહેતો નથી. સાહેબ, ભોગવવાનું તો બહુ મન થાય ગરીબ માણસને. કોઈ દિવસ બાપજન્મારેય દીઠું ન હોય. પણ મારા ગુરુમહારાજ, મારો ભગવાન, હજાર હાથવાળો બેઠો છે માથે. તે કહે, **"દીકરા, ભોગવતો નહિ. આ બધું છે તે મારે માટે છે." એટલે જે કંઈ**

**મળે છે તે મીઠાઈઓ પણ, જે જે કોઈએ મદદ કરી હોય, પ્રેમ રાખતા હોય, તેને આપી દઈએ છીએ.** ઘરેણાંગાંઠાં મળે છે. માગું છું ખરો. આજે પણ બહેનો પ્રેમથી આપે. બધાંને મારી પ્રાર્થના છે કે તમે આપો, ભાઈ! પરમાર્થ શીખો. સ્વાર્થને શીખવાની જરૂર નહિ પડે. પરમાર્થ ને ત્યાગ શીખો. મારે માટે જો લાગણી રાખતા હોવ તો આ કરવાની જરૂર છે.

ત્યારે આ ફોટાઓ ભીંત ઉપર છે તે જો કોઈ લઈ લે તો મને ૩૩૦૦/- રૂપિયા મળે તો મને ખપમાં લાગે. મારે માટે એ લોકોએ ઉઘરાવેલા તેમાંથી ખરચ્યા. બાકી, કોઈ મારી રજા લે તો હું રજા ના આપું. અલ્યા, તું આવા પૈસા ઉઘરાવીને લાવ્યો આ ભગવાનને માટે મળેલા. મારે ફોટા શું કરવા છે ? અરે! હું જીવતોજાગતો તો અહીં બેઠો છું. તે કોઈ ભાઈઓ જો જો તમે જરા અને ૩૩૦૦/- ઉપરાંત જો મળશે તો એ ભાઈએ જે મહેનત કરી છે, જે ભાવનાથી એણે કર્યું છે તે પહેલાં તો મારું સાહિત્ય વાંચી ગયા અને આ બધી મહેનત લીધી છે. તે ૩૩૦૦/- ઉપરાંત મળે તો

**પૂ. શ્રીમોટા :** (શ્રી નંદુભાઈને) કહુંને ?

**શ્રી નંદુભાઈ :** કહો.

**પૂ. શ્રીમોટા :** એ એને ૩૩૦૦/- ઉપરાંત મળે તે બધા એને આપણે આપી દેવા. તે તમે જરા જોજો.

## તરણામાંથી મેરુ

હવે આજ તો મારે એમ કહેવાનું છે કે મોસાળે જવું ને મા પીરસનારી એવું પ્રભુ આ આજનો આ વખતનો ઉત્સવ. એ તો આપણામાં કહેવત છે કે ભગવાન છાપરું ફાડીને પૈસા આપે, લક્ષ્મી આપે. એવો મારે માટે એક. જીવનમાં આટલો મોટો પ્રસંગ બની ગયો. તેર લાખનાં કામ લીધાં છે. એ કેમ લીધાં છે અને શા માટે હું આ બધું કરું છું તે પછીથી કહીશ. પણ સાત લાખ રૂપિયા તો થઈ ગયા ને બધા ભાઈઓની અહીંયાં હરિઃૐ આશ્રમની જે એક કમિટી-સમિતિ

થઈ છે એ લોકોનો તો એવો પાકો વિચાર છે કે ૧૦૫ લાખ રૂપિયા **મોટા**ને કરી આપવા. કે આ બિચારા શરીરે **મોટા** રખડ રખડ કરે છે, પણ ભાઈ હું રખડતો બંધ નહિ થઈશ, પણ જ્યાં મને રોટલો ખાવાનું આમંત્રણ આપશે. ૧૦૦૦-૨૦૦૦ આપે તો ગમે ત્યાં જઉં હું. મને શરીર તો મારા ભગવાને આપ્યું છે ને એ સાચવશે. પણ હું કાંઈ શરીરમાત્ર નથી. આ મારા જીવનનો જીવતોજાગતો પ્રયોગ છે. જેને સમજવું હોય તે સમજી લે.

ત્યારે, આ એક એવો– અણમોલો પ્રસંગ મારા જીવનમાં ભગવાને મને આપ્યો કે બેટા, જીવતાંજાગતાં જોઈ લે. કે જે ભગવાનનો થાય છે, તરણાનો મેરુ કરી દે છે. તરણાનો મેરુ–આ અતિશયોક્તિની વાત નથી. હકીકત છે. તદ્દન સાચી હકીકત. હજુ જેને સમજણ ના પડતી હોય તો કાલોલ ગામમાં જજો ભાઈ, અને જે ઠેકાણે હું રહેતો હતો એક નાનકડી જગા–ઓરડી. આગળ એક નાનકડી-હજુ તો મારા ભાઈ સોમાભાઈ અહીં આવેલા છે–અને આજે બીજું કહેતા મને આનંદ થાય છે કે આજે હજુ મારી મા જીવે છે. એ મા નહિ, મને જન્મ આપનારી નહિ, પણ મને દત્તક જેણે લીધો છે. કોઈને નવાઈ લાગશે. પણ તદ્દન સાચી વાત. એ માનો મારા પર જે પ્રેમ છે. એણે મને એનું બધું આપી દીધું. એના દીકરા–બધા મારા ભાઈઓ આજે આવ્યા છે. લખેશરી–લાખોવાળા છે. એમણે મને એટલું નથી આપ્યું. આપે છે ખરા. મદદ કરે છે. પણ માએ તો જેટલું એની પાસે હતું તે બધું આપી દીધું. અને કહ્યું પાછું મારા મોટા ભાઈના દેખતાં, નંદુના દેખતાં કે મારું શરીર પડે ત્યારે જેટલી મારી રકમ હોય તે આ **મોટા**ને આપી દેજો.

ત્યારે, એ બધા ભાઈઓ આજે પ્રસંગમાં પધાર્યા છે. તેથી મને પણ આનંદ થાય. પણ એ બધાને વિનંતી છે કે ભાઈ, લાખ તમારી પાસે પૈસા છે અને બધા જે પૈસાદારો છે એમને કહું છું કે, આ કાળ બધો વિપરીત આવે છે. આ કાળ એવો વિપરીત આવે છે કે કોઈનાય પૈસા ગમે તેટલા હશે.

## સાધુ સંન્યાસીઓ ઐશ્વર્ય ત્યાગે

તોપણ આ પૈસા તો અમારા અનુભવીઓએ ઋષિમુનિઓએ કહ્યું છે, કે ભાઈ, આ પૈસા તો ચળ છે. અચળ નથી. અચળ તો એકલો ભગવાન છે મારો. ત્યારે આ પૈસા તો આજ છે ને કાલ નથી. એ પૈસા તમારા સ્વાર્થમાં, ભોગવવામાં, ઐશ્વર્યમાં, વિલાસિતતામાં ન ભોગવો. આ બધાંને મારી વાત કહેવાની છે. આ અનુભવથી આચરીને—મારા ગુરુમહારાજનો ડંડો સામે ને સામે છે, ''બેટા, તું આચર્યા વિનાનું કહીશ નહિ.'' આજે મને લાખો રૂપિયા મળે છે. **હું ધારું તો મારા રહેવાનું મકાન બધું સુંદર બનાવી દઉં. પણ હું આજે કહું છું, મારા ભગવાનના બોલાવ્યાથી, કે મારા ગુરુમહારાજ કહે છે ને કહું છું કે અમારા પંથના જે ભગવાનને માર્ગે નીકળેલા એવા સાધુ-સંન્યાસીઓ અમારા દેશમાં પડ્યા છે. દરેક આરસપહાણના—એવા આરસપહાણના બનાવે છે,** સાલું. મને એમ થાય છે કે પરસેવાથી કમાઈને બેટાઓ બનાવોને! લોકો ભલે એમને આપે છે પ્રેમથી. એની ના નથી. પણ આ બધું ભોગવો છો. મારા ભગવાનની પાસે અનંતગણું ઐશ્વર્ય છે. પણ એ ઐશ્વર્ય તમે જરૂર ભોગવો. જે વેપારી લોકો છે. પુરુષાર્થ કરે છે, ઉદ્યોગો કરે છે અને કમાય છે, તે ભલે ભોગવે. પણ એમને પણ મારી વિનંતી છે કે ત્યાગ અને પરમાર્થ બે મોખરે રાખજો. અને પછી ભોગવજો. પણ આ અમારા સાધુ-સંન્યાસીઓનો પહેલો કાળ આવવાનો છે. અમારો સમાજ જ્યારે જાગશે, આ ગરીબ જ્યારે જાગશે, અમારા દેશમાં જ્યારે ખરી ક્રાંતિ જાગશે ત્યારે બધાંનાં લેખાં લેવાશે.

## ભગવાનની ભક્તિ—સ્મરણ સભાનતાપૂર્વક કરો

ત્યારે હું તો વાત કહેતો હતો—તરણાની, કે એવી ગરીબાઈમાં જીવન જીવ્યો છું, કે કોઈ ગણતરી ન હતી. કોઈ હિસાબ ન હતો, કશો જેનો વક્કર ન હતો. એવી એક ગરીબાઈમાં સમાજના છેલ્લામાં છેલ્લા થરનો આ જીવ હું છું. બિલકુલ અતિશયોક્તિ વિના કહું છું.

એવા જીવને આ ભગવાનની ભક્તિ કરે છે, ભગવાનની ભક્તિ એક એવું સામર્થ્ય પ્રેરે છે. એ તમે દાખલો જીવતોજાગતો જોઈ લો. આપણો સમાજ કબરને પૂજવાવાળો છે. મારો ભગવાન—મારો ગુરુમહારાજ મને કહેતો, ‘‘અલ્યા, દીકરા’’ ૧૯૨૨ની સાલમાં મને કહ્યું, એક મારો નડિયાદનો આશ્રમ છે તે ઝાડ પર મને બેસાડ્યો. એ ઝાડ ઉપર બેસાડીને કહે, ડાળ ઉપર, ત્યારે ત્યાં આગળ એક કબીર આશ્રમ હતો. કે, દીકરા, જા ઝાડ પર બેસ. રાત્રે ઊંઘવાનું નહિ અને ભગવાનનું નામ તું લે.’’ પણ તે પહેલાં તો કહે, ‘‘જા, તું એક દસ-બાર મોટા પથરા લઈ આવ.’’ એટલે લઈ આવ્યો. હું તો સમજ્યો કે આ પથરા એટલા માટે મંગાવ્યા છે કે, ‘‘જો તું ઊંઘ્યો તો આ પથ્થર તને મારીશ.’’ હું તો જાણું કે અમસ્તા કહે છે. એ કંઈ પથ્થર મારે આપણને ? હું તો ઉપર બેસીને ભગવાનનું ભજન ગાવું, ભગવાનનું નામ બોલું. પણ સાહેબ, ખરેખર એણે એવો તો પથ્થર માર્યો કે મારા સાથળમાં વાગ્યો. હજુ જ્યારે મને ભાવથી મારા ગુરુમહારાજનું સ્મરણ થાય છે, કોઈ નિમિત્ત સંજોગે ત્યારે મારા સાથળમાં હજી મને એ ઊભરે છે. ગબડ્યો તે હાથમાં ડાળું આવ્યું તે રહી ગયો. મેં કહ્યું, ‘‘પ્રભુ, હું તો ભગવાન...’’ ‘‘સાલા!’’ કહે, ‘‘ઊંઘમાં બોલતો હતો જે તે કંઈ જાગતાં કરીએ. જાગતાં જાગતાં કરીએ તેનું ફળ છે.’’ હું તો ત્યારે સમજતો ન હતો. બહુ રૉ (raw) હતો. અડબોથ હતો સાવ. એટલે મને ત્યારે સમજણ ન પડી. **આજે સમજણ પડે છે કે જે કંઈ કરીએ જ્ઞાનપૂર્વક અને એના હેતુની પૂરેપૂરી સભાનતા સાથે. તે યોગ્ય છે.** ત્યારે મને ખબર ન હતી. ત્યારે એવી ગરીબાઈમાંથી એણે મને આ ભગવાનની ભક્તિ કરતાં કરતાં તાર્યો.

## ફેફરુંના રોગમાં પણ પ્રભુકૃપા

અને ભગવાન સીધો નથી ભાઈ હોં મારો બેટો એ પણ અવળચંડો છે. આપણે આમ ન પકડ્યા તો એ તો પાછો ડાબો કાન પકડાવે એવો

પણ છે. મને આ હિસ્ટીરિયા એટલે ફેફરુંનો—બહેનોને હબસીની પેઠે થાય તેને હિસ્ટીરિયા કહે છે અને મરદને ફેફરાનો રોગ થાય છે—તેવો મને રોગ થયો. સાહેબ, ત્યારે હું આ સેવાનાં કામમાં તો પડી ચૂકેલો હતો. ઈંદુલાલ યાજ્ઞિક હજી જીવે છે. ત્યારે હરિજન અંત્યજ સેવા મંડળ નામ તેમના મંત્રી તરીકે લગભગ ૧ાા વર્ષ સુધી મેં કામ કર્યું અને ત્યારે આ રોગ થયો. પણ મને દેશ પરત્વેની બહુ દેશદાઝ હતી. ત્યારે પણ એટલો જ અનંત જુસ્સો હતો અને આટ્ર્સ કૉલેજ વડોદરામાંથી જ છોડીને વિદ્યાપીઠમાં ગયા. ગાંધીજીએ પ્રવચન કર્યું કે, ''અલ્યા મારા હાળા તમે તો એક ડિગ્રીનો મોહ છોડીને બીજી ડિગ્રીનો મોહ તો કાયમ રાખ્યો. કંઈ તમે છોડ્યું ? મારી તો એવી મરજી કે તમે જુવાનિયાઓ દેશનાં કામમાં પરોવાવો. અને આ દેશનાં ગામડાંઓમાં જઈને કામકાજ કરો. મારી તો મરજી હતી, અને તમે તો આ મોહ કાયમ રાખ્યો.'' તરત જ સાહેબ નીકળી પડ્યો. તરત જ—તે જ પળે. એક મિનિટ વાર થોભ્યો નથી હું. અને એ કામમાં પડ્યો હું. ત્યારે તે વખતે હું, ઈંદુલાલની સાથે અંત્યજ સેવામંડળનો મંત્રી હતો. અમારી ગુજરાત વિદ્યાપીઠમાંથી પહેલવહેલો હું આમાં જોડાયો ત્યારે આ ફેફરાનો રોગ થયો પણ મેં કામ બંધ નથી કર્યું. મારે જવું હોય બૅંકમાં—પૈસા લાવવાના, ઘણીવાર પૈસા ગજવામાં હતા. રસ્તામાં સાઈકલ પરથી પડી જઉં. ઘણું વાગે પણ આજે હું યાદ કરું છું કે ભગવાન કેટલો બધો...! મારા પર કૃપા કરી. એક વખત મારો પૈસો ગયો નથી. ઘણા માણસો ફરી વળે પણ ભગવાને મને સાચવ્યો છે. એ બધા ઉપકારો હું યાદ કરું છું આજે ત્યારે મારાથી ગદ્ગદ થઈ જવાય છે. ત્યારે એ સ્થિતિમાં આ મટે કેમ ? હું કંટાળી ગયેલો. મને એમ થયું કે આ બૈરાંને રોગ થાય છે. આટલો હું સંયમ નથી રાખી શકતો! એના કરતાં તો બહેતર છે મરી જવું. આત્મસમર્પણ કરી દેવું. એમ વિચાર કરીને નર્મદામાં પડતું પણ નાખ્યું સાહેબ! હજુ મને યાદ છે એ પ્રસંગ. મારા પગ પાણીને અડેલા, એ સ્પર્શનો પણ મને આજે અનુભવ છે. પણ નર્મદામાંથી એક મોટો વંટોળિયો

નીકળ્યો, એ વંટોળિયાએ મને ફેંકી દીધો. કિનારાથી કેટલો બધો દૂર! જગતમાં કેટલીય એવી ઘટનાઓ બને છે કે આપણી બુદ્ધિ નહિ સમજી શકે.

## સમાજ લક્ષ્મીથી બેઠો નહિ થાય

આજે આટલા બધા વડોદરાના ભાઈઓએ, બીજા અમદાવાદના ભાઈઓએ, મુંબઈના ભાઈઓએ જે મદદ કરી છે મને! મારા ગરીબને કલ્પના નથી કે મને સાત લાખ રૂપિયા મળે. મારી એવી કોઈ પ્રતિષ્ઠા નથી. આ બધું કામ મેં ઉપાડ્યું છે. એકલે હાથે કરું છું. રચનાત્મક કામમાં હું તો પડેલો માણસ. મારી સાથે ઘણાં બધાં છે. આ મહાસભાવાળાઓ ઘણા છે. પણ બધાં વખાણે છે, કે "**મોટા**, કામ તારું સારું છે." મારા ગુરુમહારાજ કહેતા, "બેટા, ચીલે ચાલવું નહિ."

*"ચીલેચલુ જ જીવનની જરા અમથી ન કિંમત છે."*

આપણો માર્ગ મસ્તીનો છે, મસ્તનો છે. ખાખી બાવાનો છે, **એટલે આપણાં કામ પણ મૌલિક હોય.** મને તો એવી સમજણ છે, મારા ગુરુમહારાજના આશીર્વાદથી ભગવાનની કૃપાથી કે જે અનુભવી હોય. જો કાળને ન પારખી શક્યો, કાળનો ધર્મ ન પારખી શક્યો, તો એ નહિ ચાલી શકે અને **આપણા દેશમાં, આપણા સમાજમાં, આ મર્દાનગી, સાહસ, હિંમત એ નહિ હોય તો આપણો દેશ બેઠો કેવી રીતે થવાનો ? દેશ બેઠો એકલી લક્ષ્મીથી કદી થવાનો નથી. સાહેબ, લક્ષ્મી સાધન છે, જરૂરિયાત છે, પણ લક્ષ્મીવાળા પાસે ગુણ અને ભાવ નહિ હોય તો એ સ્વચ્છંદી થઈ જશે. એ લક્ષ્મીનો દુરુપયોગ થવાનો છે અને લક્ષ્મી એ શક્તિ છે, માતા છે,** ત્યારે મારા ગુરુમહારાજે મને જે કહ્યું ત્યારે આ રીતે તરણાનો મેરુ બનાવી દે છે.

## ફેફરુંના રોગથી હરિસ્મરણ

એવી રીતે મને ફેફરું તો થયું. પાછો મને ફેંકી દીધેલો. એમાંથી એક સાધુ મહાત્મા મળી ગયા અને કહે કે, "બેટા, તું હરિઃૐ કર."

મેં કહ્યું, ‘‘ભાઈ આવું આ ભગવાનનું આવું હરિઃૐ બોલ્યાથી કંઈ રોગ મટે ? કંઈ જડીબુટ્ટી જાણતા હોત ને મને કંઈ આપી હોત તો રાજી થાત. કે ચાલો આ મહાત્મા ફરે છે તે જંગલની જડીબુટ્ટી જાણતા હશે ને મટી જશે મને. પણ એમાં મને વિશ્વાસ ન બેઠો. ત્યાંથી હું વડોદરા આવ્યો. મારાં બીજાં એક આધ્યાત્મિક મા હતાં. આ જ રાજના એક દીવાન હતા, મણિભાઈ જશભાઈ, પેટલાદના. તેમના દીકરા પણ બહુ મોટા અમલદાર હતા. જૂનાગઢના નવાબની પાસે. તેમનાં પત્ની હતાં, તે બહુ ભક્તિવાળાં. ગરીબ વિદ્યાર્થી તરીકે એમને ત્યાં રહેતો અને મારા પર બહુ ભાવ રાખતાં. ખરી રીતે જોઉં તો એ માનું મારા પર ઋણ છે. આ જે ભક્તિ મારામાં ફૂટી તે એને લીધે. તે સયાજીરાવ મહારાજ સાહેબ હતા એ બધા તે આખા હિંદુસ્તાનમાં પ્રખ્યાત એવા મૌલાબક્ષને—મૌલાબક્ષ ત્યારે હિંદુસ્તાનના પ્રખ્યાત ગવૈયાને અહીં તેડી લાવેલા. એમની પાસે શીખેલાં અને ભક્તિનાં પદ એ ગાતાં. એના મને સંસ્કાર પડેલા. ત્યારે એ પછી ભગવાનનું નામ... તે હું વડોદરા આવ્યો. તે ત્રીજા માળથી, દાદરો ઊતરવા જતો હતો ત્યાં મને ફેફરું આવ્યું અને ગબડીને પડ્યો. એનાં પગથિયાં પરથી લપસી લપસીને— અને નીચે ઈંટની ફરસબંધી હતી. ત્યાં મારું શરીર ઘણું ઘસાયું. ત્યારે ત્યાં મને એનાં દર્શન થયાં. આંખો તો મારી ઉઘાડી હતી. પણ ત્યારે મારી બુદ્ધિ એવી નહિ કે સમજી શકું. કે આ ભ્રમણા છે. ‘‘અલ્યા, છોકરા આટલો દુઃખી થાય છે તો ભગવાનનું નામ લઈ તો જો, પ્રયોગ તો કરી જો. તું બુદ્ધિવાળો હોય તો...! તું હજુ Rational નથી.’’ ‘‘કેમ બાપજી?’’ ‘‘તો પ્રયોગ કર્યા વિના તું એમ ને એમ કહે કે ના એનાથી નહિ થાય!’’ તો, એ તો પછી જતા રહ્યા. હું જરા સ્વસ્થ થયો. એટલે મારાં આધ્યાત્મિક માને વાત કરી, ‘‘અલ્યા છોકરા, તું કંઈ કર.’’ પછી મેં બાપુજીને કાગળ લખ્યો. ગાંધીજીને, કે આવો મને રોગ છે, આવી રીતે આ ફેફરામાં હું પડેલો ત્યાં મને દર્શન દીધાં અને મને આવું કહ્યું કે, ‘‘તું આ ભગવાનનું નામ લે...’’ તો એમનો કાગળ મારા પર આવ્યો, કે ‘‘ભાઈ, સાચી વાત છે. તું ભગવાનનું

નામ લે અને તને મટી જશે.'' એમનામાં મને અનંત વિશ્વાસ. ગાંધીજીમાં. ત્યારથી લેવા લાગ્યો.

## નામસ્મરણનો મહિમા ને પ્રતાપ

આ સ્મરણના મહિમાનું મેં બહુ ગાયું છે સાહેબ. પહેલાં તો મેં લખ્યું જ છે. પણ હમણાંનાં જે કાવ્યોમાં ચાર પુસ્તકો બહાર પડ્યાં છે. બીજાં ત્રણ બહાર પડવાનાં છે. તૈયાર થઈ ગયાં છે બે તો. ત્રીજું હવે લગભગ તૈયાર થવા આવ્યું છે. એમાં મેં સ્મરણ વિશે બહુ ગાયું છે. મસ્તીથી ગાયું છે. સ્મરણને દોહરાવ્યું છે, લહેરાવ્યું છે અને હજુ હું કહું છું સાહેબ કે આજે અમારા દેશમાં ભગવાનના સ્મરણનો મહિમા એના નામનો મહિમા ઘણો છે. બહુ પહેલાંથી. આજની વાત નથી. અનેક સંત ભક્તો અમારા દેશમાં ભગવાનનું નામ લઈને ભક્ત થઈ ગયેલા છે. એ બધાંનાં નામ લેવાની મારે કાંઈ જરૂર નહિ, પણ કેટલાક કહે કે આ સ્મરણ ને આ નામ બરોબર નહિ. એનાથી શું થઈ જાય ? મન દૃઢ થઈ જાય. હું કહું છું. હું જીવતોજાગતો સાક્ષી બેઠો છું. કે એણે મારી બુદ્ધિને સતેજ કરી છે. વૃત્તિના ઝીણામાં ઝીણા, નાનામાં નાના, વૃત્તિના ટુકડાને, એણે મને એનાં મૂળ સમજાવ્યાં છે. એના વિશે બધું મેં ઘણું લખ્યું છે. તટસ્થતા જો મારામાં આવી હોય... આ મારું જીવન ભંગાર જેવું છે.

*સ્મરણમાં દિલ પરોવાથી જીવન ભંગાર કેવું આ!*

એ મને ભાન થયું છે. એ ભાને મને જગાડ્યો છે. અરે! સાવ! બીજી હું તમને વાત કહું છું. સ્મરણની હકીકત બનેલી છે. મને બોદાલ આશ્રમમાં સાપ કરડ્યો. તાજેતરમાં જ બારડોલી સત્યાગ્રહમાં આપણી જીત થયેલી, ભગવાનની કૃપાથી અને ત્યારે વલ્લભભાઈને સરદારનું બિરુદ મળેલું. તે પછી તરત જ બોરસદ તાલુકાના બોદાલ ગામે અમારા આશ્રમને એમના હાથે ખુલ્લા મુકાવાનું હતું. ત્યારે અમે બધાં ત્યાં ગયેલા અને ઠક્કરબાપા પણ હતા. શ્રીકાંત શેઠ હતા. અમારા સંઘના બધા મંત્રી પરીક્ષિતલાલ, હરિવદન ઠાકોર, હેમંતકુમાર

નીલકંઠ બધા હતા અને પહેલી વખત બોદાલ ગામમાં સરદાર પહેલીવાર જ સરદાર બારડોલી જીત કરીને આવેલા. એટલાં બધાં માણસો ભેગાં થયેલાં. હંમેશાં મારી ટેવ એકાંતમાં સૂવાની. '૨૧ના ડિસેમ્બરના અધવચથી તે '૩૮ની સાલ સુધી કોઈ દિવસ ઘરમાં સૂતો નથી. ભયંકરમાં ભયંકર જગાઓમાં સૂતો છું. બહાર જ સૂવું.

**શ્રેયાર્થી અથવા તો ભગવાનને માર્ગે જનારાને માટે એકાંત એ બહુ જરૂરી વસ્તુ છે.** આ મારું શરીર જતું રહેશે ત્યારે લોકો કહેશે કે **મોટા** આમ તો એકાંતપ્રિય હતા ખરા. મારા આશ્રમો પણ આઘે છે, એકાંતમાં. ત્યારે બહુ માણસો હતાં એટલે હું તો એકાંતમાં આજે સુનારો માણસ, કે આપણને આમાં બધાંમાં ફાવે નહિ એટલે હું તો જઈને આઘે દૂર સૂતો. ઘણો આઘે જઈને ખેતરમાં. એક ઝાડ નીચે. પછી ઠક્કરબાપા પરવાર્યા એમના કામમાંથી. એટલા બધા પોતાના કામમાં પાવરધા, ચોક્કસ, જો કોઈ મારામાં આવી હોય ચોકસાઈ વ્યવસ્થાનું, તો એમને લીધે છે. ડાયરી લખ્યા વગર તો કોઈ દિવસ સૂવે જ નહિ. એટલે કહે કે અલ્યા આ બધાંમાં આપણને નહિ ફાવે સૂવાનું. એટલે શ્રીકાંત શેઠ હજુ જીવે છે. શ્રીકાંત શેઠ તો ભઈ કે અલ્યા પેલા ભગતેય એકલો સૂઈ ગયો છે. ચાલો આપણે ત્યાં જઈએ. તે એક પડખે ઠક્કરબાપા ને બીજે પડખે શ્રીકાંત શેઠ ને વચ્ચે હું. ત્યાં મને સાપ કરડ્યો. સાપ કરડ્યો ત્યારે ઝેરની અસર ચડીને મને એ બેભાન બનાવી દેવાને મથે અને શરીરમાં તો એટલી બધી વેદના થઈ ને માથામાં આવીને બ્રહ્મરંધ્રને ઠેકાણે એટલો બધો જાણે કરોડો મણના હથોડા પડતા હોય, ચૂરેચૂરા થઈ જતા હોય એવી મને સભાનતા થાય પણ મને. ભગવાનની કૃપાથી લાગી ગઈ. ધ્યેય આપણે હાંસલ કર્યું નથી અને મરવું નથી. દૃઢ નિશ્ચય થઈ ગયો સાહેબ. એટલે ત્યારથી ભગવાનનું સ્મરણ હરિઃૐ હરિઃૐ બોલવા લાગ્યો. બાપા તો જાગી ગયા ને બધા કહે શું છે પણ બોલું જ નહિ. કંઈ જ કોઈને જવાબ આપેલો નહિ. છોત્તેર કલાક સુધી સાહેબ. આ હું એમ ને એમ વાત નથી

કરતો. છોત્તેર કલાક સુધી નૉન-સ્ટૉપ. સતત એકધારું ભગવાનનું સ્મરણ ચાલ્યા જ કર્યું અને તે વખતે એ બ્રહ્મરંધ્રમાં આવીને હથોડા. દસ-દસ મણના જાણે હથોડા પડે ને ટુકડે ટુકડા થઈ જાય ને વેદનાનો તો ત્રાસ કે પાર નહિ. શરીરના રોમેરોમ જે વેદના પ્રગટી હતી ને મને બેભાન થવાની અણી આવે તે વખતે બહુ જોરથી ભગવાનનું સ્મરણ અને તે વખતે હેતુની સભાનતા સાથે કે મરવું નથી. એ ધ્યેયનું ધ્યેય આપણે હજુ પ્રાપ્ત કર્યું નથી. મરવું નહિ એ જાતની એટલી બધી Alert અને Creative એવી સક્રિય સભાનતા સાથે. કોઈ કહેશે ભગવાનના સ્મરણમાં આવી સભાનતા નથી રહેતી તે અનુભવ બેટાઓ કરો. કરો પ્રયોગ અને કરી જુઓ. એટલી બધી સભાનતા સાથે. કોઈને તર્ક થશે, કોકને થયો એટલે વાત કરું છું કે અલ્યા એ તો અમસ્તું ડેંડો એવું હશે. ઝેર વિનાનું. સાહેબ, એમ નથી. એની પણ વાત કરી લઉં એટલે કોઈને સંશય ન થાય.

**(પૂ. શ્રીમોટા : ઓ... રાવજીકાકા, લાંબા પગ કરીને ના બેસાય સભામાં. હરિઃૐ આશ્રમ, નડિયાદના પ્રમુખશ્રીને પૂ. મોટાની ટકોર.)**

ભાઈ પછી તો ઠક્કરબાપા બધાંને કહે ભઈ, તમે જોઈ શું રહ્યા છો આ છોકરાને? કોઈ કહે કે આસોદરમાં સાપ ઉતારે છે ત્યાં લઈ જાવ. એટલે ખાટલામાં નાખીને બાપાએ પણ મને ઊંચકેલો, અને લઈ ગયા ત્યાં. ત્યાંથી દૂર તો થાય પણ લઈ ગયા. હું તો કંઈ જ નહિ બીજું. ભગવાનનું નામ ઉચ્ચાર્યા જ કરું. ત્યાં લઈ ગયા, એને બીજી જે કંઈ આવડતી હતી તે વિદ્યા વાપરી પણ કાંઈ પત્તો ન ખાધો. બીજે ગામ લઈ ગયા. ત્યાં પણ પત્તો નહિ ખાધો. હું તો કાંઈ જવાબ જ ના આપું કોઈને. ઠક્કરબાપા ઓ ગુસ્સે થયા. પણ હું તો ભગવાનનું નામ જ લીધા કરું. ત્યાંથી બીજા ગામે પત્તો ના ખાધો. પછી તો ઠક્કરબાપા અમારા બધા કાર્યકર્તાઓને ગુસ્સે થઈને કહેવા લાગ્યા અરે આ બધું જવા દો. કંઈ નહિ એને દવાખાનામાં લઈ જાવ. બોરસદથી મોટર મંગાવો. એટલે કોઈ છોકરો દોડ્યો સાઇકલ લઈને આઘે બોરસદ. તે મોટરવાળાને કોઈને કહ્યું, ભઈ, ચાલો તો

કે પૈસા છે ? તો કહે ના. એટલે બિચારો પાછો આવ્યો એ તો. પાછો આવ્યો એટલે અલ્યા કેમ ? કહે કે સાહેબ, એ તો પૈસા વિના નથી આવતો. અલ્યા કોઈને ભાન પણ ના થયું કે એને પૈસા આપીએ. કેવા તમે તો માણસો ? એટલે વળી પૈસા લઈને મોકલ્યો. આ બધામાં દસ-બાર કલાક થઈ ગયેલા, સાહેબ.

હું તો બોલ્યા જ કરું. મોટર આવીને મને આણંદમાં આ રાયણનું દવાખાનું છે. ત્યાં ડૉક્ટર કૂક હતાને ? એ રાયણનું દવાખાનું કહે છેને રાવજીકાકા ?

**રાવજીકાકા :** હા જી.

આણંદવાળું, એ રાયણના દવાખાનામાં લઈ ગયા. ઠક્કરબાપા સાથે બધી વાત કરી એણે ડૉક્ટરને. આવું આવું છે ભઈ ઠક્કરબાપાએ કહ્યું. વખત વીતી ગયો એટલે હવે એમણે સ્ટમક વૉશ કર્યું. Intestine–આંતરડાં ધોયાં અને એ પાણીનું Pathological analysis એટલે કે આ Allopathy પદ્ધતિથી જે એનું પૃથક્કરણ કર્યું અને ચાર કલાક સુધી પછી મને એ લોકોને આવીને ઠક્કરબાપાને બધાને આ છોકરો જીવે છે કેવી રીતે ? પણ આ મિશનવાળાના દાક્તરો પાદરી લોકો હોય છે. તે આપણા બધાય દાક્તર કરતાં ભગવાનમાં વિશ્વાસવાળા વધારે. કે આ છોકરો ભગવાનના નામને લીધે જીવે છે. કે હવે આમાં કોઈ ઉપાય બીજો થઈ શકે એવો નથી. એટલે મને તો હાલની જે હાઈસ્કૂલ છે, દાદાભાઈ નવરોજી ત્યાં ઠક્કરબાપા લઈ ગયા. ત્યાં છોત્તેર કલાક સુધી સાહેબ નામસ્મરણ ચાલ્યું. હું કહું છું કે આવું તુમુલ સંગ્રામ આવું યુદ્ધ એ ભગવાનના સ્મરણનો પ્રતાપ છે.

*એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો*
*દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો*

એ આ બીજા કશાથી નહિ થાય. ગમે તેટલી ભાંગ પીવો, ગાંજા પીવો, L.S.D. લો. પણ આ એક તુમુલ સંગ્રામ એ નહિ કરી શકે સાહેબ–ત્યારે પછી બીજાં સાધનો તો મને આમાંથી સૂઝેલાં. ભગવાનના સ્મરણમાંથી અને તે ભગવાનની કૃપાથી થયાં છે.

## દેશસેવામાં પણ રાગદ્વેષ છે

પણ મને એમ લાગ્યું કે મારા ગુરુમહારાજ કહે હવે તું આ સેવા-બેવા છોડી દે. પણ દેશની ભક્તિનું એક ઝનૂન હતું. ભગવાનની કૃપાથી તે સાલું છૂટે કેમ ? બધું છૂટે પણ આ ઝનૂન ના છૂટે. પણ આ વીસ વર્ષ સેવા કર્યા પછી વાત તમને કહું છું. કે અલ્યા, જો તું, આ તો બધા રાગદ્વેષ છે. અરે હોય ? મેં કહ્યું. આ બધા કેટલાએ તો જીવન સમર્પણ કરી દીધેલું છે ને બધા કામ કરે છેને! પણ જેમ ભગવાને બહુ અનંત કૃપા કરીને અર્જુનને વિશ્વનાં દર્શન કરાવ્યાં. વિશ્વસ્વરૂપનાં દર્શન કરાવ્યાં. તેવું મારા ગુરુમહારાજે કૃપા કરીને મને દર્શન કરાવ્યાં. રાગદ્વેષનાં. અને હું એમ ને એમ માનું નહિ. માની લઉં એવો માણસ નથી. મારા જીવન વિશે પણ પ્રયોગો એણે મને કરાવડાવ્યા છે.

## *મોટા*નું શરીર—અસહ્ય રોગોનું સંગ્રહસ્થાન છતાં ટટારી

આજે પણ એ પ્રયોગ મારા ગુરુમહારાજ કહે કે અનુભવની વાત બધી તું કરે પણ પ્રયોગ વિના ખોટું સાહેબ. આ મારું શરીર આજે કોઈ પાંચ હજાર રૂપિયા જો આપે તો મારી તૈયારી છે. હું ક્લિનિકમાં, કહે તે ક્લિનિકમાં જવાને તૈયાર છું. ને મારા રોગ એવા છે કલ્પનાના નથી. તે તપાસી લે. ને કેટલાક રોગો એવા છે કે જે પ્રત્યક્ષ બધાય રોગો જણાય. એક માથાનું આ ઝામર જણાય એવું નથી સાહેબ. આ ફાળિયાં એટલે બાંધું છું. મારી તૈયારી છે. કોઈની તૈયારી હોય પાંચ હજાર રૂપિયા આપવાની તો મારી તૈયારી છે ખાતરી કરી લે. અને એટલું જ નહિ પણ ૧૩૨ નાડી થયેલી હોય ત્યારે નડિયાદથી હજાર રૂપિયા માટે સાહેબ. મારા ભગવાનની પ્રસાદી છે. હું તરછોડું કેવી રીતે ? તે હું ગયો ત્યાં. અને ત્યાં પ્રમુખ હતા દાક્તર હીરાભાઈ સાહેબ. આ અમારા કાંટાવાળા સાહેબ બેસે છે તે જાણે છે. પ્રખ્યાત દાક્તર ત્યાંના. મેં કહ્યું, 'સાહેબ, જરા નાડી તપાસોને.' તે ૧૨૦! અરર! હજુ! તમે અહીં રહી પડો હમણાં. અને જવાય નહિ. આવી સ્થિતિમાં પણ સાહેબ ત્યાંથી પાછો દોઢસો માઈલ ગયો સુરત. કાલે

પણ ૧૨૦ નાડી હતી. આજે તો તપાસી નથી. હા, તપાસી હતી ડૉક્ટરે. ૧૧૦ છે આજે. પણ હું કાંઈ આ શરીર, મારું આ કાંઈ શરીર નથી. અંદર જે બોલી રહેલું છે એ શરીર નથી. એ મારા ગુરુમહારાજ કહે પ્રયોગ વિનાની વાત ભાઈ બધી ખોટી.

ત્યારે આ જે હકીકત છે, એ હકીકત તો ભગવાનની કૃપાનો પ્રસાદ છે. ત્યારે મારી તમને બધાંને પ્રાર્થના છે કે આપણે બધાં ભેગાં થઈએ છીએ અને મારી સાથે લાગણી રાખો છો એ લાગણીને હું, એમ ને એમ માનનારો માણસ નથી ભાઈ. તમારામાં વૃત્તિ જાગે તો સક્રિય થાય છે. સક્રિય થાય છે સાહેબ. કામની વૃત્તિ થઈ તો સક્રિય થશે. લોભની વૃત્તિ થઈ તો સક્રિય થશે. મોહની વૃત્તિ થઈ તોપણ તે સક્રિય થશે. તો ભગવાનની વૃત્તિ છાનીમાની કેમ બેસી રહે ?

## ભગવાનને પામવાના અનંત માર્ગો છે

મારા ભગવાને અને મારા ગુરુમહારાજે બતાવ્યું કે, **ભઈ આ ઉપદેશોથી નહિ વળે આ દેશમાં. આ સમાજ ઉપદેશથી બેઠો નહિ થાય** અને આ મારી વાત ખોટી હોય તો તમે બધાં વિચારી જોજો.

આજે શહેરે શહેરે સપ્તાહો થાય છે. એને મારે ઉતારી પાડવાનો હેતુ નથી. ભાઈ. મારા ભગવાનનો. આ સૂર્યનારાયણને અનંત માર્ગ છે, અનંત કિરણો છે. ખોટું હોય તો તમે મને કહેજો. અનંત છે. ભગવાનને પામવાના અનંત માર્ગો છે. એક માર્ગ નથી. અનંત માર્ગ છે. ભગવાન રામકૃષ્ણ પરમહંસની વાત કરું. આજે ભલે કોઈ એને માને કે ન માને એને પણ હું તો કહું છું કે એની વાત સાચી છે. એ અર્વાચીન છે. અનુભવી માત્ર અર્વાચીન છે. એ જૂનો થઈ શકતો નથી. જૂનો થવા ઇચ્છે તોય ના થઈ શકે. જોકે ઇચ્છી જ ના શકે. એને કોકે પૂછ્યું, ભઈ આ બધું શું ? આ તંત્ર ને વામમાર્ગ. એને ભગવાને કહ્યું. કેટલા ઉદાર હતા ને કેટલા અનુભવી! કે ભઈ, ઘરમાં ગટરને માર્ગે પણ જવાય. બોલો તમને બધાંને અને આજના વિચારકો જે

મૌલિક વિચારકો કહે છે એને કદાચ આ નહિ ઊતરે પણ સાહેબ વાત એની સાચી છે. અનંત માર્ગો છે. ભગવાનને માર્ગે. એ ચેતનને અનુભવવાના અનંત માર્ગો છે. એ માર્ગને તમે કેવી રીતે ના કહી શકો ? તમે ના અનુભવ્યું હોય. તમારો માર્ગ જુદો હોય. તમારી બુદ્ધિ હજુ આ ચેતનના જેટલી ચેતનવાળી– ચેતનાથી સભર થયેલી. અનંત વિસ્તારને પહોંચી વળેલી નથી એમ હું કહું છું આજે. માટે જેને જે માર્ગે જતો હોય એ બધા માર્ગ ભગવાનને માર્ગે છે. આ નથી. આ થઈ જ ના શકે એ વાત નથી.

## મૌનમંદિરોની સ્થાપના–
## જાત મથામણ અને સ્વદોષ દર્શન

બીજું, આ જે બધાં હું કર્મો કરું છું. ભગવાનને માર્ગે બધાંને વાળી શકાય એમ નથી. શક્ય જ નથી. બહુ બધી કથાઓ થાય છે, સપ્તાહો થાય છે, ઉપદેશો થાય છે, સાધુ-સંન્યાસીઓ ઠેકાણે ઠેકાણે આ ઉપનિષદોના પાઠ કરે છે. કંઈ દી વળ્યો નથી હજુ સુધી. એટલે એક બાજુથી હું પોતે જાતે મથે. દરેક જણ પોતે જાતે મથે એવા ઉપાયો બધાં મૌનમંદિરો કર્યાં છે. હું કોઈને ઉપદેશ આપતો નથી. કહેતો નથી કશુંય.

*પ્રમાણિકતા, વફાદારી, હૃદય-નિષ્ઠાથી મથતો જે,*
*વિજયના માર્ગની ચાવી, જરૂર તેને મળી રહે છે.*

**એ જોઈશે તમારામાં. આપણા સમાજને માટે મને કહેતા જરા દુઃખ થાય છે પણ વાત સાચી છે. મારા આશ્રમમાં આજે અમેરિકનો બધા બેસવા આવે છે. એ લોકોમાં આ રીતે મને વધારે સારું લાગે છે. આપણા કરતાં વધારે એ Frank છે, Sincere છે. એટલે કે બધા ચોખ્ખા, ખુલ્લા દિલના છે. મારા આશ્રમમાં ઘણાં બધાં બેસે છે, પણ જે રીતે એ લોકો મથામણ કરે છે, જે વફાદારી એમણે જે કામ લીધું એના પરત્વે એમની જે પ્રમાણિકતા છે, જે વફાદારી છે, જે હૃદયની**

**નિષ્ઠા છે તેમાં આપણી ઊણપ છે. ત્યારે આ જે એક ભાઈ બેઠેલા છે.** સામા જ છે જુઓ ક્યારના એ બેઠેલા છે. હમણાં જ એ મૌનમાંથી નીકળીને આવ્યો. ત્યારે એક બાજુથી આ હું મહેનત કરું છું કે,

*પ્રમાણિકતા, વફાદારી, હૃદયનિષ્ઠાથી મથતો જે,*
*વિજયના માર્ગની ચાવી, જરૂર તેને મળી રહે છે.*

એટલે એ કર્યા કરે કોઈ. બાકી આ ઉપદેશથી કે આ સપ્તાહોથી કે આ કથાઓ કર્યાથી આ કંઈ થવાનું નથી. અરે ભઈ, તેથી એનામાં તેનો સંસ્કાર તો ફૂટશે. અમારો સમાજ દિવસે વધારે અભિમુખતાવાળો. ભગવાનની અભિમુખતાવાળો થતો મને અનુભવમાં આવતો નથી. એટલે મેં આ માર્ગ લીધો કે દરેક જણને બેસવા દો અંદર અને એની મેળે મંથન કરવા દો. કાંઈ નહિ તો એને સમજણ પડશે કે મારામાં કેવું કેવું ભરેલું પડેલું છે. અનેક પ્રકારના. એને બિચારાને કશું કામ નહિ. કશું સામે આવીને એની આંખ, આપણી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો ત્યાંથી મળે જ નહિ ખોરાક. એટલે અંદરના સંસ્કારો ઊભરે છે. દોરડીનો વળ ઊતરે છે, તેમ સંસ્કારો ઊભરે અને એને ખબર પડે. કેટલાક એવા બનેલા દાખલા સાહેબ, કે એને આમ સિનેમાના પડદા પર જેમ દૃશ્યો દેખાય ને એને પોતાનાં કર્મો દેખાયાં છે પ્રત્યક્ષ, સ્થૂળ રીતે. એથી એને પસ્તાવો પણ થયો છે. અને પાછા પણ વળ્યા છે. ત્યારે આવી રીતે મથામણ એની મેળે કરે એમાંથી એને ભગવાનની કૃપાથી જે થવાનું હોય તે થાય. બાકી, હું કંઈ ઉપદેશમાં બિલકુલ માનતો નથી.

આ તો એક પ્રવચન આવા ઉત્સવ થાય ત્યારે કરું. અથવા તો કોઈ મને તેડી જાય ભાઈ જેમ સોલિસીટર કે વકીલને ફી આપીને કોઈ લઈ જાય ત્યારે એનો કેસ ચલાવવો પડે. ત્યારે જે કોઈ મને આપે અને મને લઈ જાય. ઘણાય લોકો મને રોટલો ખાવા બોલાવે છે. આમંત્રણ આપે છે. મદદ કરે છે ને કરાવે છે. ત્યારે એક બાજુથી આ કામ કરું છું ત્યારે માત્ર હું બોલવાનું કરું છું. બાકી નથી કરતો. મારા આશ્રમમાં આવે તો ઈધર-તીધર બીજી વાત કરું. ઘણાં કહે

જ્ઞાનની વાત કરો. તો હું ના કહું છું ભઈ, તું રહેવા દે, અમસ્તો આ બધું. કશું કરવું નહિ. નર્યા સ્વાર્થમાં ડૂબેલો માણસ. કોઈ મથતો હોય તો હું બહુ રાજી થઉં છું.

## અનુભવી મૌલિક છે સર્જનશીલ છે

ત્યારે એક બાજુથી આ કામ કરું છું. ઘણાંને એમ થાય કે **મોટા**, આ શું બધું તૂત લઈને બેઠા છે ? પણ મારી સામે મારો ભગવાન છે. મારો ગુરુમહારાજ મારી સામે છે. મારો આદર્શ ચેતન છે. એ પળેપળ સક્રિય છે. કેટલુંય સર્જન કરે છે. ખોટી વાત હોય તો તમે વિચારજો બુદ્ધિથી અને મને કહેજો પછી. આ થઈ ગયા પછી. તો હું કબૂલ કરીશ. મારી સમજવાની તૈયારી છે. હું કોઈ જાતનો આગ્રહ રાખતો નથી. **હું જ સાચો છું એ વાતેય હું ખોટી માનું છું.** પણ મને લાગે છે કે મારી સામે જે છે તે ભગવાન મારો છે, પળેપળ સક્રિય સર્જન કરે છે. તો અનુભવી માણસથી કોઈ ને કોઈ પ્રકારનું સર્જન થાય. એક જ પ્રકારનું થાય. અનંત માર્ગ છે સર્જનના પણ. તે નક્કર હોવું જોઈએ. એ સર્જન અને મારા દિલમાં એવી સમજણ છે કે અનુભવી મૌલિક છે.

## ક્ષણે ક્ષણે... પલટી... રૂપમ રમણીય પાયા

एने તો રમણીય કહ્યો છે. ભગવાન અમારો સૌંદર્ય છે. એના જેવું કોઈને સૌંદર્ય છે જ નહિ. એ ક્ષણે ક્ષણે મૌલિક છે. ક્ષણે ક્ષણે એમાં નવીનતા છે. અનુભવી માણસ એવો મૌલિક હોવો જોઈએ. બીજું મને એવી સમજણ છે કે ચીલેચલુ નહિ. એટલે મારા ગુરુમહારાજની કૃપાથી ભગવાનના અનંત એની કૃપાપ્રસાદીથી મને લાગ્યું કે **આ સમાજમાં મર્દાનગી, સાહસ, હિંમત, આ બધું પ્રગટે તો જ ધર્મ રહી શકે એનામાં. નીકર ક્યાંથી બિચારો રહે ? ગુણ અને ભાવ વિના ક્યાંથી ?**

आ માર્ગમાં એટલા બધા પરાક્રમની જરૂર પડે છે સાહેબ, આ દૈવાસુર સંગ્રામ જાગે છે જ્યારે. તે કલ્પનાની હકીકત નથી. ત્યારે એ

જે મર્દાનગી, એ જે પરાક્રમ એ જે જોઈએ છે, તે ભલભલા સેનાધિપતિઓ કરતાં ચઢી જાય એવું છે. ત્યારે આ બધાં સર્જન. **આપણા દેશમાં હજારો માઈલનો દરિયો. પણ દરિયો ખૂંદવાનું જે સમાજને દિલ ના થાય એ સમાજ કેવો ?**

## ● આપણો દેશ સંશોધનમાં આગળ વધે ●

અમારા ગુરુમહારાજ મારા ભગવાન મને આવાં દર્શન કરાવે એટલે એવાં કરું. બીજું મને એમ લાગ્યું મારામાં દેશભક્તિ આજે પણ છે. કોઈના કરતાં વધતી ઓછીની વાત નથી કરતો. મારી પોતાની વાત કરું છું. આજે મારામાં દેશભક્તિ એટલી જ છે. એટલે જ હું કામ લઉં છું કે આ દુનિયાના દેશોમાં મારો ભારત દેશ એ મોખરેની હરોળમાં રહે. એ ત્યારે જ રહી શકશે કે અનેક પ્રકારનાં સંશોધનોમાં આગળ રહે. મારી પાસે તો કોઈ શક્તિ નથી. હું તો મારા ભગવાનને પ્રાર્થના કરું છું કે ભગવાન, **તું અમારા દેશમાં અમારા દેશના નેતાઓમાં સદ્‌બુદ્ધિ પ્રેર કે અનેક ક્ષેત્રોમાં અમે સંશોધન કરી શકીએ. અમારો દેશ ગરીબ છે. મને લાગ્યું કે એકલી પ્રાર્થના સક્રિય પણ મારે કાંઈક કરવું જોઈએ.** એટલે આ ત્રણ કામ લીધાં.

ખેતીમાં સંશોધન થાય બહુ જરૂરનું સાહેબ. હું તો કહું છું કે આ ગરીબી હઠાવોનો ભગવાનની કૃપાથી યત્કિંચિત્ એક તલના લાખમાં જેટલો પ્રયત્ન કરી રહેલો છું. કે એમાં જે સંશોધન થશે અને ખેતીની ઊપજ વધશે તો બધાંયને લાભ થવાનો છે. આજે દવા વિના કોઈને ચાલતું નથી. એમાં સંશોધન થશે તો કેટલાં બધાંને...! એવી જ રીતે આ સાયન્સ ને **વિજ્ઞાનમાં સંશોધન થશે તો અમારો દેશ—બીજા દેશોની હરોળમાં પણ રહી શકશે. હજુ ઘણાં ક્ષેત્રે એવાં સંશોધનની જરૂર છે. એવાં બીજાં અનેક ક્ષેત્રો મને લાગ્યું કે બુક ઑફ નોલેજની આપણે ત્યાં મળે નહિ. આપણે સાયન્સ અને એવાં ઘણાં કામ મને જે થયેલાં નથી. કોઈની કલ્પનામાં પણ આવતાં નથી. એવાં કામ મારો ગુરુમહારાજ મને સુઝાડે છે અને આ સર્જન છે.** મને એમ લાગ્યું કે ભગવાનની

કૃપાથી એક તલ જેટલું પણ જો મારામાં આ અંગે મારો ભગવાન જો અંદરથી છતો થયો હોય તો એવું સર્જન પણ મારાથી થવું જોઈએ. પણ મારો ગુરુમહારાજ કહે, કે બેટા, પ્રયોગ વિનાની વાત ખોટી. આ મારું શરીર આવું જ છે સાહેબ.

## અસહ્ય રોગોમાં ભગવાનની કૃપા

એ મુસાફરીને બિલકુલ લાયક નથી. આજે અહીંથી મારે ચાલીને જવું હોય તો મારાથી જવાતું નથી. તોપણ હું કામ કરું છું. તે મારું બળ નથી. અંદરનું આંતરિક બળ મારું. મારો ભગવાન છતો થયો છે તેનું બળ છે. પ્રયોગ વિના હું કશું માનતો નથી. બિલકુલ નહિ સાહેબ. આજે બેઠાં છે અહીં મુક્તાબહેન ને વિનોદભાઈ ત્યારે પરિણામ બહાર આવી ગયેલું ભઈ, ડાયાબિટીસ શરીરને નથી, પણ મારો વિચાર એવો કે ભાઈ મને નથી એ વાત સાચી. પણ શરીરનું કોઈક અંગ આપણું લૂલું થઈ ગયેલું છે એટલે આપણાથી ના લેવાય. **મોટા** લોને એમ કરીને મંડ્યા. મેં તેમનું માન રાખવાને એક ટુકડોક લીધો. નંદુભાઈ કહે, **મોટા,** લો, કશો વાંધો નહિ. મારી પાસે પટ્ટી છે. તે જમ્યા પછી બે કલાક પછી તપાસી લઈશું. પછી મેં તો લીધું. પણ કશું જ બીજું લીધું નહિ. કૅલેરીની વાતને હું માનું. સાચું જોવું જોઈએ. એકલી જલેબી ઘણી ખાધી મેં અને પાછું સમજણપૂર્વક ખાધી કે આ પેલું diabetesનું બગડેલું અંગ સાજું છે કે સાબદું છે કે કેમ ? એ મને ખબર પડશે. માટે લો વધારે. સાહેબ, તપાસ્યું તો મળે નહિ રામ તારી માયા. ત્યારે હું કહું છું મારો ગુરુમહારાજ કહે કે એમ ને એમ બેટા, નહિ મનાય તારી વાત. આ ઝામર છે. તે એટલા બધા અંદર વેદના–સણકા મારે કે ભીંતમાં માથું પછાડીને મરી જાય. ઘરડાં ડોશીમાને કોઈને પૂછી જોજો કે ઝામર હોય ત્યારે શું થાય ? એ પૂછીને ખાતરી તો કરજો ભાઈ. પણ આ ભગવાનના બળની એ એની પરમ કૃપા છે.

## ત્યાગ અને પરમાર્થ કરો

ત્યારે મારી તમને બધાંને પ્રાર્થના છે કે આપણે બધાંને મળવાનું થયું છે તે કાંઈક સાર્થક કરીએ. માટે એકલા સ્વાર્થમાં ન રાચો. ત્યાગ ને પરમાર્થ કરો. નહિ કરો તોય પણ કરવો પડશે. એવો કાળ આવી ગયો છે કે બેળે બેળે કરાવશે. આ કાળ એવો આવે છે કે બેળે બેળે તમારી પાસે ત્યાગ કરાવશે. એનું કાંઈ પરિણામ નહિ આવે. જ્ઞાનપૂર્વક, હેતુની સભાનતા સાથે, હર્ષના ઉન્માદથી જે ત્યાગ કરીએ, જે પરમાર્થ કરીએ, તેનું ફળ છે. બાકી નથી. પણ આ કાળ એવો આવે છે કે બેળે બેળે આ સરકાર લઈ જશે. આપણામાં ભક્તિ પ્રગટી હોય દેશ પરત્વેની તો પ્રેમથી આપી દઈએ.

માટે હવે મારે પાંચ મિનિટની જ વાર છે. અહીં બધાં ભાઈઓએ, આ અહીંની સમિતિના બધાં ભાઈઓએ એટલી બધી મહેનત કરી છે, અમદાવાદના ભાઈઓએ, બધાંનાં નામ તો નહિ દઉં. કેટલી બધી મહેતન કરી છે આ વખતે. એટલે આ સુરતના ને બીજા બધા ભાઈઓ આવેલાને મારી પ્રાર્થના છે કે આજે તમારી અહીં આગળ સમર્પણ વિધિ કરો ને આપો ત્યારે જરા વધારો આપશો. દર વખતના જેવું કરશો નહિ. ને આ બહેનોને મારી પ્રાર્થના છે કે મારે ઘરેણાં પહેરવાં છે. ગરીબ માણસ. કોઈ દહાડો પૈસો જોયો નથી. સાહેબ તો મને આ ઘરેણાં પહેરાવો. એ ઘરેણાં સત્‌કર્મમાં સત્-કર્તવ્યમાં વપરાશે. યજ્ઞ છે આ તો. અને એક જણે મને પૂછ્યું કે **મોટા**, તમે ભક્તની વ્યાખ્યા મને આપો. મેં કહ્યું આપી દઉં. ભઈ મને વાર શી ? લાયને. તરત જ એને મોઢે ને મોઢે લખ્યુંય નહિ મેં.

*સમર્પે સર્વ જે તે કંઈ હરિને પાદ ભક્ત જે,*
*ભક્તને સારું ખોટું ના, ભક્તનાં કર્મ યજ્ઞ છે.*
*સમર્પવાનું કાંઈ ના રહે પછીથી ભક્તને,*
*એવા ભક્તનું સંપૂર્ણ જીવન યજ્ઞ ભવ્ય છે.*

ત્યારે આ બધાંને ફરીથી મારી પ્રાર્થના છે કે આ કથરોટમાં મૂકો. અહીં કોઈ ઉપર આવશો નહિ. અને મને હાર પહેરાવવાનું કૃપા

કરીને કોઈ કરશો નહિ. અને કૃપા કરીને બહેનોને પ્રાર્થના છે કે ઘરેણાં આપજો.

આ કાળ એવો આવશે કે આ ઘરેણાંય નહિ રહે. ચીનનો દાખલો લો. ચીને કહ્યું કોઈની પાસે સોનું રાખવાનું નહિ. અને ઘરમાં જો રાખ્યું હોય તો છોકરાઓ પોતાના એના બાપને ફાંસીએ લટકાવી દેતા. ત્યારે આ રાખવું સાચવેલું સચવાય નહિ એવો કાળ આવવાનો છે. હું કાંઈ ગભરાવતો બિવડાવતો નથી. પણ આ પ્રેમથી ત્યાગ કરો. અને મને આપો અને આ યજ્ઞનાં કાર્યમાં ભાગ લો.

## *મોટા*ની પ્રભુપ્રાર્થના ત્યાગી પરમાર્થીઓ માટે

આ બધાં ભાઈઓએ અમદાવાદના, વડોદરાના, બીજે ઠેકાણેનાં ભાઈઓએ-બહેનોએ આ મારે માટે જે મહેનત લીધી અને ગઈ કાલે જ મને થયું કે, હું શું બદલો આપું ? મારાથી તો કંઈ આપી શકાય એવું નથી. એટલે હું તો ભજન કરું ભગવાનને. તે ભજન કરીને મારું કહેવાનું હું પૂરું કરું છું. એટલામાં વખતેય થઈ જશે.

થયેલા ઉપકારોને પ્રભુમય ભાવના જીવન,
હૃદય ઉપસાવવા અર્થે કૃપાથી પ્રાર્થના થઈ છે.

શકું વાળી ન કોઈનો કશો બદલો બીજી રીતે,
હરિને પ્રાર્થના ભાવે કરું દિલ જ્યાં હું તે અર્થે.

અમારાથી તણખલુંયે ન તોડી કંઈ શકાશે તે,
મદદ કરવા જ સૌ પાત્ર સમર્થ માત્ર હરિ પોતે.

મદદનો યોગ્ય બદલો તે, પૂરો એ વાળી શકશે તે,
કઈ રીત ને વળી ક્યારે હરિ તે યોગ્ય જાણે છે.

પછી કહે છે, સાંભળો સાહેબ;

આ એક આપણે બધાંએ સમજી રાખવું... થતાં કર્મે. જ્યારે કર્મ થતાં હોય તે પળે exactly at that very moment પછીથી નહિ.

*થતાં કર્મે ખરેખર હો હૃદયનો ભાવ જેવો તે,*
*પ્રમાણે તે જ પરિણામ બધું નિશ્ચિત ફળતું છે.*

*થયેલા ઉપકારોને પ્રભુમય ભાવના જીવન,*
*હૃદય ઉપસાવવા અર્થે કૃપાથી પ્રાર્થના થઈ છે.*

હરિ : ૐ તત્ સત્.

॥ હરિઃૐ ॥

## જીવનમાં ગુણભાવ પ્રગટાવવાની પ્રાર્થના

### (અનુષ્ટુપ)

'આંતર-જાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને',
એવા જીવન-હેતુનું, જાગજો ભાન જો હૃદે.

આડુંઅવળું જોવાતાં, આડફંટે જવાતાં મન,
તને છે પ્રાર્થના મારીઃ 'રોકાજો તુજ તે પદ'.

કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત, જગાજો ત્યાં સફાળું તે,
પ્રસન્નચિત્ત રે'વાને મથાજો અમથી હૃદે.

ટંટો, ક્લેશ, અશાંતિથી આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર—એવી છે પ્રાર્થના તને.

કોઈને કાંઈ અન્યાય, થજો જીવનમાં નહીં,
સહેવાજો જ અન્યાય, કરેલો કોઈનો ચહી.

સદ્ભાવ હો બધાં પ્રત્યે અસૂયા, દ્વેષ, વેર તે,
જીવને મુજને ના હો, પ્રાર્થના એવી છે તને.

આગ્રહો ને મડાગાંઠો, ટેવ, સમજણો બધું,
થવા નિર્મૂળ મારાથી મથાવા પ્રેરજો પ્રભુ!

ખબરદારી, ખુમારી ને ખમીર ગુણ જીવને,
જીવતાં પ્રગટેલાં હો, એવી છે પ્રાર્થના તને.

ધૈર્ય, સાહસ ને હામ જીવનવહેવારમાં,
જીવતાં ટકજો નિત્યે, તને છે મુજ પ્રાર્થના.

ઊંડી એકાગ્રતા હૈયે, ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે, થયા સૌ કરજો ચહી.

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪. સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા, પિતા : આશારામ, અટક : ભાવસાર.

૧૯૧૬ : પિતાનું અવસાન.

૧૯૦૫ થી ૧૯૧૮ : તૂટક અભ્યાસ સાથે આકરી મજૂરી.

૧૯૧૯ : મૅટ્રિક પાસ

૧૯૧૯-૨૦ : વડોદરા કૉલેજમાં.

તા. ૬-૪-૧૯૨૧ : કૉલેજ ત્યાગ.

૧૯૨૧ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૯૨૧ : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

૧૯૨૨ : ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

૧૯૨૩ : 'તુજચરણે' તથા 'મનને'ની રચના.

૧૯૨૩ની વસંતપંચમીએ પૂ. શ્રીબાલયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

૧૯૨૬ : લગ્ન - હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

૧૯૨૭ : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ - પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

૧૯૨૮માં 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

૧૯૨૮ : પહેલી હિમાલય યાત્રા.

૧૯૨૮ : સાકુરીના પૂ. શ્રીઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

૧૯૩૦ : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

૧૯૩૦ થી ૧૯૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ - દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ - મૌન, વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું — 'જીવનગીતા'.

૧૯૩૪ : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪ થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું; ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા પર નગ્ન બેસીને સાધના; શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન – આદેશ – સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

૧૯૩૯ : ૨૯-૩-૩૯, રામનવમી, સંવત ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું.

'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

૧૯૪૦ : (તા. ૯-૯-૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

૧૯૪૧ : માતાનું અવસાન.

૧૯૪૨ : હરિજન સેવકસંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યા છાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

૧૯૪૩ : ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

૧૯૪૫ : હિમાલયની યાત્રા - અદ્‌ભુત અનુભવો.

૧૯૪૬ : હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

૧૯૫૦ : દક્ષિણ ભારતનાં કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૪ થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

૧૯૫૫ : (૨૮-૫-૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૬ : (૨૩-૪-૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

૧૯૬૨ થી ૧૯૭૫ : શરીરના અનેક રોગો – સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

૧૯૭૬ : ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા.૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતમાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવામાં સૂચના.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમેરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં, ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો! તુજ નામ પ્રિય હૈયે વસો.... ૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની.... ૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા.... ૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું,
હીરા કને જ્યમ કાચ, એવો હું સાવ નાદાન છું..... ૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **— શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે
હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા ફળ્યાની કેડી ૨૦૦૧
૭. મોટા - મારી મા ૨૦૦૩

●

## સ્મૃતિગ્રંથ

નં. પુસ્તક પ્ર.આ.
૧. જીવનસ્ફુલિંગ ૧૯૭૩

●

## સંકલિત પુસ્તકો

નં. પુસ્તક પ્ર.આ.
૧. જીવનપરાગ ૧૯૬૩
૨. સંતવાણીનું સ્વાગત ૧૯૭૭
(તમામ પુસ્તકોની
પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક)
૩. અંતિમ ઝાંખી ૧૯૭૮
૪. વિધિ-વિધાન ૧૯૮૨
૫. સુખનો માર્ગ ૧૯૮૩
૬. પ્રાર્થના ૧૯૮૪
૭. લગ્ને હજો મંગલમ્ ૧૯૮૫
૮. નિરંતર વિકાસ ૧૯૮૭
૯. સમર્પણગંગા ૧૯૮૯
૧૦. જન્મમૃત્યુના રાસ ૧૯૮૯
૧૧. નામસ્મરણ ૧૯૯૨
૧૨. શ્રીમોટા અને શિક્ષણ ૧૯૯૪
૧૩. ફનાગીરીનો નિર્ધાર ૧૯૯૬
૧૪. પૂજ્ય શ્રીમોટા વચનામૃત
૧ થી ૪ (૧ પુસ્તક) ૧૯૯૬
૧૫. પ્રસન્નતા ૧૯૯૭
૧૬. ભગતમાં ભગવાન ૨૦૦૦
૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

નં. પુસ્તક પ્ર.આ.
૧. જીવન અને કાર્ય
ભાગ-૧,૨ ૧૯૭૫
૨. પારસલીલા ૧૯૭૫
૩. તરણામાંથી મેરુ ૧૯૭૬
૪. વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ ૧૯૮૯
૫. મહામના અબ્રાહમ લિંકન ૧૯૯૩
૬. પ્રેરક વિભૂતિ મહાત્મા
ગાંધી ૧૯૯૪
૭. શ્રીકેશવાનંદજી
ધૂણીવાળા દાદા ૧૯૯૬
૮. ગોધરાના બાપજીનું
જીવનચરિત્ર ૧૯૯૮
૯. મારી સાધનાકથા ૨૦૦૫
૧૦. પૂજ્ય શ્રીમોટાના
વહાલા ઝીણાભાઈ ૨૦૦૫
૧૧. જીવન સાર્થકતાની કેડીએ ૨૦૨૦
પૂજ્ય શ્રીમોટાના વહાલા
'ભાઈ' શ્રી નંદુભાઈની
સંક્ષિપ્ત જીવનવિકાસગાથા
ભાગ-૧ અને ૨

●

## અન્ય પુસ્તકો

નં. પુસ્તક પ્ર.આ.
૧. શ્રીમોટાચરણે ૧૯૭૦
૨. બાળકોના મોટા ૧૯૮૦
૩. શ્રીમોટા ચિત્રકથા ૧૯૮૭
૪. આહુતિ મંત્ર અને આરતી ૧૯૯૫
૫. હરિઃૐ આશ્રમ
શ્રીભગવાનના
અનુભવ કાજેનું સ્થળ ૧૯૯૬
૬. કૃપાયાચના શતકમ્ ૧૯૯૬
૭. ધ્યેય અને ધ્યાન ૨૦૦૦

૮. ચિદાકાશ ૨૦૦૦
૯. પ્રાર્થના પોથી ૨૦૧૦
૧૦. શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ ૨૦૧૪
૧૧. શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ ૨૦૧૬
૧૨. શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) ૨૦૧૮
૧૩. બધું આપણામાં જ છે ૨૦૧૮
૧૪. સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા ૨૦૧૮


●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट


| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |


●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**


| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |


●

॥ હરિઃૐ ॥

મારા ગુરુમહારાજે મને કહ્યું, ભઈ, તું ચેતતો રહેજે. આ તારું શરીર ગૃહસ્થાશ્રમી છે. આ ઘેલછા-બેલછા ગમે તેમ કાઢતો નહિ. નહિતર તારું કામ બગડી જશે. આ બધાંની સાથે તારે રહેવાનું છે ને ભળવાનું. એટલે આ બધા ચેનચાળા તું કરતો નહિ. એટલે તો મારા ગુરુમહારાજની શિખામણથી હું ચાલું છું. અને કેટલાય ભાવો થાય છે, પણ હું વ્યક્ત કરતો નથી. કોઈને જણાવાય દેતો નથી.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૩-૪', ત્રીજી આ., પૃ. ૫૦*

કિંમત : રૂ. ૧૦/-